# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
બ્રિટિશ એકેડમી દ્વારા જાહેરાત કરાઈ. આલિયા 79મા બાફ્ટા એવોર્ડ સમારોહની...





પેજ-09
લેકર્સ સ્ટાર આયટન અને મારિજુઆના વિવાદ એરપોર્ટ પર તપાસ


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 21.00 |
| વડોદરા | 35.00 | 21.00 |
| સુરત | 34.00 | 22.00 |




પેજ 5 — રોબર્ટ કિયોસાકીની શેરબજાર ક્રેશ અંગે ભયાનક આગાહી


20 FEBRUARY-2026 FRIDAY


રશિયાની અમેરિકાને ખુલ્લી ચેતવણી ઈરાન પર હુમલો એટલે વિનાશ — પેજ 10




**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 82498.14 | ▼ | 1236.11 |
| નિફ્ટી | 25454.35 | ▼ | 365.00 |
| સોનું | 154700.00 | ▼ | 119.00 |
| ચાંદી | 241400.00 | ▲ | 7.00 |


વર્ષ-15 । અંક-100 । વિક્રમ સંવત-2082 । ફાગણ સુદ-03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## દીપ અને કામેશ્વર બિલ્ડરની બેનામી દસ્તાવેજોની તપાસ શરૂ

# અમદાવાદમાં બિલ્ડરો પર ITના દરોડા

### 17 કરોડ કેશ, 35 કરોડનું સોનું મળ્યું, બેનામી વ્યવહારો છુપાવવા હવાલા નેટવર્કનો ઉપયોગ

(એજન્સી) અમદાવાદ । તા. 19

અમદાવાદમાં આવકવેરા વિભાગે શહેરના જાણીતા બિલ્ડર દીપ અને કામેશ્વર ગ્રુપના સંચાલકો પર મોટા પાયે દરોડા પાડ્યા છે. તપાસ દરમિયાન 60 બેંક લોકરમાંથી અત્યાર સુધીમાં 50 લોકર ખોલવામાં આવ્યા છે, જેમાંથી 17 કરોડ રૂપિયાની રોકડ અને લગભગ 35 કરોડ રૂપિયાના સોના-દાગીના જપ્ત કરવામાં આવ્યા છે. ઈન્કમટેક્સ વિભાગના સૂત્રોએ જણાવ્યું કે, બાકીના 10 લોકરની તપાસ પૂર્ણ થતાં વધુ મોટી રોકડ અને મૂલ્યવાન વસ્તુઓ મળી શકે છે. તપાસ દરમિયાન મળેલા દસ્તાવેજોમાં બેનામી મિલકતો, હવાલા લેવડદેવડ અને અન્ય નાણાકીય અનિયમિતતાઓના પુરાવા મળી આવ્યા છે. આઈટી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર બિલ્ડરો દ્વારા બેનામી નામે મોટા પાયે જમીન-મિલકતો ખરીદવામાં આવી હતી અને રોકડના વ્યવહારો છુપાવવા માટે હવાલા નેટવર્કનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ તપાસમાં મળેલા દસ્તાવેજોનું વિગતવાર વિશ્લેષણ ચાલુ છે, જેના આધારે આગામી દિવસોમાં વધુ મોટા ખુલાસાઓ થઈ શકે છે.

**50 લોકર ખોલાતા 17 કરોડ રૂપિયાની રોકડ મળી** | આ દરોડા અમદાવાદના રિયલ એસ્ટેટ સેક્ટરમાં ભારે ખળભળાટ મચાવી રહ્યા છે. આઈટી વિભાગે આ કાર્યવાહીને “બેનામી સંપત્તિ અને કાળા નાણાંના વ્યવહારો પર કડક કાર્યવાહી” તરીકે વર્ણવી છે. બિલ્ડરોના પરિવારના સભ્યો અને સંબંધિત વ્યક્તિઓના નિવેદનો લેવાની પ્રક્રિયા પણ ચાલુ છે. આ કેસમાં આગામી દિવસોમાં વધુ ધરપકડ અને કાર્યવાહીની શક્યતા સેવાઈ રહી છે. આ દરોડા અમદાવાદના રિયલ એસ્ટેટ સેક્ટરમાં ભારે ખળભળાટ મચાવી રહ્યા છે. આઈટી વિભાગે આ કાર્યવાહીને “બેનામી સંપત્તિ અને કાળા નાણાંના વ્યવહારો પર કડક કાર્યવાહી” તરીકે વર્ણવી છે. બિલ્ડરોના પરિવારના સભ્યો અને સંબંધિત વ્યક્તિઓના નિવેદનો લેવાની પ્રક્રિયા પણ ચાલુ છે.

**PM મોદી સાથે એડવાન્સ ટેક પર કરી ચર્ચા**

## અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સનું દિલ્હીમાં થયું આગમન

### ભારત-યુએઇ એઆઇ ક્ષેત્રે ક્રાંતિ લાવશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

દિલ્હીમાં યોજાઈ રહેલા ‘એઆઈ ઈમ્પેક્ટ સમિટ-2026’ વિશ્વભરમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. વિશ્વભરના અનેક નેતાઓ, ઉદ્યોગપતિઓ પણ સમિટની મુલાકાત લઈને અભિભૂત થઈ રહ્યા છે. તાજેતરમાં જ ગુગલના સીઈઓ સુંદર પિચાઈએ સમિટની મુલાકાત લીધી હતી, ત્યારે હવે અબુધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સમિટમાં ભાગ લેવા માટે દિલ્હી આવ્યા છે. તેમણે દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય મુલાકાત કરી છે. જેનાથી ભારત-યુએઈ વચ્ચે ટેકનોલોજીના નવા યુગનો




પ્રારંભ થયો છે. વડાપ્રધાન મોદીએ અબુધાબીના ક્રાઉન પ્રિન્સ સાથે મુલાકાત અંગે ટ્વિટ કરીને માહિતી આપી છે. તેમણે લખ્યું છે કે, ‘દિલ્હીમાં એઆઈ ઈમ્પેક્ટ સમિટ દરમિયાન અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ ખાલિદ બિન મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સાથે ફળદાયી ચર્ચા થઈ.

**AI સમિટમાં મુકેશ અંબાણીની મોટી જાહેરાત**

## જિયો-રિલાયન્સ 7 વર્ષમાં 10 લાખ કરોડનું રોકાણ કરશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

નવી દિલ્હી ભારત મંડપમમાં ચાલી રહેલા ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ 2026ના ચોથા દિવસે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના MD મુકેશ અંબાણીએ ભારતને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના યુગમાં લઈ જવા માટે મોટું એલાન કરતાં કહ્યું કે, ‘Jio અને રિલાયન્સ આવનાર સાત વર્ષમાં 10 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ રોકાણ AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડેટા સેન્ટર્સ અને ઘરેલું (ઈન-હાઉસ) AI મોડલ વિકસાવવા પર ખર્ચવામાં આવશે. જેનાથી ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સંપૂર્ણ તસવીર બદલી જશે. આ સટ્ટાબાજીવાળું રોકાણ નથી પણ રાષ્ટ્ર નિર્માણ માટે રોકવામાં આવેલી શિસ્તબદ્ધ પૂંજી



છે. જે દશકો સુધી સ્થાયી આર્થિક મૂલ્ય અને રણનૈતિક મજબૂતી ઉભી રાખશે.’ મુકેશ અંબાણીએ સમિટના સંબોધન દરમિયાન AIના ભવિષ્ય પર પણ જોર આપતા કહ્યું કે, ‘AIનો સૌથી સારો સમય આવવાનો બાકી છે, એઆઈ ટેકનિક્સ ભારતમાં સૌથી વધુ સમૃદ્ધિ અને અવસરો ઉભા કરી નવો યુગ લાવી શકે છે.’ તેમણે દુનિયામાં ચાલી રહી ચર્ચાઓને ટાંકીને કહ્યું કે, ‘શું AIની તાકાત કોઈ લોકોના હાથમાં સમેટાઇ જશે કે પછી તમામ માટે અવસરનું માધ્યમ બનશે.







કોર્પોરેશનની સ્કૂલોમાં AIથી ભણાવીએ છીએ, તો કોંગ્રેસે પૂછી લીધું કે કેટલા કોર્પોરેટરોના અને તેમના પડોશીના છોકરા ભણે છે?, 102 શાળામાં તો શૌચાલય પણ નથી

# સ્કૂલ બોર્ડની ચર્ચામાં ભાજપ-કોંગ્રેસ આમને-સામને:દાણી બોલ્યા 'AIથી ભણાવીએ છીએ'; કોંગ્રેસે પૂછ્યું- તમારા છોકરા ભણે છે...?

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વર્ષ 2026-27ની બજેટલક્ષી સભા બેઠક આજે (19 ફેબ્રુઆરી)ના રોજ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસ દાણાપીઠ ખાતે યોજાઇ રહી છે. આજે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ, વીએસ હોસ્પિટલ, AMTS અને માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલયના બજેટ પર ચર્ચા કરવામાં આવશે. સવારે 9:45 વાગ્યાથી બજેટ બેઠક શરૂ થઈ હતી. બેઠકમાં ભાજપ અને કોંગ્રેસના કોર્પોરેટરો હાજર છે. બેઠકની શરૂઆતમાં કેટલાક કોર્પોરેટરોની ગેરહાજરી પણ જોવા મળી છે. મેયર પ્રતિભા જૈને ચારેય બજેટ બેઠક પર ચર્ચા કરવા અંગેની મંજૂરી આપી હતી. સ્કૂલ બોર્ડની ચર્ચામાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓ આમને-સામને આવી ગયા હતા. સ્ટેન્ડિંગ ચેરમેન દેવાંગ દાણી બોલ્યા કે કોર્પોરેશનની સ્કૂલોમાં AIથી ભણાવીએ છીએ, તો કોંગ્રેસે પૂછી લીધું કે કેટલા કોર્પોરેટરોના અને તેમના પડોશીના છોકરા ભણે છે?, 102 શાળામાં તો શૌચાલય પણ નથી. બજેટ બેઠકની સૌપ્રથમ શરૂઆત સ્કૂલ બોર્ડના બજેટ પર ચર્ચાથી શરૂ કરવામાં આવી છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્કૂલ બોર્ડની સ્કૂલો ખાનગી સ્કૂલો કરતા ખૂબ સારી અને સ્માર્ટ સ્કૂલો બની ગઈ છે. મધ્યમવર્ગીય પરિવારમાંથી આવતા બાળકોને સ્માર્ટ રૂમ, લેબોરેટરી, પ્લેગ્રાઉન્ડ સહિતની સારી સુવિધાઓ સાથે શિક્ષણ મળે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે પ્રવેશોત્સવ શરૂ કરવામાં આવ્યો હતો. આજે ખાનગી શાળામાંથી બાળકો હવે સરકારી શાળામાં અભ્યાસ કરવા માટે એડમિશન લઈ રહ્યા છે અને તેમાં પણ વેઈટિંગ હોય છે. સ્કૂલ બોર્ડના બાળકોને પાયાનું શિક્ષણ મળે છે. પાણી, ટ્રાફિક સહિતની અનેક બાબતો શીખવાડવામાં આવી રહી છે. બાળકોને લીડરશીપના ગુણ આપવામાં આવે છે. આજના આધુનિક જમાનામાં AI ટેક્નોલોજી પણ શીખવાડવામાં આવે છે. સ્કૂલ બોર્ડના બજેટની ચર્ચા દરમિયાન 70 વર્ષના કોંગ્રેસના શાસનમાં શું હતું.



## યુનિફોર્મ પાછળ 1 કરોડથી વધુનો ખર્ચ પણ એક પણ વિદ્યાર્થીને આપ્યો નથી: જગદીશ રાઠોડ

સ્કૂલ બોર્ડ બજેટ પર ચર્ચા કરતા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિપક્ષના દંડક અને અમરાઈવાડી વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટર જગદીશ રાઠોડે જણાવ્યું હતું કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બજેટમાં કરોડો રૂપિયાની જાહેરાતો કરવામાં આવે છે, પરંતુ ખર્ચ કરવામાં આવતો નથી. વર્ષ 2024-25માં યુનિફોર્મ પાછળ એક કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જોકે ચાલુ વર્ષે વર્ષ 2025- 26માં એક પણ યુનિફોર્મ બાળકોને આપવામાં આવ્યા નથી જે ખૂબ જ શરમની વાત છે. શહેરમાં 453 જેટલી શાળાઓ આવેલી છે જેમાં અત્યારે 1.72 લાખ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

# અમદાવાદના શહેરકોટડામાં SMCના દરોડા, 3 લાખના હશીશ સાથે બે શખસો ઝડપાયા

અમદાવાદ | અમદાવાદના પૂર્વ વિસ્તારમાં નશીલા પદાર્થોના વેચાણ પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)એ લાલ આંખ કરી છે. શહેરકોટડા પોલીસ સ્ટેશનની હદમાં ગતમોડી રાત્રે ઓપરેશન હાથ ધરી પોલીસે લાખોની કિંમતનું 'હશીશ' જપ્ત કરી બે આરોપીઓની ધરપકડ કરી છે. સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતા વચ્ચે ગાંધીનગરની ટીમ દ્વારા કરવામાં આવેલા આ દરોડાથી પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે. મળતી માહિતી અનુસાર, SMCને મળેલી ચોક્કસ બાતમીના આધારે શહેરકોટડા વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ ઓપરેશન દરમિયાન 1.456 કિલોગ્રામ હશીશનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. જેની અંદાજે 3,64,000 રૂપિયાની કિંમતનું ડ્રગ્સ અને અન્ય સાધનો મળી કુલ 4,43,240નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે આ કેસમાં ડ્રગ્સની હેરાફેરી કરતા ઉત્તર પ્રદેશના રામમૂરત ચમાર અને કુબેરનગરના રાકેશ ઉર્ફે રોકીની ધરપકડ કરી છે, જ્યારે અયોધ્યાના વિજયકુમાર વિશ્વકર્માને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ જથ્થો અમદાવાદના સ્થાનિક સપ્લાયર્સને પહોંચાડવાનો હતો. આ વિસ્તાર ફરી એકવાર વિવાદોના કેન્દ્રમાં આવ્યો છે. અગાઉ અહીં દારૂના મામલે બે પોલીસકર્મીઓ વચ્ચે થયેલી મારામારીનો કિસ્સો છેક ગૃહ મંત્રાલય સુધી પહોંચ્યો હતો. થોડા સમય પહેલા PCB એ અહીંથી દારૂનો જથ્થો પકડ્યો હતો અને હવે SMC એ ડ્રગ્સ પકડ્યું છે.




## જના સ્મોલ ફાઇનાન્સ બેંક
(એક શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)

રજિસ્ટર્ડ ઓફિસ: ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં.૧૦/૧, ૧૧/૨ અને ૧૨/૨બી, ડોમલુરની બહાર, કોરામંગલા ઈનર રિંગ રોડ, ઈજીએલ બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગ્લોર-૫૬૦૦૭૧. પ્રાદેશિક શાખા ઓફિસ: ગ્રાઉન્ડ ફ્લોર, બીજો માળ, શાંગરીલા આર્કેડ, સારસ્વત બેંકની ઉપર, ૧૦૦ ફૂટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૫.

### સરફેસી અધિનિયમ, 2002ની કલમ 13(2) હેઠળ માંગણી સૂચના

જ્યારે તમે નીચે જણાવેલ દેવાદારો, સહ-દેવાદારો, જામીનદારો અને ગીરોકર્તાઓએ જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ પાસેથી તમારી સ્થાવર મિલકતો ગીરો મૂકીને લોન લીધી છે. તમારા દ્વારા કરવામાં આવેલી ચુકવણીમાં કસૂરને કારણે, તમારા લોન ખાતાને 'નોન-પરફોર્મિંગ એસેટ' (NPA) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે, જ્યારે જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ આ કાયદા હેઠળ સુરક્ષિત લેણદાર હોવાથી, અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ના નિયમ 2 સાથે વંચાણે લેતા કાયદાની કલમ 13(2) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, કોલમ નં. 2 માં ઉલ્લેખિત દેવાદારો/ સહ-દેવાદારો/ જામીનદારો/ ગીરોકર્તાઓને નોટિસની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ભવિષ્યના વ્યાજ સાથે ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ જારી કરી છે, પરંતુ વિવિધ કારણોસર તેમનામાંથી કેટલાકને નોટિસો બજાવી શકાઈ નથી.

| ક્ર. નં. | ઉધાર લેનાર/સહ-ઉધાર લેનાર/જામીન આપનાર/ ગીરો આપનારનું નામ | લોન એકાઉન્ટ નંબર અને લોનની રકમ | લાગુ કરવામાં આવનાર સુરક્ષાની વિગતો | NPAની તારીખ અને માંગણી નોટિસની તારીખ | બાકી રકમ રૂ. માં / તારીખ મુજબ |
|---|---|---|---|---|---|
| 1. | (૧)અંકુશ સુભાષભાઈ જૈન (૨)મંજુબેન સુભાષભાઈ જૈન | લોન ખાતા નંબર 45169420000690 લોન રકમ: રૂ.17,85,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ-ડિસ્ટ્રિક્ટ અમદાવાદના મોજે વસ્ત્રાલ, તાલુકો વટવા, સર્વે નં. 908/2 ના ટી.પી. સ્કીમ નં. 106 ના ફાયનલ પ્લોટ નં. 44/2/2 પર આવેલ 'યોગેશ્વર રેસીડેન્સી' નામની સ્કીમમાં પ્રથમ માળે આવેલ ફ્લેટ નં. B-103 (પ્લાન મુજબ ફ્લેટ નં. 03), આશરે 60.472 ચો.મી. બિલ્ટ અપ એરિયા અને 20.30 ચો.મી. અવિભાજિત જમીનનો હિસ્સો. સીમાઓ: પૂર્વે: બાલ્કની, પશ્ચિમે: ફ્લેટ નં. B/106, ઉત્તરે: ફ્લેટ નં. B/104, દક્ષિણે: ફ્લેટ નં. B/102. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 18,40,110/- (અઢાર લાખ ચાલીસ હજાર એકસો દસ રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 2. | (1)ચંદન કુમાર (2)પ્રિયંકા કુમારી | લોન ખાતા નંબર 31029420004667 લોન રકમ: રૂ.11,00,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: સુરત શહેરના મોજે છાપરાભાઠા, રેવન્યુ સર્વે નં. 50/3, ટી.પી. સ્કીમ નં. 70, ફાયનલ પ્લોટ નં. 32, બ્લોક નં. 68 પૈકી પ્લોટ નં. 9 અને 10 પર આવેલ 'યોગીકૃપા સોસાયટીના સમૃદ્ધિ એપાર્ટમેન્ટ' માં બીજા માળે આવેલ ફ્લેટ નં. 205, ક્ષેત્રફળ 42.24 ચો.મી. બિલ્ટ અપ એરિયા, જમીનના અવિભાજિત હિસ્સા સાથે. સીમાઓ: પૂર્વે: રામદેવ કોમ્પ્લેક્સ, પશ્ચિમે: મકાન, ઉત્તરે: કૃષ્ણા કોમ્પ્લેક્સ, દક્ષિણે: જલારામ એપાર્ટમેન્ટ. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 11,34,000/- (અગિયાર લાખ ચોત્રીસ હજાર રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 3. | (1)ચૌહાણ કોડીબેન પર્વતભાઈ (2)ચૌહાણ અલ્પેશકુમાર | લોન ખાતા નંબર 31800440000183 લોન રકમ: રૂ.4,50,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: જિલ્લો ખેડા, સબ ડિસ્ટ્રિક્ટ કપડવંજ, મોજે લેતર, ચૌહાણ ફળીયું, રામદેવ મંદિર પાસે આવેલ ગ્રામ પંચાયત મિલકત નં. 120, ક્ષેત્રફળ 480.00 ચો. ફૂટ (40-12). સીમાઓ: પૂર્વે: રોડ, પશ્ચિમે: રોડ, ઉત્તરે: કાનસિંહનું મકાન, દક્ષિણે: સુરેશભાઈનું મકાન. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 1,79,046/- (એક લાખ ઓગણએંસી હજાર છેતાલીસ રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 4. | (1)ચૌહાણ સમીર આયુબભાઈ (2)ચૌહાણ ચાંદબીબી આયુબભાઈ (3)ચૌહાણ ઐયુબભાઈ કયામભાઈ | લોન ખાતા નંબર 45189420004871 લોન રકમ: રૂ.14,24,574/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: મોજે દિવાળીપુરા, જિલ્લો વડોદરા, જુના સર્વે નં. 254, બ્લોક/ સર્વે નં. 172 પૈકી, ક્ષેત્રફળ 8144.50 ચો.મી., સી.એસ. નં. NA 172 પૈકી/9 પર આવેલ 'આરઝુ બંગલોઝ' માં પ્લોટ/બ્લોક નં. A/5, પ્લોટ વિસ્તાર 46.39 ચો.મી., રોડ અને કોમન પ્લોટનો હિસ્સો 45.34 ચો.મી., કુલ વિસ્તાર 92.73 ચો.મી., બાંધકામ 55.38 ચો.મી. સીમાઓ: પૂર્વે: બ્લોક નં. 172, પશ્ચિમે: 9.00 મીટર રોડ, ઉત્તરે: પ્લોટ/બ્લોક નં. A/4, દક્ષિણે: પ્લોટ/બ્લોક નં. A/6. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 13,43,591/- (તેર લાખ તેતાલીસ હજાર પાંચસો એકાણું રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 5. | (1)ધરોલિયા મનોજભાઈ કેશુભાઈ, (2)ધરોલિયા નીતિનભાઈ કેશુભાઈ (3) ધરોલિયા અંજુબેન કેશુભાઈ, (4) ધરોલિયા રણજીતભાઈ કેશુભાઈ | લોન ખાતા નંબર 31489420002672 લોન રકમ: રૂ.12,80,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: બોટાદ આર.એસ. નં. 425/1 પૈકી 2, પૈકી પ્લોટ નં. 1 પૈકી મધ્ય ભાગની જમીન, ક્ષેત્રફળ 56.00 ચો.મી., નગરપાલિકા હદમાં, તાલુકો-બોટાદ, જિલ્લો બોટાદ. અંજુબેન કેશુભાઈ ધરોલીયાની માલિકીની. સીમાઓ: ઉત્તરે: પ્લોટ નં. 1 પૈકી અન્ય જમીન, દક્ષિણે: પ્લોટ નં. 1 પૈકી અન્ય જમીન, પૂર્વે: 6.00 મીટર પહોળો રોડ, પશ્ચિમે: પ્લોટ નં. 6. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 13,04,809/- (તેર લાખ ચાર હજાર આઠસો નવ રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 6. | (1)ગાડરીયા શિવમમહેશભાઈ (2)પાયલ પાલ (3)ગડરીયા વિનોદકુમાર કનૈયાલાલ (4) ગડરીયા નિર્મલાબેન સૂર્યકાંતભાઈ (5)ગાડરીયા મહેશ કનૈયાલાલ | લોન ખાતા નંબર 51819420000134 લોન રકમ: રૂ.22,00,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: દાહોદ શહેર, તાલુકો અને જિલ્લો દાહોદ, સીટી સર્વે નં. 4439 વાળી સ્થાવર મિલકત, ક્ષેત્રફળ 76.92.39 ચો.મી. બાંધકામ વાળી મિલકત. સીમાઓ: પૂર્વે: રોડ, પશ્ચિમે: સી.એસ. નં. 4428, ઉત્તરે: સી.એસ. નં. 4438, દક્ષિણે: સી.એસ. નં. 4440. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 17,88,377/- (સત્તર લાખ અઠ્યાસી હજાર ત્રણસો સિત્યોતેર રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 7. | (1)હર્ષદકુમાર ચંદુભાઈ હઠીલા (2)પુનમબેન હર્ષદકુમાર હઠીલા | લોન ખાતા નંબર 51810430000787 લોન રકમ: રૂ.5,00,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: તાલુકો અને જિલ્લો દાહોદ, મોજે રબદાલ, ભરવાડ ફળીયું, રૂરલ પોલીસ સ્ટેશનની સામે, ગ્રામ પંચાયત મિલકત/મકાન નં. 1747, ક્ષેત્રફળ 33 x 33 એટલે કે 1089 ચો. ફૂટ ખુલ્લી જમીન બાંધકામ સાથે. સીમાઓ: પૂર્વે: માળી રાકેશભાઈ મનુભાઈનું મકાન, પશ્ચિમે: ભેરુભાઈની દુકાન, ઉત્તરે: ખુલ્લી જમીન, દક્ષિણે: ખુલ્લી જમીન. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 4,77,533/- (ચાર લાખ સિત્યોતેર હજાર પાંચસો તેત્રીસ રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 8. | (1)હિતેશભાઈ જીવરાજભાઈ મકવાણા (2)અંજુબેન મકવાણા | લોન ખાતા નંબર 45190430000382 લોન રકમ: રૂ.5,00,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: ગામ-આંબલા, તાલુકો-સિહોર, જિલ્લો ભાવનગર ખાતે આવેલ મકાન નં. 1576, 1572, જમીન વિસ્તાર આશરે 121.98 ચો.મી. અને બાંધકામ વિસ્તાર આશરે 80.92 ચો.મી. સીમાઓ: પૂર્વે: 3 ફૂટ પહોળો રોડ, પશ્ચિમે: અશોકભાઈ ભીમજીભાઈની મિલકત, ઉત્તરે: વિઠ્ઠલભાઈ ભગવાનભાઈની મિલકત, દક્ષિણે: પહોળો રોડ. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 5,00,475/- (પાંચ લાખ ચારસો પંચોતેર રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 9. | (1)જયેશકુમાર લાલચંદભાઈ પ્રજાપતિ (2) પુષ્પાબેન લાલચંદભાઈ પ્રજાપતિ | લોન ખાતા નંબર 31799610000589 લોન રકમ: રૂ. 12,00,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: ગામ-હિંમતનગર, તાલુકો હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા, ગર્થલી જમીન પરના સીટી સર્વે નં. 26/03/A/05 વાળી બિનખેતીની રહેણાંક મિલકત, 'રઘુકુલ એપાર્ટમેન્ટ', બ્લોક નં. A, ફ્લેટ નં. 305 (ત્રીજો માળ), ક્ષેત્રફળ 50.80 ચો.મી. સીમાઓ: ઉત્તરે: એપાર્ટમેન્ટનો પેસેજ, દક્ષિણે: ફ્લેટ નં. A-306, પૂર્વે: ફ્લેટ નં. A-304, પશ્ચિમે: ફ્લેટ નં. A-308. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 12,22,149/- (બાર લાખ બાવીસ હજાર એકસો ઓગણપચાસ રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 10. | (1)ઝા આશુતોષકુમાર રામજીભાઈ (2)ઝા રામજીભાઈ મહંથ (3)ઝા મંજુદેવી રામજી | લોન ખાતા નંબર 45249420005398 લોન રકમ: રૂ. 24,20,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: સુરત શહેર, મોજે ગામ ડીંડોલી, રેવન્યુ સર્વે નં. 87, બ્લોક નં. 145, ટી.પી. સ્કીમ નં. 69 (ગોડાદરા-ડીંડોલી), ફાયનલ પ્લોટ નં. 130 પર આવેલ 'મંગલમ પાર્ક' ના 'ઉમા પાર્ક' માં મંજૂર પ્લાન મુજબ બિલ્ડીંગ-U માં પાંચમા માળે આવેલ ફ્લેટ નં. 501, કાર્પેટ એરિયા 59.50 ચો.મી. (RERA મુજબ 60.90 ચો.મી.) અને બિલ્ટ અપ એરિયા 65.61 ચો.મી., બાલ્કની અને વોશ એરિયા સાથે. સીમાઓ: પૂર્વે: બિલ્ડીંગ-G, પશ્ચિમે: બિલ્ડીંગ-T, ઉત્તરે: બિલ્ડીંગ-I, દક્ષિણે: બિલ્ડીંગ-R. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 22,73,577/- (બાવીસ લાખ સિત્યોતેર હજાર પાંચસો સિત્યોતેર રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 11. | (1)નરેશકુમાર મગનભાઈ સોલંકી (2)જશીબેન મગનભાઈ સોલંકી (3) સુરજકુમાર નરેશભાઈ સોલંકી | લોન ખાતા નંબર 31790430000640 લોન રકમ: રૂ.3,70,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: ગામ-બાંખોર, તાલુકો હિંમતનગર, જિલ્લો સાબરકાંઠાની ગામતળ જમીન પર આવેલ મિલકત નં. 288, મકાન નં. 220, ક્ષેત્રફળ 60.00 ચો.મી. સીમાઓ: ઉત્તરે: કાંતિભાઈ પૂંજાભાઈ સોલંકીનું મકાન, દક્ષિણે: ખુલ્લી જગ્યા, પૂર્વે: હસમુખભાઈ મગનભાઈ સોલંકીનું મકાન, પશ્ચિમે: સી.સી. રોડ. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 3,57,359/- (ત્રણ લાખ સત્તાવન હજાર ત્રણસો ઓગણસાઠ રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 12. | (1)પ્રજાપતિ મેહુલકુમાર કાંતિભાઈ (2) પ્રજાપતિ કાંતિભાઈ પશાવાભાઈ | લોન ખાતા નંબર 51810430000965 લોન રકમ: રૂ.5,00,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: દાહોદ પિનકોડ 389130, સિંગવડ ખાતે નીચવાસ બજાર ફળીયામાં આવેલ ગ્રામ પંચાયત મિલકત નં. 278, મકાન નં. 259, ક્ષેત્રફળ 80 x 11 એટલે કે 880 ચો. ફૂટ ખુલ્લી જમીન અને બાંધકામ. સીમાઓ: પૂર્વે: ગીરીશભાઈ છગનભાઈ પ્રજાપતિનું મકાન, પશ્ચિમે: દિનેશભાઈ પસવાભાઈ પ્રજાપતિનું મકાન, ઉત્તરે: દિનેશભાઈ પસવાભાઈ પ્રજાપતિનું મકાન, દક્ષિણે: રોડ. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 4,84,084/- (ચાર લાખ ચોર્યાસી હજાર ચોર્યાસી રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 13. | (1)રાકેશ કુમાર (2)છતરસિંહ | લોન ખાતા નંબર 30979610000540 લોન રકમ: રૂ. 10,48,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: અમદાવાદના મોજે વટવા, તાલુકો વટવા, ટી.પી. સ્કીમ નં. 88 ના ફાયનલ પ્લોટ નં. 52/1 પૈકીની બિનખેતીની જમીન પર આવેલ 'ઉત્સવ વટવા' સ્કીમમાં ચોથા માળે આવેલ ફ્લેટ નં. B/405, કાર્પેટ એરિયા 29.07 ચો.મી. બાલ્કની અને વોશ એરિયા સાથે આશરે 65 ચો. વાર (સુપર બિલ્ટ-અપ) અને 13.14 ચો.મી. અવિભાજિત જમીન. સીમાઓ: પૂર્વે: ફ્લેટ નં. B/406, પશ્ચિમે: ફ્લેટ નં. B/404, ઉત્તરે: માર્જિન સ્પેસ, દક્ષિણે: ફ્લેટ નં. B/402. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 10,64,560/- (દસ લાખ ચોસઠ હજાર પાંચસો સાઠ રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 14. | (1)શેખ વસીમ સબ્બીરભાઈ (2)શેખ આયશાબાનુ વસીમ | લોન ખાતા નંબર 31809420001027 લોન રકમ: રૂ. 14,00,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: જિલ્લો ખેડા, સબ-ડિસ્ટ્રિક્ટ નડિયાદ, મોજે નડિયાદ ચકલાસી પાર્ટ, રેવન્યુ સર્વે નં. 1918/1-2 પૈકી પ્લોટ નં. 81, ક્ષેત્રફળ 39.36 ચો.મી. સીટી સર્વે નં. ??/1918/1-2/1. સીમાઓ: પૂર્વે: પ્લોટ નં. 80, પશ્ચિમે: પ્લોટ નં. 82, ઉત્તરે: સોસાયટીનો 6.00 મીટર રોડ, દક્ષિણે: પ્લોટ નં. 96 ની મિલકત. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 14,00,272/- (ચૌદ લાખ બસો બોંતેર રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 15. | (1)સોલંકી લક્ષ્મણભાઈ ચતુરભાઈ (2)સોલંકી પ્રહલાદભાઈ | લોન ખાતા નંબર 31800440000220 લોન રકમ: રૂ.5,00,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: જિલ્લો ખેડા, સબ ડિસ્ટ્રિક્ટ કપડવંજ, મોજે-અંત્રોલી ગ્રામ પંચાયત મિલકત નં. 2815, મકાન નં. 11/28/1, ક્ષેત્રફળ 480.00 ચો. ફૂટ (40*12). સીમાઓ: પૂર્વે: દિનેશભાઈ શાનાભાઈનું મકાન, પશ્ચિમે: રોડ, ઉત્તરે: રોડ/ દલપતસિંહ ગંગાજી સોલંકીનું મકાન, દક્ષિણે: ફુલાજી દહ્યાજીનું મકાન. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 1,79,011/- (એક લાખ ઓગણએંસી હજાર અગિયાર રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 16. | 1)સુષ્મા દેવી (2)મુન્ના કુમાર (3)રાજુ મહતો | લોન ખાતા નંબર 45259610000271 લોન રકમ: રૂ.7,65,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: સુરત જિલ્લાના પલસાણા સબ-ડિસ્ટ્રિક્ટના મોજે બગુમરા, રેવન્યુ સર્વે નં. 208, બ્લોક નં. 275 પર આવેલ 'સાઈવાટિકા રો હાઉસ વિભાગ-2' ના પ્લોટ નં. A/20 થી A/24 પૈકીની જમીન પર બનેલ 'બાલાજી કોમ્પ્લેક્સ' ના બિલ્ડીંગ-B માં પ્રથમ માળે આવેલ ફ્લેટ નં. 102, સુપર બિલ્ટ-અપ એરિયા 635 ચો. ફૂટ (59.01 ચો.મી.) અને બિલ્ટ-અપ એરિયા 381 ચો. ફૂટ (35.40 ચો.મી.). સીમાઓ: પૂર્વે: C.O.P., પશ્ચિમે: સોસાયટીનો આંતરિક રોડ, ઉત્તરે: સોસાયટીનો આંતરિક રોડ, દક્ષિણે: બિલ્ડીંગ-A. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 7,98,260/- (સાત લાખ અઠ્ઠાણું હજાર બસો સાઠ રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 17. | (1)વસૈયા રસીકભાઈ ચેતનભાઈ (2)વસૈયા વલીબેન રસીકભાઈ | લોન ખાતા નંબર 51810430000913 લોન રકમ: રૂ.04,60,000/- | ગીરો મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: ફ્રી હોલ્ડ સ્થાવર ગ્રામ પંચાયત મિલકત નં. 1006280 (જૂનો નં. 280), ક્ષેત્રફળ 840.00 ચો. ફૂટ (78.04 ચો. મીટર) ખુલ્લી જમીન અને બાંધકામ વાળી મિલકત, જે ગામ-મુવાડા, ભોજા ફળીયું, ઝાલોદ, તા-ઝાલોદ, જી-દાહોદ ખાતે આવેલી છે. જેની સીમાઓ: પૂર્વે: માલિકની પોતાની મિલકત, પશ્ચિમે: રોડ, ઉત્તરે: B.S.N.L. ઓફિસ, દક્ષિણે: માલિકની પોતાની મિલકત. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 4,56,339/- (ચાર લાખ છપ્પન હજાર ત્રણસો ઓગણચાલીસ રૂપિયા પૂરા) 09/02/2026 ના રોજ મુજબ |
| 18. | (1)M/S જી બી ટ્રેડ અને જરી પાર્ટનર પેઢી શ્રીમતી કમલાબેન હરીભાઈ સુખડીયા, શ્રીમતી. વર્ષાબેન પરેશભાઈ સુખડીયા, શ્રી. પરેશભાઈ હરીભાઈ સુખડીયા (2)શ્રીમતી કમલાબેન હરીભાઈ સુખડીયા (3)શ્રીમતી વર્ષાબેન પરેશભાઈ સુખડીયા (4)શ્રી પરેશભાઈ હરીભાઈ સુખડીયા | લોન ખાતા નંબર 45258640000162 લોન રકમ: રૂ.1,95,14,000/- | મિલકત-1: મોજે ગામ સરીગામ, તાલુકો ઉમરગામ, જીલ્લો વલસાડ, રેવન્યુ સર્વે નં. 233/1/પૈકી 6/પૈકી 2, ક્ષેત્રફળ 0-14-50 ચો. મીટર વાળી બિનખેતીની જમીન પર આવેલ 'માધવ એવન્યુ' ના પ્રથમ માળે આવેલી દુકાન નં. A-F-03 અને ગ્રામ પંચાયત મકાન નં. 10237, સુપર બિલ્ટ અપ એરિયા આશરે 540.00 ચો. ફૂટ (50.18 ચો. મીટર). સીમાઓ: પૂર્વે: દુકાન નં. A-F-02, પશ્ચિમે: દુકાન નં. A-F-04, ઉત્તરે: ભિલાડ-સરીગામ રોડ અને પાર્કિંગ, દક્ષિણે: ફ્લેટ નં. A-101. મિલકત-2: ઉપરોક્ત જ સ્કીમમાં પ્રથમ માળે આવેલી દુકાન નં. A-F-07 અને ગ્રામ પંચાયત મકાન નં. 10241, સુપર બિલ્ટ અપ એરિયા આશરે 540.00 ચો. ફૂટ (50.18 ચો. મીટર). સીમાઓ: પૂર્વે: દુકાન નં. A-F-06, પશ્ચિમે: દુકાન નં. A-F-08, ઉત્તરે: ભિલાડ-સરીગામ રોડ અને પાર્કિંગ, દક્ષિણે: ફ્લેટ નં. A-102. મિલકત-3: સુરત શહેરના મોજે ગામ ભરથાણા-વેસુ, બ્લોક નં. 208/A અને 208/B, ટી.પી. સ્કીમ નં. 13 ના ફાયનલ પ્લોટ નં. 127 અને 128 પર આવેલ 'રામેશ્વરમ પેલેસ - બિલ્ડીંગ નં. B' માં 9મા માળે આવેલ ફ્લેટ નં. 901, બિલ્ટ અપ એરિયા આશરે 2198 ચો. ફૂટ (204.275 ચો. મીટર) અને અવિભાજિત જમીનનો હિસ્સો 80.70 ચો. મીટર. સીમાઓ: પૂર્વે: સોસાયટી રોડ, પશ્ચિમે: ફ્લેટ નં. B-902, ઉત્તરે: બિલ્ડીંગ-A, દક્ષિણે: બિલ્ડીંગ-C. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 1,96,24,660/- (એક કરોડ છન્નું લાખ ચોવીસ હજાર છસો સાઠ રૂપિયા પૂરા) 11/02/2026 ના રોજ મુજબ |
| 19. | (1)નીરજ કુમાર કુશવાહ (2)વિક્રમ સિંહ કુશવાહ (3)સંજીવ કુમાર (4)દીપા કુમારી | લોન ખાતા નંબર 33369610000272 લોન રકમ: રૂ.45,00,000/- લોન ખાતા નંબર 33369410000074 લોન રકમ: રૂ.4,28,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: અમદાવાદના મોજે હંસપુરા, તાલુકો અસારવા, સર્વે નં. 88/B ના ટી.પી. સ્કીમ નં. 109 ના ફાયનલ પ્લોટ નં. 65/3 પર આવેલ 'લક્ષ્મી સ્કાય સિટી' યોજનામાં બ્લોક નં. D ના ત્રીજા માળે આવેલ ફ્લેટ નં. 304, સુપર બિલ્ટ અપ એરિયા આશરે 150 ચો. વાર (5.41 ચો. મીટર - દસ્તાવેજ મુજબ) અવિભાજિત જમીન અને સગવડો સાથે. સીમાઓ: પૂર્વે: પેસેજ અને લિફ્ટ, પશ્ચિમે: સોસાયટી રોડ, ઉત્તરે: સોસાયટી રોડ અને બ્લોક નં. A, દક્ષિણે: આકાશ અને ફ્લેટ નં. 303. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 48,98,338/- (અડતાલીસ લાખ ઠ્યાણું હજાર ત્રણસો આડત્રીસ રૂપિયા પૂરા) 11/02/2026 ના રોજ મુજબ |
| 20. | (1)નિમાવત જીતેન્દ્ર મનસુખભાઈ (2)નિમાવત હંસાબેન મનસુખભાઈ | લોન ખાતા નંબર 3649942000919 લોન રકમ: રૂ.08,16,946/- લોન ખાતા નંબર 36499800001453 લોન રકમ: રૂ. 82,400/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: રાજકોટના મોજે રાજકોટ, રેવન્યુ સર્વે નં. 29/1 પૈકી, ટી.પી. સ્કીમ નં. 31 ના ફાયનલ પ્લોટ નં. 48/1, સીટી સર્વે વોર્ડ નં. 13/2 ના સીટી સર્વે નં. 2962/98 થી 104 પર આવેલ 'સાનિધ્ય એપાર્ટમેન્ટ-5' માં વિંગ-A ના પ્રથમ માળે આવેલ રહેણાંક ફ્લેટ નં. A-102, બિલ્ટ-અપ એરિયા 26.69 ચો. મીટર. સીમાઓ: ઉત્તરે: ફ્લેટ નં. B-101, દક્ષિણે: લિફ્ટ અને પેસેજ બાદ ફ્લેટ નં. A-101, પૂર્વે: ફ્લેટ નં. A-103, પશ્ચિમે: માર્જિન એરિયા પછી 7.50 મીટરનો રોડ. | NPA ની તારીખ: 04/07/2023 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 5,47,985/- (પાંચ લાખ સુડતાલીસ હજાર નવસો પંચાસી રૂપિયા પૂરા) 11/02/2026 ના રોજ મુજબ |
| 21. | (1)પરમાર શૈલેષભાઈ ઈશ્વરભાઈ (2)પરમાર પ્રિયંકા રાકેશકુમાર | લોન ખાતા નંબર 45181160000051 લોન રકમ: રૂ.24,60,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: વડોદરાના મોજે બાપોદ, રેવન્યુ સર્વે નં. 737 અને 743 પૈકીની બિનખેતીની જમીન પર આવેલ 'શિવ વિલા રેસીડેન્સી' ના ચોથા માળે આવેલ ફ્લેટ નં. 405, સુપર બિલ્ટ અપ એરિયા 1305 ચો. ફૂટ. સીમાઓ: પૂર્વે: દાદર, પશ્ચિમે: કમ્પાઉન્ડ વોલ, ઉત્તરે: કમ્પાઉન્ડ વોલ, દક્ષિણે: ફ્લેટ નં. 406. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 25,54,990/- (પચ્ચીસ લાખ ચોપ્પન હજાર નવસો નેવું રૂપિયા પૂરા) 11/02/2026 ના રોજ મુજબ |
| 22. | (1)રામકિસન ગોંડ (2)પિંકી ગોંડ | લોન એકાઉન્ટ નં. 45249610001591 લોનની રકમ: રૂ. 9,00,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: સુરતના મોજે કીમ-કઠોદરા, તા: ઓલપાડ, રેવન્યુ સર્વે નં. 54, નવા બ્લોક નં. 13 ના 'ખોડલધામ રેસીડેન્સી' માં પ્લોટ નં. 125, ક્ષેત્રફળ 43.75 ચો. મીટર અને રોડ તથા કોમન પ્લોટની અવિભાજિત જમીન 22.83 ચો. મીટર. સીમાઓ: પૂર્વે: પ્લોટ નં. 126, પશ્ચિમે: પ્લોટ નં. 124, ઉત્તરે: પાસેની મિલકત, દક્ષિણે: સોસાયટીનો રોડ. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 9,33,816/- (નવ લાખ તેત્રીસ હજાર આઠસો સોળ રૂપિયા પૂરા) 11/02/2026 ના રોજ મુજબ |
| 23. | (1)રાવલ રીતાબેન નરેશભાઈ (2)રાવલ કમલ નરેશભાઈ (3)રાવલ ધ્રુમી નરેશભાઈ (4)રાવલ વિશાખા નરેશભાઈ | લોન એકાઉન્ટ નં. 31969430000513 લોનની રકમ: રૂ. 5,01,000/- લોન એકાઉન્ટ નં. 31969800000590 લોનની રકમ: રૂ. 92,200/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: તા. અને જી. પાટણના પાટણ સીમમાં સીટી સર્વે નં. 14/213, ટીકા નં. 25/6 માં આવેલ રહેણાંક પ્લોટ નં. 213, ક્ષેત્રફળ 70.20.09 ચો. મીટર. સીમાઓ: ઉત્તરે: પ્લોટ નં. 214 ની ખુલ્લી જમીન, દક્ષિણે: પ્લોટ નં. 212 ની ખુલ્લી જમીન, પૂર્વે: સોસાયટી, પશ્ચિમે: રોડ. | NPA ની તારીખ: 03/01/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 4,09,396/- (ચાર લાખ નવ હજાર ત્રણસો છન્નું રૂપિયા પૂરા) 11/02/2026 ના રોજ મુજબ |
| 24. | (1)શારુક ખાન રઝાક ખાન (2)તસ્લીમ બી રઝાક ખાન | લોન એકાઉન્ટ નં. 31519610001790 લોનની રકમ: રૂ. 9,00,000/- લોન એકાઉન્ટ નં. 31519630000202 લોનની રકમ: રૂ. 3,20,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: ભરૂચ જીલ્લાના અંકલેશ્વરના મોજે દાઢાલ, રેવન્યુ સર્વે નં. 51 (નવો સર્વે નં. 153) પર આવેલ 'સન સીટી' માં પ્લોટ નં. B-36, પ્લોટ વિસ્તાર 44.65 ચો. મીટર (480.43 ચો. ફૂટ) અને રોડના હિસ્સા સાથે કુલ 72.94 ચો. મીટર. સીમાઓ: પૂર્વે: પ્લોટ નં. B-35, પશ્ચિમે: પ્લોટ નં. B-37, ઉત્તરે: પ્લોટ નં. B-12, દક્ષિણે: સોસાયટીનો રોડ. | | રૂ. 9,01,077/- (નવ લાખ એક હજાર સિત્યોતેર રૂપિયા પૂરા) 11/02/2026 ના રોજ મુજબ |
| 25. | (1)M/S. શ્રી ઉમિયા એન્ટરપ્રાઈટરના માલિક શ્રી મિતેશ મહેશભાઈ પટેલ, શ્રીમતી નિશા મિતેશ પટેલ (2)શ્રી મિતેશ મહેશભાઈ પટેલ (3)શ્રીમતી નિશા મિતેષ પટેલ | લોન એકાઉન્ટ નં. 45188640000942 લોનની રકમ: રૂ. 64,00,000/- લોન એકાઉન્ટ નં. 45181060000279 લોનની રકમ: રૂ. 10,31,000/- | મિલકત-1: વડોદરાના મોજે કપુરાઈ, બ્લોક નં. 353/B/પૈકી અને 352/પૈકી પર આવેલ 'શ્યામલ ડ્રીમ' ના ટાવર-1 માં પાંચમા માળે આવેલ ફ્લેટ નં. 502, કાર્પેટ એરિયા 78.00 ચો. મીટર અને 26.45 ચો. મીટર અવિભાજિત જમીનનો હિસ્સો. સીમાઓ: પૂર્વે: વિસ્ટેરિયા હાઈટ્સ, પશ્ચિમે: ફ્લેટ નં. T-1/B-504, ઉત્તરે: 18 મીટરનો રોડ, દક્ષિણે: ફ્લેટ નં. T-1/A-501. મિલકત-2: ઉપરોક્ત જ સ્કીમમાં ટાવર-1 માં પ્રથમ માળે આવેલી દુકાન નં. 09, કાર્પેટ એરિયા 22.30 ચો. મીટર અને 13.16 ચો. મીટર અવિભાજિત જમીનનો હિસ્સો. સીમાઓ: પૂર્વે: દુકાન નં. T-1/FF-08, પશ્ચિમે: દુકાન નં. T-1/FF-10, ઉત્તરે: 18 મીટરનો રોડ, દક્ષિણે: પ્રથમ માળનું પાર્કિંગ. મિલકત-3: ઉપરોક્ત જ સ્કીમમાં ટાવર-1 માં પ્રથમ માળે આવેલી દુકાન નં. 10, કાર્પેટ એરિયા 22.30 ચો. મીટર અને 13.16 ચો. મીટર અવિભાજિત જમીનનો હિસ્સો. સીમાઓ: પૂર્વે: દુકાન નં. T-1/FF-09, પશ્ચિમે: દુકાન નં. T-1/FF-11, ઉત્તરે: 18 મીટરનો રોડ, દક્ષિણે: પ્રથમ માળનું પાર્કિંગ. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 77,26,283/- (સિત્યોતેર લાખ છવ્વીસ હજાર બસો ત્યાસી રૂપિયા પૂરા) 11/02/2026 ના રોજ મુજબ |
| 26. | (1)મલેક ઝુલેખાબાનુ રફીકાહેમદ (2)મલેક રફીકાહેમદ ફેતેમીયા | લોન એકાઉન્ટ નં. 31809610000331 લોનની રકમ: રૂ. 8,50,000/- લોન એકાઉન્ટ નં. 31809410000416 લોનની રકમ: રૂ. 3,00,000/- | ગીરો મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી: જી-ખેડા, તા-મહુધા, મોજે ગામ મહુધા, સીટી સર્વે નં. 979 પૈકી, મ્યુનિસિપલ વોર્ડ નં. 1, મકાન નં. 3966, જમીન વિસ્તાર 56.24 ચો. મીટર અને બાંધકામ વિસ્તાર 35.00 ચો. મીટર. સીમાઓ: પૂર્વે: નવેરુ, પશ્ચિમે: રોડ, ઉત્તરે: અબ્દુલ મીરસાબમીયા મલેકનું મકાન, દક્ષિણે: મલેક ગુલામહુસેન અહેમદનું મકાન. | NPA ની તારીખ: 01/02/2026 ડિમાન્ડ નોટિસની તારીખ: 13/02/2026 | રૂ. 10,95,662/- (દસ લાખ પંચાણું હજાર છસો બાસઠ રૂપિયા પૂરા) 11/02/2026 ના રોજ મુજબ |

તેથી, કોલમ નં. 2 માં દર્શાવેલ દેવાદાર/સહ-ઋણધારક/જામીનદાર અને ગીરો આપનારને નોટિસ આપવામાં આવે છે, જેમાં તેમને આ નોટિસ પ્રકાશિત થયાના 60 દિવસની અંદર તમામ સંબંધિત દેવાદાર/સહ-ઋણધારક સામે કોલમ નં. 6 માં દર્શાવેલ કુલ રકમ ચૂકવવાપાત્ર હોવાનું જાણવા મળ્યું હોવાથી, કોલમ નં. 6 માં દર્શાવેલ તારીખે સંબંધિત લોન ખાતાના સંબંધમાં ઉપરોક્ત રકમ ચૂકવવાપાત્ર હોવાનું જાણવા મળ્યું છે. એ સ્પષ્ટ કરવામાં આવે છે કે જો કુલ રકમ, ભવિષ્યના વ્યાજ અને ચુકવણીની તારીખ સુધી ચૂકવવાપાત્ર બની શકે તેવી અન્ય રકમ સાથે, ચૂકવવામાં ન આવે, તો જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, કોલમ નં. 4 માં વર્ણવેલ મિલકતો પર સુરક્ષા વ્યાજ લાગુ કરવા માટે યોગ્ય પગલાં લેવા માટે મજબૂર રહેશે.

કૃપા કરીને નોંધ લો કે આ પ્રકાશન કાયદા હેઠળ ઉધાર લેનાર/સહ-ઉધાર લેનાર/જામીનદાર/ગીરવે મૂકનારાઓ સામે જાના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડને ઉપલબ્ધ અધિકારો અને ઉપાયોને પૂર્વગ્રહ રાખ્યા વિના કરવામાં આવ્યું છે. તમને વધુમાં નોંધ લેવાની વિનંતી છે કે ઉક્ત અધિનિયમની કલમ 13(13) મુજબ, તમને ઉપરોક્ત સિક્યોરિટીનો નિકાલ કરવા અથવા તેની સાથે વ્યવહાર કરવા અથવા સુરક્ષિત લેણદારની પૂર્વ સંમતિ વિના સિક્યોર્ડ સંપત્તિના વેચાણ, લીઝ અથવા અન્ય રીતે ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત/પ્રતિબંધિત કરવામાં આવે છે.

Date: 20.02.2026, Place: Ahmedabad

Sd/- અધિકૃત અધિકારી, જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ માટે


OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ભરૂચ એલસીબી પોલીસ દારૂની રેડ એક્સપ્રેસ હાઈવે પર સપાટો

# દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે 41 લાખનો વિદેશી દારૂ જપ્ત રાજસ્થાનના શખ્સની ધરપકડ

(એજન્સી) ભરૂચ । તા. 19

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે બુટલેગરો હવે નવા રૂટનો ઉપયોગ કરી રહ્યા છે, પરંતુ પોલીસની સતર્કતાને કારણે તેમનો કારસો નિષ્ફળ સાબિત થઈ રહ્યો છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ભરૂચથી વડોદરા તરફ જતી ટ્રક પર જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ મોટી કાર્યવાહી કરીને વિદેશી દારૂનો મસમોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે આશરે ૪૧ લાખથી વધુની કિંમતની દારૂની બોટલો સાથે એક આઈસર ટ્રક કબજે કરી છે.

### બાતમીના આધારે પોલીસની ફિલ્ડિંગ

ગઈકાલે રાત્રે ભરૂચ જિલ્લા એલસીબીનો સ્ટાફ એક્સપ્રેસ હાઈવે પર પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે એક જીજે-૦૮ (GJ-08) પાસિંગની આઈસર ગાડીમાં દારૂનો મોટો જથ્થો ભરીને ભરૂચથી વડોદરા તરફ લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે દરાપુરા પાટોદ બ્રિજ પાસે વોચ ગોઠવી હતી. બાતમી મુજબની ટ્રક આવતા જ પોલીસે તેને કોર્ડન કરી લીધી હતી.

### તલાશીમાં મળી ૮૭૨૪ દારૂની બોટલો



પોલીસે હાઈવે પર ટ્રકને અટકાવીને ડ્રાઈવર વીરારામ ચેનારામ જાટ (રહે. ડેલા લાલજી કી ડુંગરી, રાજસ્થાન) ને નીચે ઉતારી ટ્રકની તલાશી લીધી હતી. આઈસરમાં તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ટ્રકમાંથી વિદેશી દારૂની કુલ ૩૩૫ પેટીઓ મળી આવી હતી, જેમાં કુલ ૮૭૨૪ નાની-મોટી બોટલો ભરેલી હતી. જપ્ત કરાયેલા આ દારૂના જથ્થાની બજાર કિંમત અંદાજે ૪૧.૪૯ લાખ રૂપિયા આંકવામાં આવી છે.

### લાખોનો મુદ્દામાલ કબજે

પોલીસે દારૂના જથ્થા ઉપરાંત ૧૦ લાખની કિંમતની આઈસર ટ્રક અને બે મોબાઈલ ફોન મળીને કુલ ૫૧.૬૧ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આ દારૂનો જથ્થો રાજસ્થાનના સાચોર જિલ્લાના બાબુલાલ દીપારામ ચૌધરીએ ભરાવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે હાલમાં ટ્રક ચાલકની ધરપકડ કરી છે અને દારૂ આપવા આવનાર તેમજ મંગાવનાર અન્ય શખ્સો વિરુદ્ધ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બુટલેગરોમાં ફફડાટ

એક્સપ્રેસ હાઈવે જેવા વ્યસ્ત રૂટ પરથી આટલી મોટી માત્રામાં દારૂ પકડાતા પોલીસ તંત્ર વધુ સતર્ક બન્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ દારૂનો જથ્થો ગુજરાતના કયા શહેરમાં સપ્લાય કરવાનો હતો તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. હાઈવે પરની આ સફળ કામગીરીથી બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## 8મા પગારપંચમાંથી કઠોર પેન્શન નિયમો દૂર કરવાની માંગ સાથે અમદાવાદમાં પેન્શનરોનું માસ ધરણું



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

કેન્દ્ર સરકાર દ્વારા પેન્શન માટે ઘડાયેલા કઠોર નિયમોનો વિરોધ નોંધાવતા અને આ નિયમોને ૮મા પગારપંચમાંથી દૂર કરવાની માંગ સાથે "ફોરમ ઓફ સિવિલિયન પેન્શનર્સ એસોસિએશન"ના બેનર હેઠળ અમદાવાદના સરદાર બાગ ખાતે ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ બપોરે ૧૧થી ૧ વાગ્યા સુધી માસ ધરણું યોજાયું. કેન્દ્ર સરકાર તથા તેની PSU સંસ્થાઓના વિવિધ પેન્શનર્સ સંગઠનોના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ધરણાને રાજ્ય સરકારના પેન્શનર્સ એસોસિએશનના ફેડરેશન દ્વારા જાહેર ટેકો આપવામાં આવ્યો. ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ પટેલે જણાવ્યું કે ગુજરાત પેન્શન સમાજ સાથે આશરે પાંચ લાખ પેન્શનર્સ જોડાયેલા છે અને હવે આ આંદોલન માત્ર શહેર પૂરતું સીમિત નહીં રહે, પરંતુ તાલુકા મથકો અને ગામડાઓ સુધી વિસ્તરશે. શ્રી ઠાકોરભાઈ પાટણવાડિયા અને શ્રી જગદીશભાઈ ભ્રમ્ભટ સહિતના આગેવાનોએ ધરણાને સંબોધન કરી રાજ્યભરના પેન્શનર્સને એકજૂટ થવા અપીલ કરી.

## 'આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ'ને ગતિ : રાજ્યની ૧૦,૭૦૮ કેન્દ્રોનો કાયાકલ્પ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યભરમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત આંગણવાડી કેન્દ્રોને આધુનિક અને સુવિધાસભર બનાવવા હાથ ધરાયેલી 'આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ' અંતર્ગત અત્યાર સુધી ૧૦,૭૦૮ કેન્દ્રોમાં નવીનીકરણ કામગીરી પૂર્ણ થઈ છે. બાકીના કેન્દ્રોમાં કામગીરી પ્રગતિ હેઠળ હોવાનું મહિલા અને બાળ કલ્યાણ વિભાગે જણાવ્યું છે. મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ. મનીષાબેન વકીલના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલી આ ઝુંબેશનો ઉદ્દેશ આંગણવાડીઓને માત્ર સમારકામ પૂરતું નહીં રાખી, પરંતુ શિક્ષણ, પોષણ અને રમતગમતના સમન્વય સાથે ચાઈલ્ડ-ફ્રેન્ડલી કેન્દ્રોમાં પરિવર્તિત કરવાનો છે. ૧૬ જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ થયેલી આ પહેલ હેઠળ પોતાના મકાન ધરાવતી આંગણવાડીઓમાં રંગરોગાન, સ્વચ્છતા, પીવાના પાણી, શૌચાલય અને અન્ય માળખાકીય સુવિધાઓનું સુદ્રઢીકરણ કરવામાં આવ્યું છે. બાળકોને આકર્ષે તેવું વાતાવરણ ઊભું કરવાના પ્રયાસો પણ હાથ ધરાયા છે. રાજ્ય સરકારની જાળવણી અને રિનોવેશન ગ્રાન્ટ ઉપરાંત જિલ્લા-મનપા ફંડ, લોકભાગીદારી અને CSR ફંડના સહયોગથી આ કામગીરી અમલમાં મૂકાઈ રહી છે. આ નવીનીકરણથી આંગણવાડીઓમાં આવતા બાળકો, સગર્ભા-ધાત્રી માતાઓ અને કિશોરીઓને વધુ સ્વચ્છ, સુરક્ષિત અને સુવિધાજનક વાતાવરણમાં પોષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણનો લાભ મળશે.






## UCC અમલીકરણથી સમાનતા આધારિત કાયદાકીય માળખું ઊભું થશે : જસ્ટિસ રંજના દેસાઇ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (UCC)ના અમલીકરણ માટે રચાયેલ ઉચ્ચ સ્તરીય સમિતિની મહત્વપૂર્ણ બેઠક તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ નવી દિલ્હી ખાતે યોજાઈ. સમિતિના અધ્યક્ષ રંજના પ્રકાશ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં UCCના ડ્રાફ્ટની હાલની સ્થિતિ, પ્રગતિ અને વિવિધ કાનૂની પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. જસ્ટિસ દેસાઈએ જણાવ્યું કે રાજ્યમાં UCC અમલમાં આવશે તો પ્રગતિશીલ અને સમાનતા આધારિત કાયદાકીય માળખું ઊભું થશે, જે દરેક નાગરિકને સમાન ન્યાય અને અધિકાર સુનિશ્ચિત કરશે. બેઠક દરમિયાન લગ્ન, છૂટાછેડા, વારસા હક્ક અને દત્તક વિધાન જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર વિશેષ ચર્ચા કરી ડ્રાફ્ટના કલમવાર સમીક્ષા કરવામાં આવી.સમિતિએ સ્પષ્ટ કર્યું કે સામાજિક સમરસતા જળવાઈ રહે તે માટે તમામ સમુદાયોના હિતોને ધ્યાનમાં રાખીને કાયદાનો અંતિમ મુસદ્દો તૈયાર થઈ રહ્યો છે. અગાઉ મળેલા નાગરિકોના સૂચનો અને વિવિધ સામાજિક-ધાર્મિક સંગઠનો સાથેની ચર્ચાઓને આધારે તૈયાર કરાયેલા તારણો પર પણ સભ્યોએ મંતવ્યો રજૂ કર્યા. બેઠકમાં નિવૃત્ત IAS અધિકારી સી. એલ. મીના, એડવોકેટ આર. સી. કોડેકર, પૂર્વ વાઈસ ચાન્સેલર દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર ગીતાબેન શ્રોફ સહિત સમિતિના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરા બિલ્ડર છેતરપિંડી કેસ માં દસ દુકાનોના નામે ખેલ, બાપોદ પોલીસ મથકે ફરિયાદ દાખલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ભારતના એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન (EEZ)માં ઊંડા સમુદ્રમાં માછીમારીને પ્રોત્સાહન આપવા માટે ઐતિહાસિક પહેલ રૂપે 20 ફેબ્રુઆરીએ વેરાવળ ખાતે 'એક્સેસ પાસ' ફ્રેમવર્ક લોન્ચ થશે. કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહ દ્વારા આ સુવિધાનું ઉદ્ઘાટન કરવામાં આવશે. આ નવી વ્યવસ્થા હેઠળ માછીમારોને EEZ વિસ્તારમાં કાયદેસર અને પારદર્શક રીતે ઊંડા સમુદ્રી વિસ્તારોમાં માછીમારી માટે સત્તાવાર પરવાનગી મળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ અમલમાં આવતી આ પહેલ દેશના મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં સકારાત્મક પરિવર્તન લાવશે, જ્યારે ગુજરાતમાં ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ થશે. ભારત પાસે 11,099 કિમીનો દરિયાકિનારો અને આશરે 24 લાખ ચોરસ કિમી EEZ વિસ્તાર છે, છતાં મોટાભાગની માછીમારી 40-50 નોટિકલ માઈલ સુધી મર્યાદિત રહી છે. નવા નિયમો માછીમારોને ટુના જેવી ઉચ્ચ મૂલ્યની પ્રજાતિઓ સુધી પહોંચ સુલભ બનાવશે, સાથે જ આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર ટ્રેકિંગ અને પાલન સુનિશ્ચિત કરશે. નાણાકીય વર્ષ 2024-25માં 62,408 કરોડની સીફૂડ નિકાસ સાથે ભારત વિશ્વનો બીજો સૌથી મોટો મત્સ્યઉદ્યોગ અને જળચરઉછેર ઉત્પાદક દેશ બન્યો છે. વેરાવળ, જે પહેલેથી જ પ્રોસેસિંગ અને નિકાસ માટેનું મહત્વપૂર્ણ કેન્દ્ર છે, ત્યાંથી આ પહેલ શરૂ થવાથી ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં રોજગાર, આવક અને નિકાસ વૃદ્ધિને નવો વેગ મળશે.સરકારનો દાવો છે કે 'એક્સેસ પાસ' વ્યવસ્થા બ્લુ ઈકોનોમી દૃષ્ટિકોણને મજબૂત બનાવશે અને દરિયાઈ સંસાધનોનો ટકાઉ ઉપયોગ સુનિશ્ચિત કરશે, જેથી લાભ સીધો માછીમારો અને દરિયાકાંઠાના સમુદાયોને મળે.



## ₹૪.૦૮ લાખ કરોડનું વિક્રમી બજેટ ૨૦૪૭ના વિકસિત ગુજરાત માટે 'ક્વોન્ટમ જમ્પ' : જગદીશભાઈ વિશ્વકર્મા




ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગરના કોબા સ્થિત ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં જગદીશભાઈ વિશ્વકર્માએ ગુજરાત બજેટ ૨૦૨૬-૨૭ને ઐતિહાસિક ગણાવી રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા. તેમણે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ' મંત્રને આગળ ધપાવતું ૪,૦૮,૦૫૩ કરોડનું આ વિક્રમી બજેટ ૨૦૪૭ના વિકસિત ગુજરાતના સ્વપ્નને સાકાર કરવાનું મજબૂત પગલું છે. તેમણે જણાવ્યું કે ગત વર્ષની સરખામણીએ ૧૦.૨% વધારો અને નવા કોઈ કરવેરા વગરનું આ બજેટ સર્વસ્પર્શી અને સમાવેશી છે. રાજ્યની માથાદીઠ આવક ૩,૦૧,૦૦૦ સુધી પહોંચવી અને દેશના GDPમાં ૮.૨% ફાળો આપવો ગુજરાતની આર્થિક મજબૂતીનો પુરાવો છે. શ્રી વિશ્વકર્માએ ભારપૂર્વક કહ્યું કે બજેટ 'સર્વ સુખાય, સર્વ હિતાય'ના ભાવ સાથે ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિના સશક્તિકરણ પર કેન્દ્રિત છે. શિક્ષણમાં ૧૬ નવી કોલેજો, ૯૨૬ પીએમ શ્રી શાળાઓ અને ગાંધીનગરમાં આધુનિક લાઈબ્રેરી, કૃષિ ક્ષેત્રે ૧૧,૦૦૦ કરોડથી વધુ રાહત પેકેજ, ટેકાના ભાવે ખરીદી અને ખેડૂતોને પ્રીમિયમ મુક્તિ જેવા પગલાં ઉલ્લેખનીય છે.

## ભારતીય સભ્યતા હજારો વર્ષોથી અખંડિત અને અમિટ : લક્ષ્મણ ગુંથા



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વિશ્વની અનેક પ્રાચીન સભ્યતાઓ સમયના પ્રવાહમાં લુપ્ત થઈ ગઈ, પરંતુ ભારતીય સભ્યતા આજે પણ અખંડિત અને જીવંત છે. સહિષ્ણુતા, સમન્વયવાદી દૃષ્ટિકોણ, 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના તથા આધ્યાત્મ અને ભૌતિકતાના સંતુલિત સમન્વયે ભારતીય સંસ્કૃતિને સદીઓથી મજબૂત રાખી છે, એમ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘના સંયુક્ત સંગઠન મંત્રી લક્ષ્મણ ગુંથાએ જણાવ્યું. તેઓ ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટી ખાતે આયોજિત "ભારતમાં હિંદુ અધ્યયન: ધર્મ, સભ્યતા અને વિજ્ઞાન" વિષયક બે દિવસીય આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠીના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે સંબોધન કરી રહ્યા હતા. તેમણે ગુરુકુલ શિક્ષણ પરંપરાને આજના સમયમાં પણ પ્રાસંગિક ગણાવી, ભારતીય જ્ઞાન પરંપરાના વૈશ્વિક પ્રભાવ પર ભાર મૂક્યો. મુખ્ય વક્તા અને યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ પ્રો. રમાશંકર દુબેએ હિંદુ જ્ઞાન પરંપરાને દર્શન, આધ્યાત્મ, વિજ્ઞાન અને સામાજિક વ્યવસ્થાના સમન્વયરૂપ એક સમગ્ર દૃષ્ટિ ગણાવી.

## સંસ્કૃત પ્રોત્સાહન સમારોહમાં 476 શિક્ષણસેવકોનું સન્માન : "સંસ્કૃત આપણા સંસ્કારનો જીવંત આધાર"



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સંસ્કૃત પ્રોત્સાહન યોજના અંતર્ગત રાજ્યકક્ષાનો ભવ્ય "સંસ્કૃત પ્રોત્સાહન સમારોહ" યોજાયો, જેમાં માધ્યમિક સ્તરે સંસ્કૃત શિક્ષણને વેગ આપવા સાથે આ ક્ષેત્રે કાર્યરત શિક્ષકો અને સંસ્થાઓને સન્માનિત કરવામાં આવ્યા.બોર્ડના અધ્યક્ષ હિમાંજય પાલીવાલએ સંસ્કૃતની મહત્તા ઉજાગર કરતાં જણાવ્યું કે, સંસ્કૃત માત્ર ભાષા નહીં, પરંતુ ભારતની સંસ્કૃતિ અને સંસ્કારોનો જીવંત વારસો છે. નવી પેઢીને આ વારસાથી જોડવામાં શિક્ષકોની ભૂમિકા નિર્ણાયક છે.કાર્યક્રમમાં રાજ્યની ૨૨૩ સંસ્થાઓમાંથી કુલ ૪૭૬ આચાર્યો અને સંસ્કૃત ગુરુજીઓનું તેમની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ સન્માન કરવામાં આવ્યું. આ અવસરે ડૉ. પદ્મકુમારજીએ "પરિવાર પ્રબોધન: સંસ્કૃત દ્વારા વ્યક્તિત્વ વિકાસ, પર્યાવરણ જાગૃતિ અને ઉત્તમ નાગરિક ઘડતર" વિષય પર પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યું.

## ૨૩ ફેબ્રુઆરીથી રાજ્યભરમાં તુવેરની ટેકાના ભાવે ખરીદી શરૂ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વિધાનસભા સત્ર દરમિયાન મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષસ્થાને મળેલી મંત્રીમંડળ બેઠકમાં મહત્વનો નિર્ણય લેવાયો છે. કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જાહેરાત કરી કે તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬થી રાજ્યભરમાં તુવેરની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે ભારત સરકારે તુવેરનો ટેકાનો ભાવ રૂ. ૮,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ જાહેર કર્યા બાદ રાજ્યના ખેડૂતો દ્વારા વિશાળ પાયે વાવેતર કરવામાં આવ્યું હતું. પોષણક્ષમ ભાવ મળે તે હેતુથી અત્યાર સુધીમાં રાજ્યના ૧.૩૩ લાખથી વધુ ખેડૂતોએ ટેકાના ભાવે વેચાણ માટે નોંધણી કરાવી છે. તુવેરના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાનમાં રાખીને રાજ્યભરમાં આશરે ૧૩૦ ખરીદ કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે. નોંધાયેલા ખેડૂતોને ખરીદીની તારીખ અંગે પૂર્વ જાણકારી SMS દ્વારા આપવામાં આવશે. સંદેશ મળ્યા બાદ ખેડૂતોએ ફાળવાયેલા કેન્દ્ર પર જથ્થા સાથે હાજર રહેવાનું રહેશે. કૃષિ મંત્રીશ્રીએ ખાતરી આપી કે નોંધાયેલા તમામ ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી સુનિશ્ચિત કરવા રાજ્ય સરકારે આગોતરા આયોજન પૂર્ણ કર્યું છે, જેથી ખેડૂતોને તેમના પાકનો યોગ્ય ભાવ મળી શકે.

## 'સિંગલ ક્લિક પેમેન્ટ'થી ₹૪૬૧ કરોડની સહાય સીધી જમા : ૨૦૪૮ ઉદ્યોગ લાભાર્થીઓને રાહત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યના ઔદ્યોગિક વિકાસને ગતિ આપવા ઉદ્યોગ અને MSME વિભાગ દ્વારા આયોજિત વિશેષ કાર્યક્રમમાં 'સિંગલ ક્લિક પેમેન્ટ' મારફતે કુલ ૪૬૧.૦૪ કરોડની સહાય ૨૦૪૮ લાભાર્થીઓના બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ઈ-પેમેન્ટની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી. વિભાગની વિવિધ પ્રોત્સાહક યોજનાઓ હેઠળ MSME ક્ષેત્રના ૧૭૧૫ લાભાર્થીઓને ૮૦.૯૬ કરોડ, ટેક્ષટાઈલ ક્ષેત્રના ૨૦૨ લાભાર્થીઓને ૧૮૪.૯૭ કરોડ અને લાર્જ ઈન્ડસ્ટ્રીઝના ૧૨૬ લાભાર્થીઓને ૧૮૮.૭૭ કરોડની સહાય સીધી જમા કરાઈ. સરકારનો દાવો છે કે ડિજિટલ અને પારદર્શક વ્યવસ્થાથી સહાય ચુકવણી વધુ ઝડપી અને વચેટિયાવિહોણી બની છે. ટેક્નોલોજી આધારિત આ અભિગમ રાજ્યમાં રોકાણ, ઔદ્યોગિક વિકાસ અને રોજગારી સર્જનને પ્રોત્સાહન આપતો મહત્વપૂર્ણ પગલું ગણાય છે.

## ઐતિહાસિક બજેટ બાદ મંત્રીમંડળની બેઠક : તાત્કાલિક અમલ માટે મુખ્યમંત્રીનો કડક નિર્દેશ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યના ઈતિહાસના સૌથી મોટા બજેટ બાદ આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રીમંડળની મહત્વપૂર્ણ બેઠક મળી હતી. સમગ્ર મંત્રીમંડળે મુખ્યમંત્રી સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને નાણા મંત્રી કનુભાઈ દેસાઈને ઐતિહાસિક અને સર્વસ્પર્શી બજેટ રજૂ કરવા બદલ અભિનંદન પાઠવ્યા. પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, GSTમાં આપવામાં આવેલી રાહતોને કારણે રાજ્યની આવક પર દબાણ ઊભું થવાની સંભાવના હોવા છતાં સરકારે વહીવટી કાર્યક્ષમતાના જોરે બજેટમાં ૧૦ ટકાનો વધારો નોંધાવ્યો છે. આ બજેટ આદિજાતિ, અનુસૂચિત જાતિ, ઓબીસી, ખેડૂતો સહિત તમામ વર્ગોને આવરી લેતું વિકાસલક્ષી દસ્તાવેજ હોવાનું તેમણે ઉમેર્યું. બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ સૂચના આપી કે બજેટ વિધાનસભામાં મંજૂર થાય તેની રાહ જોયા વગર હાલથી જ તમામ યોજનાઓ માટેના ડ્રાફ્ટ જીઆર, ટેન્ડર પ્રક્રિયા અને અન્ય વહીવટી કામગીરી શરૂ કરી દેવી. મંજૂરી મળતાની સાથે જ અમલ શરૂ થાય અને જનતાને ઝડપથી લાભ મળે તે માટે તંત્ર સજ્જ રહેવા જણાવ્યું.

## કામરેજમાં ₹1450 કરોડનો મેગા હેલ્થ પ્રોજેક્ટ : 1500 બેડની જનરલ અને 3 સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલો સાકાર થશે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

દક્ષિણ ગુજરાતના આરોગ્ય ક્ષેત્રમાં ઐતિહાસિક પહેલ રૂપે કામરેજ વિધાનસભા વિસ્તારમાં ૩૦.૫૫ હેક્ટર જમીનમાં અંદાજિત ૧૪૫૦ કરોડના ખર્ચે વિશાળ ઈન્ટિગ્રેટેડ હોસ્પિટલ કેમ્પસ નિર્માણ પામશે. રાજ્યના વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે ૨૫૦ કરોડની પ્રારંભિક જોગવાઈ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ સાકાર થનારા આ પ્રોજેક્ટ અંતર્ગત ૧૫૦૦ બેડની જનરલ બ્રોડ સ્પેશિયાલિટી હોસ્પિટલ સાથે ૫૦૦થી વધુ બેડની કાર્ડિયાક-ન્યુરો, ૫૦૦થી વધુ બેડની યુરોલોજી-નેફ્રોલોજી અને ૫૦૦થી વધુ બેડની કેન્સર સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલો એક જ કેમ્પસમાં ઉભી થશે. આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે દક્ષિણ ગુજરાતમાં ઉભી થનારી આ ત્રણ અત્યાધુનિક ઈન્ટિગ્રેટેડ હોસ્પિટલો સુરત જિલ્લાને દેશના મેડિકલ ટુરિઝમ મેપ પર મજબૂત સ્થાન અપાવશે. એક જ સ્થળે મલ્ટી-સ્પેશિયાલિટી સારવાર, નિદાન અને ઈમરજન્સી સેવાઓ ઉપલબ્ધ થવાથી દર્દીઓને સુલભ અને આધુનિક આરોગ્યસુવિધા મળશે.

## હોળી-ધૂળેટી પર STની વિશેષ વ્યવસ્થા: 10 વધારાની બસો, ૭,૫૦૦થી વધુ ટ્રીપો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

હોળી-ધૂળેટીના તહેવારોને ધ્યાનમાં રાખીને રાજ્યભરમાં મુસાફરોને સહેલાઈ રહે તે માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વિશેષ આયોજન જાહેર કરવામાં આવ્યું છે. તા. ૨૭ ફેબ્રુઆરીથી ૫ માર્ચ ૨૦૨૬ દરમિયાન કુલ ૧૦ વધારાની બસો દ્વારા ૭,૫૦૦થી વધુ ટ્રીપો ચલાવવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગત વર્ષની તુલનામાં આ વર્ષે બસોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે, જેથી નાગરિકો પોતાના વતનમાં તહેવાર ઉજવી શકે. ખાસ કરીને અમદાવાદ, રાજકોટ, અમરેલી, જૂનાગઢ, ભાવનગર અને ભુજથી ગોધરા, દાહોદ, ઝાલોદ અને છોટાઉદેપુર તરફ જતી રૂટ્સ પર વધારાની સુવિધા ગોઠવાઈ છે. હોળીના પ્રસંગે ડાકોરના ફૂલડોલોત્સવ અને દ્વારકામાં દર્શનાર્થે ઉમટતા લાખો ભાવિકોને ધ્યાનમાં રાખીને દ્વારકા અને ડાકોર રૂટ પર ૪૫૦ વધારાની બસો દ્વારા આશરે ૩,૫૦૦ ટ્રીપો ફાળવવામાં આવી છે. મુસાફરો ભીડ ટાળવા માટે નિગમની સત્તાવાર વેબસાઈટ અથવા મોબાઈલ એપ્લિકેશન દ્વારા એડવાન્સ ઓનલાઈન બુકિંગ કરી શકે છે. વધુ માહિતી માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ પર ૨૪ કલાક સંપર્ક કરી શકાય છે. એસ.ટી. નિગમે નાગરિકોને સમયસર બુકિંગ કરીને સુરક્ષિત અને સુગમ મુસાફરીનો લાભ લેવા અપીલ કરી છે.

## કચ્છના સરહદી વિસ્તારોમાં સુરક્ષા કડક કરવા ડીજીપીનો બે દિવસીય પ્રવાસ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યના પોલીસ વડા ડૉ. કે. એલ.એન. રાવ તા. ૨૧ અને ૨૨ ફેબ્રુઆરીએ કચ્છ જિલ્લાના સરહદી અને દરિયાઈ વિસ્તારોની વ્યૂહાત્મક મુલાકાતે જશે. ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ તેમજ કચ્છના વિશાળ દરિયાકાંઠાની સુરક્ષા વધુ મજબૂત બનાવવા આ હાઈ-લેવલ સમીક્ષા હાથ ધરાશે. ભુજ ખાતે યોજાનારી મહત્વપૂર્ણ ક્રાઈમ કોન્ફરન્સમાં પોલીસ વિભાગ સાથે Indian Army, Border Security Force, Indian Coast Guard અને વાયુસેનાના ઉચ્ચ અધિકારીઓ જોડાશે. સરહદી ઘૂસણખોરી, ડ્રગ્સ હેરાફેરી અને દરિયાઈ માર્ગે થતી દેશવિરોધી પ્રવૃત્તિઓને કાબૂમાં લેવા માટે આંતર-એજન્સી સંકલન વધુ દૃઢ બનાવવાનો મંત્ર મથાશે. ડીજીપી ખાસ કરીને જખૌ અને પિંગલેશ્વર જેવા સંવેદનશીલ દરિયાઈ વિસ્તારોની મુલાકાત લઈને મરીન પોલીસ તથા સુરક્ષા દળોની સજ્જતા પરખશે. દુર્ગમ વિસ્તારોમાં ફરજ બજાવતા જવાનો સાથે સીધો સંવાદ કરી તેમના મનોબળ અને કલ્યાણ સુવિધાઓની પણ સમીક્ષા કરશે. સુરક્ષા દ્રષ્ટિએ મહત્વ ધરાવતા કચ્છમાં આ પ્રવાસને વ્યૂહાત્મક દિશા આપતો પગલું માનવામાં આવી રહ્યું છે.



## રાજ્ય કેબિનેટ નિર્ણય : ૨૩ દરખાસ્તોને મંજૂરી, વિકાસ પ્રોજેક્ટ્સ માટે ૧.૨૨ કરોડ ચો.મી.થી વધુ જમીન ફાળવાઇ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાતના સર્વાંગી વિકાસને વેગ આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં વિવિધ બોર્ડ અને કોર્પોરેશનને જમીન ફાળવણીની ૨૩ મહત્વપૂર્ણ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી છે. આ માહિતી પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આપી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું કે મહેસૂલ વિભાગ દ્વારા પાણી પુરવઠા, ઊર્જા અને બંદર વિકાસ જેવા માળખાકીય ક્ષેત્રોમાં પ્રોજેક્ટ્સ અમલી બનાવવા કુલ ૧,૨૨,૫૩,૦૯૬ ચો.મી.થી વધુ જમીન ફાળવવામાં આવી છે. તેમાં સૌથી મોટી ફાળવણી ગુજરાત પાવર કોર્પોરેશનને બનાસકાંઠાના રાધાનેસડા ખાતે અંદાજે ૧.૨૦ કરોડ ચો.મી. જમીન રૂપે કરવામાં આવી છે, જ્યાં ભવિષ્યમાં ઊર્જા ક્ષેત્રના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ ઉભા થશે. આ ઉપરાંત ગુજરાત પાણી પુરવઠા બોર્ડને રાજ્યના ૧૪ સ્થળોએ આશરે ૧,૩૬,૨૯૧ ચો.મી., જ્યારે ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન (JETCO)ને ૭ સ્થળોએ અંદાજે ૩૧,૦૧૦ ચો.મી. જમીન ફાળવાઈ છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડને મહુવાના કતપર ખાતે બંદર વિકાસ માટે ૨૫,૭૯૫ ચો.મી. જમીન આપવામાં આવી છે. સરકારનો દાવો છે કે આ નિર્ણયથી રાજ્યમાં પીવાના પાણી અને વીજ પુરવઠાની સુવિધા વધુ મજબૂત બનશે, સાથે જ રિન્યુએબલ એનર્જી અને બંદર વિકાસ ક્ષેત્રે નવા પ્રોજેક્ટ્સ દ્વારા સ્થાનિક રોજગાર અને આર્થિક પ્રવૃત્તિઓને ગતિ મળશે.

## 'કુંવરબાઈનું મામેરુ' યોજના : 2 વર્ષમાં ભાવનગરમાં 13,880, મહેસાણામાં 5022 કન્યાઓને સહાય

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્ય સરકારની 'કુંવરબાઈનું મામેરુ' યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ૧૩,૮૮૦ અને મહેસાણા જિલ્લામાં ૫૦૨૨ કન્યાઓને આર્થિક સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી હોવાનું સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી પ્રદ્યુમન વાજાએ વિધાનસભાના બજેટ સત્રમાં મંત્રીએ જણાવ્યું કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત તથા આર્થિક રીતે નબળા વર્ગની કન્યાઓને લગ્ન પ્રસંગે રૂ. ૧૨,૦૦૦ની સહાય આપવામાં આવે છે.

તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીના આંકડા મુજબ ભાવનગર જિલ્લામાં કુલ રૂ. ૧૬૬૫.૬૦ લાખ અને મહેસાણા જિલ્લામાં રૂ. ૬૦૨.૬૪ લાખની સહાય DBT મારફતે જમા કરવામાં આવી છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂ. ૬ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબોની કન્યાઓએ લગ્નની તારીખથી બે વર્ષની અંદર ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહે છે. તબક્કાવાર ચકાસણી બાદ જિલ્લા કક્ષાએ મંજૂરી અપાય છે અને મંજૂર અરજીઓમાં સહાય સીધી બેંક ખાતામાં જમા થાય છે. સરકારનો દાવો છે કે સંપૂર્ણ ઓનલાઈન પ્રક્રિયા હોવાને કારણે યોજના ફેસલેસ, પેપરલેસ અને પારદર્શક બની છે, જેથી લાભાર્થીઓને ઘરેબેઠાં સહાયનો લાભ મળે છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે?

**વૃષભ : બ. વ. ઉ.**

કોઈક આધ્યાત્મિક વ્યક્તિ તમારા પર શુભાશિષ વર્ષાવશે તથા તેને કારણે માનસિક શાંતિ આવશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે.

**મિથુન : ક. છ. ઘ.**

ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે.

**કર્ક : ડ. હ.**

કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો.

**સિંહ : મ. ટ.**

ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

**કન્યા : પ. ઠ. ણ.**

કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા .

**તુલા : ર. ત.**

તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માનસિક તાણ ઘટાડશે.

**મકર : ખ. જ.**

થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું.

**કુંભ : ગ. સ. શ. ષ.**

જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે.

## ઈ-બસ સેવા શરૂ કરવા



ભાવનગર : ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ઈ-બસ સેવા શરૂ કરવામાં આવી છે પરંતુ હજુ ઘણાં વિસ્તારમાં ઈ-બસ સેવા શરૂ કરવામાં આવી નથી તેથી લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. શહેરની બહારના વિસ્તારમાં પણ ઈ-બસ સેવા શરૂ કરાઈ છે પરંતુ શહેરના જ કેટલાક વિસ્તારોમાં ઈ-બસ જતી નથી તેથી લોકોને અન્યાય થયો હોવાનુ જાણવા મળેલ છે. નારીમાં ઈ-બસ સેવા શરૂ કરવા માંગણી ઉઠી છે. શહેરમાં ગત શનિવારથી ૫૦ ઈ-બસ શરૂ થઈ ગઈ છે અને ઘણાં મુસાફરોને લાભ મળી રહ્યો છે. ઈ-બસ શહેરની બહારના વિસ્તાર જેવા કે, સિહોર, ઘોઘા અને ભંડારીયા સુધી દોડાવવામાં આવી રહી છે પરંતુ શહેરના નારી, આનંદનગર, ખેડૂતવાસ, કુંભારવાડા સહિતના કેટલાક વિસ્તારમાં ઈ-બસ જતી નથી તેથી લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. શહેરમાં ૧૦ માસથી સિટી બસ સેવા બંધ હતી અને હવે ઈ-બસ શરૂ થઈ છે ત્યારે તમામ વિસ્તારમાં ઈ-બસ સેવાનો લાભ મળવો જોઈએ તેવી લોકોની માંગણી છે. હાલ કેટલાક વિસ્તારમાં ઈ-બસ સેવાનો લાભ નહીં મળતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. નારીમાં ૧૫ હજારની વસતી છે અને ભુતકાળમાં ૪ સિટી બસ ચાલતી હતી પરંતુ હાલ નારીમાં ઈ-બસ આવતી નથી ત્યારે લોકોમાં કચવાટ ફેલાયો છે. નારીમાં ઈ-બસ નહીં આવતા વિદ્યાર્થી, રત્ન કલાકારો, નોકરીયાત સહિતને મૂશ્કેલી પડી રહી છે ત્યારે તત્કાલ ઈ-બસ સેવા શરૂ કરવા કોંગ્રેસના જે.બી.ગોહિલે માંગણી કરી છે અને આ બાબતે કમિશનરને રજૂઆત પણ કરી છે.

### એલઈડી લાઈટ પણ પોલીસે કઢાવી ઘટના સ્થળે દંડ ફટકાર્યા

# લોક જાગૃતિ સાથે સાવચેતી અને સલામતી થી અકસ્માતો નિવારી શકાય:: જે ડી સરવૈયા પીઆઇ નખત્રાણા

| મહેશ એલ. સોની | નખત્રાણા



નખત્રાણા ખાતે અકસ્માત નિવારવા માટે પોલીસ દ્વારા વાહનોમાં રેડિયમ રિફ્લેક્ટર લગાવ્યા આંખો આજતી એલઈડી લાઈટ પણ પોલીસે કઢાવી ઘટના સ્થળે દંડ ફટકાર્યા વાહનોની બ્લેક ફિલ્મો પણ ઉતારી નખત્રાણા ચેમ્બર ઓફ કોમર્સ તેમજ નખત્રાણા પોલીસ ના સંયુક્ત ઉપક્રમે વથાણમાં અકસ્માત નિવારણ માટે પોલીસ દ્વારા પહેલ કરવામાં આવી હતી જેમાં ટ્રાફિક નિયમના નિયમો સમજાવ્યા બાદ વાહન ચાલકોને ઊભા રાખી એલઈડી લાઈટ કાઢી હતી તેમજ રિફ્લેક્ટર રેડિયમ લગાવ્યા હતા

નખત્રાણામાં નવા આવેલા પીઆઇ જેડી સરવૈયા તથા પોલીસ સ્ટાફ સાથે તેમજ ચેમ્બર ઓફ કોમર્સના સર્વે કાર્યકરો ને સાથે રાખી વથાણમાં હાઈવે પરના વાહનો ઊભા રખાવી વાહનોને રેડિયમ રિફ્લેક્ટર લગાડી હતી તેમજ બ્લેક ફિલ્મના પણ ઉતાર્યા હતા

અકસ્માત માટે નિમિત બનતી એલઈડી લાઈટ પણ વાહનોમાંથી કાઢી નાખવામાં આવી હતી તેમજ પીઆઇ દ્વારા જનજાગૃતિ અંગે લોકોને સમજ આપવામાં હતી જાગૃતતા સાવચેતી અને સલામતી એ જ માનવ સુરક્ષાનું અંગ છે માટે દરેક વાહન ચાલકે જાગૃતિ રાખવી સાવચેતી અને સલામતી રાખવી ટ્રાફિક નિયમોના પાલન કરવું વાહનમાં બ્લેક ફિલ્મ કે એલીડી રાખવી નહીં વગેરે પીઆઇ દ્વારા સમજ આપવામાં આવી હતી ટ્રાફિક ના નિયમો લોકોને સમજાવ્યા હતા અહીંના વઠાણ ચોકમાં અંદાજિત ૧૦૦ જેટલા વાહનો ચેક કરવામાં આવ્યા હતા જેમાં એલઈડી બ્લેક ફિલ્મ ચેક કરાયા હતા અને દંડ પણ કરાયા હતા . નખત્રાણા ચેમ્બર ઓફ કોમર્સના બાબુભાઈ ધનાણી દિનેશભાઈ જોશી નીતિનભાઈ ઠક્કર કિશોરભાઈ કોટડીયા ભરતભાઈ કોટડીયા મેઘાભાઈ રબારી મામદભાઈ ખત્રી અનિલભાઈ રાજગોર મિતેશભાઈ ઠક્કર ભરતભાઈ રૈયાણી ભુપેશભાઈ રામાણી સહિતના તેમજ નખત્રાણા ટ્રાફિક પોલીસના નિકુંજદાન ગઢવી સુરપાલ સિંહ સરવૈયા તેમજ ટી આર બી ના કેડેટો હાજર રહ્યા હતા. પોલીસની સંતોષ પૂર્વક કામગીરીથી ચેમ્બર ઓફ કોમર્સ ના કાર્યકરોએ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કચ્છ મહિલા વિકાસ સંગઠન સંસ્થા દ્વારા જન બિલિયન રાઈઝિંગ કાર્યક્રમ યોજાયો હતો



| મહેશ એલ. સોની | નખત્રાણા

તા. 14/02/2026 ભુજ માં ભાનુશાલી નગર, ચારણ સમાજ વાડી ખાતે કચ્છ મહિલા વિકાસ સંગઠન સંસ્થા દ્વારા જન બિલિયન રાઈઝિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજમાં મહિલા, બાળકીઓ ઉપર દિવસે દિવસ હિંસા વધી રહી છે. ત્યારે તેમની સલામતી માટે સમાજમાં જાગૃતિ ફેલાવાની હાકલ કરાઈ હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ વિભાગના ડી. વાય. એસ .પી શ્રી એમ જે ક્રિશ્ચન સાહેબ એ હિંસા મુક્ત સમાજ પ્રેમ અને શાંતિ ભાઈ ચારા થી રહેવા માટે અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમ માં કચ્છના અલગ અલગ વિસ્તાર માંથી સામાજિક આગેવાન બહેનો, સામાજિક આગેવાન ભાઈ ઓ, મોટી સંખ્યામાં જોડાયા હતા. ત્યારે કાર્યક્રમ ને સફળ બનાવવા માટે કચ્છ મહિલા વિકાસ સંગઠન સંસ્થાની મહિલા ટીમ, પુરુષ ટીમ તેમજ પેરા લીગલો એ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ ફનાવ્યો હતો.

### કરમસદ-આણંદ મહાનગરપાલિકા દ્વારા

# બીયુ પરમિશન નહીં હોવાથી આણંદની સુવિધા નર્સિંગ હોમ, સંજીવની હોસ્પિટલને 1 લાખનો દંડ

આણંદ : કરમસદ-આણંદ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ અને એસ્ટેટ વિભાગની ટીમે આણંદ શહેરના અહિંસા ચોક પાસે આવેલી સુવિધા નર્સિંગ હોમ અને મહાવીર માર્ગ ઉપર આવેલી સંજીવની હોસ્પિટલની મુલાકાત લીધી હતી. બંને હોસ્પિટલ પાસે બીયુ પરમિશન નહીં હોવાથી કુલ રૂપિયા એક લાખનો દંડ કરવામાં આવ્યો છે. તેમજ સંચાલકોને ૧૦ દિવસમાં સક્ષમ ઓથોરિટી પાસેથી જરૂરી પરવાનગીઓ મેળવીને રજૂ કરવા જણાવવામાં આવ્યું છે. કરમસદ-આણંદ મહાનગરપાલિકાની ટીમ દ્વારા સુવિધા નર્સિંગ હોમ અને સંજીવની હોસ્પિટલના માલિક/કબજેદાર પાસેથી હોસ્પિટલની બાંધકામ મંજૂરી, મંજૂર થયેલા પ્લાન, બીયુ પરમિશન અને ફાયર એનઓસી અંગે ચકાસણી કરાઈ હતી. આ બંને હોસ્પિટલના માલિક/કબજેદારો પાસે સક્ષમ ઓથોરિટી પાસેથી પરમિશન મેળવેલી ન હોવાથી મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા 'ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનીસીપલ કાર્પોરેશન એક્ટ ૧૯૪૯'ની જોગવાઈના ભંગ બદલ સુવિધા નર્સિંગ હોમ અને સંજીવની હોસ્પિટલના માલિક/કબજેદારને વહીવટી ચાર્જ પેટે રૂ.૧,૦૦,૦૦૦/- નો દંડ કરવામાં આવ્યો છે.

### જેસવાપુરા સીમ પાસે અજાણ્યા વાહને અડફેટે લેતા કન્ટેનરના ચાલકનું મોત

નડિયાદ : ખેડા ટાઉન પોલીસ મથકની હદમાં આવેલ નેશનલ હાઈવે નંબર ૪૮ પર મંગળવારે મધરાત્રે જેસવાપુરા સીમ હોટલ નજીક રોડ ક્રોસ કરી રહેલા ટ્રક ચાલકને અજાણ્યા વાહને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે ખેડા ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. રાજસ્થાનમાં નાગોર જિલ્લાના મંગલપુરામાં રહેતા શ્યામસુંદર ધનરાજ નાગપુરિયા મંગળવારે રાત્રે હાલોલથી કન્ટેનરમાં માલ સામાન ભરી ફ્લિપકાર્ટના ગોડાઉન પર માલ ખાલી કરવા આવ્યા હતા. તા.૧૭ના રાત્રિના સમયે તેઓ કન્ટેનર ખાલી કરવા મૂકી જમવા માટે હાઈવે પર આવેલી એક હોટલ તરફ જઈ રહ્યા હતા.

### પોલીસ ફરિયાદ

# કેવડિયા SOU ખાતે પ્રવાસીઓને હેરાન કરી ધમાલ કરનાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ

(એજન્સી) રાજપીપલા | તા.19

નર્મદા જિલ્લા ના પ્રવાસન સ્થળ કેવડિયા SOU ખાતે પ્રવાસીઓ ને હેરાન કરી ધમાલ કરનાર અને તેને રોકનાર એસ . આર . પી જવાન પર હુમલો કરનાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવા પામી છે . પ્રાપ્ત માહિતી મુજબ અત્રે ભુમલિયા ગામમાં રહેતો શ્યામુ રામજી યાદવ SOU ના ગેટ નં -8 પાસે પ્રવાસીઓ ને હેરાન કરી ધમાલ કરતો હતો અને પાર્કિંગ માં પાર્ક કરેલા ટૂ વ્હલર વાહનો ને લાત મારી પાડી દઈ જાહેર શાંતિ નો ભંગ કરતો હતો જેને SRP જવાન. મનહરભાઈ વસાવા એ તેમ કરતા રોકતા એસ આર પી જવાન ની ફેટ પકડી નખ ના ઉઝરડા પાડી સાથે ના અન્ય કર્મી ને પણ જાન થી મારી નાખવા ની ધમકી આપતા તેના વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે .

### સાયબર ક્રાઈમની ફરિયાદ નોંધી

# ઉંદરાના નિવૃત્ત આચાર્ય સાથે એસબીઆઈની 'યોનો' એપના બહાને રૂ. 1.56 લાખનું ફ્રોડ




નડિયાદ : મહુધા તાલુકાના લેહરીપુરા તાબે ઉંદરા ગામના નિવૃત્ત આચાર્ય સાથે સાયબર ગઠિયાએ 'એસબીઆઈની યોનો એપમાં કોઈ તકલીફ નથી ને' તેમ કહી લિંક ઓપન કરાવી રૂ.૧,૫૬,૫૦૦ની છેતરપિંડી કરી હોવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે મહુધા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.મહુધા તાલુકાના લહેરીપુરા તાબે ઉંદરામાં નિવૃત્ત આચાર્ય જશવંતભાઈ મોહનભાઈ પરમાર પરિવાર સાથે રહે છે. તા.૧૦-૧-૨૬ના રોજ જશવંતભાઈના મોબાઈલ પર એક અજાણ્યા નંબર ઉપરથી ફોન આવ્યો હતો. જેમાં મોબાઈલ ધારકને ફોન કરનારે પોતાની ઓળખ એસબીઆઈના બેંકના કર્મચારી તરીકે આપી હિન્દી ભાષામાં વાત કરતા જણાવ્યું હતું કે, 'તમારી યોનો એપમાં કોઈ તકલીફ છે?' કહેતા મોબાઈલ ધારકે એપ્લિકેશન ડાઉનલોડ થતી નથી તેમ જણાવતા ગઠિયાએ વિશ્વાસમાં લેવા માટે મોબાઈલ ધારકને વીડિયો કોલ કર્યો હતો, જેમાં બેંકનો લોગો બતાવ્યો હતો. ત્યારબાદ તેણે એક એપીકે ફાઈલ મોકલી તેમાં આપેલી લિંક પર ક્લિક કરવા જણાવ્યું હતું. જેથી મોબાઈલ ધારકે લિંક ઓપન કરતા જ તેમના ફોન પર ઓટીપી આવવા લાગ્યા હતા અને થોડી જ વારમાં તેમના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા નડિયાદ મુખ્ય બ્રાન્ચમાંથી ટ્રાન્ઝેક્શન દ્વારા રૂ. ૮૬,૫૦૦ જ્યારે બેંક ઓફ બરોડા, મહોળેલ શાખામાંથી રૂ.૭૦,૦૦૦ મળી કુલ રૂ.૧,૫૬,૫૦૦ કપાઈ ગયા હતા.આ અંગે વાત કરતા શરૂઆતમાં છેતરપિંડી કરનારે મોબાઈલ ધારકને 'તમારા પૈસા ભૂલથી કપાયા છે, જે બીજા દિવસે પરત આવી જશે' તેમ જણાવ્યું હતું. પરંતુ મોબાઈલ ધારકના બેંક ખાતામાં બીજા દિવસે નાણાં પરત આવ્યા ન હતા. જેથી આ બાબતે જસવંતભાઈ મોહનભાઈ પરમારે ફરિયાદ નોંધાવતા મહુધા પોલીસે સાયબર ક્રાઈમનો ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.મોબાઈલ ઉપર કોઈપણ અજાણી વ્યક્તિનો ફોન આવે તો તેના કહેવાથી મોબાઈલમાં લિંક ઓપન ન કરવી કે એપીકે ફાઈલ ડાઉનલોડ ન કરવી. બેંક દ્વારા ક્યારેય ખાતેદારોને કોઈ મેસેજ કે લિંક મોકલવામાં આવતી નથી. જેથી ઓનલાઈન ફ્રોડથી બચવા બેંક ખાતેદારોએ સાવધાન રહેવું જરૂરી છે.

### બુધવારે 105 મિલકત ધારકોએ રૂા. 1.98 કરોડનો વેરો ભર્યો

# ભાવનગરમાં વેરો નહીં ભરતા ક્રેવ ઇટેબલ સહિતની 20 મિલકતને મનપાએ સીલ માર્યા

ભાવનગર : ભાવનગર મહાનગરપાલિકાના ઘરવેરા વિભાગ દ્વારા મિલકત વેરો વસુલવાની કામગીરી યથાવત છે, જેના પગલે ઘણાં મિલકત ધારકો વેરો ભરી રહ્યા છે તેથી મહાપાલિકાને હાલ સારી આવક થઈ રહી છે. ભાવનગર મહાપાલિકામાં આજે બુધવારે કુલ ૧૦૫ કરદાતાઓ દ્વારા ૧.૯૮ કરોડનો મિલકત વેરો ભરપાઈ કરવામાં આવતાં મહાનગરપાલિકાની ચાલુ નાણાકીય વર્ષની મિલકત વેરાની કુલ આવક રૂા. ૧૫૯.૭૭ કરોડ થયેલ છે. ઘરવેરા આકરણી રજીસ્ટરે નોંધાયેલ કુલ રૂા. ૩.૧૦ લાખ કરદાતાઓ પૈકી કુલ ૧.૯૨ કરદાતાઓ દ્વારા વેરો ભરપાઈ કરવામાં આવેલ છે. આજે બુધવારના રોજ ઘરવેરા વિભાગની રિકવરી ટીમ દ્વારા કુલ ૨૦ મિલકતને સીલ કરવામાં આવેલ છે, જેમાં શહેરના ઘોઘા સર્કલ પાસે આવેલ ક્રેવ ઈટેબલ (બચુભાઇ દૂધવાળા)નો પણ સમાવેશ થાય જેનો રૂા. ૧૯.૯૭ લાખનો મિલકત વેરો ભરપાઈ કરવાનો બાકી હોવાથી સીલ કરવામાં આવેલ છે.ચાલુ નાણાંકીય વર્ષને પૂર્ણ થવામાં હવે દોઢ માસ જેટલો જ સમય બાકી છે તેથી આગામી દિવસોમાં વેરો ભરપાઈ કરવાનો બાકી હોય તેવી વધુમાં વધુ મિલકતોને સીલ કરવામાં આવનાર છે. મિલકત વેરાના બાકીદારોને તેઓની મિલકત વેરો સત્વરે ભરપાઈ કરવા મહાપાલિકાના ઘરવેરા વિભાગના અધિકારીએ જણાવેલ છે. મહાપાલિકાએ મિલકત વેરો વસુલવા કડક કાર્યવાહી કરતા બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.



# કારે અડફેટે લઈ અકસ્માત સર્જતા બાઈક ચાલકનું મોત

ભાવનગર : બગદાણા નજીક જેસર ચોકડી પાસે કારે અડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં બાઈક ચાલકનું મોત નિપજ્યું છે. બનાવ અંગે બગદાણા પોલીસ મથકમાં કાર ચાલક સામે ગુનો નોંધાયો છે.મહુવા તાલુકાના કરમદીયા ગામે રહેતા દુલાભાઈ બાલુભાઈ ઠુમ્મરે બગદાણા પોલીસ મથકમાં સફેદ કલરની ૫૮૨૧ નંબરની કારના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમના ભત્રીજા જેન્તીભાઈ મુળજીભાઈ ઠુમ્મર તેમનું જીજે-૦૫-બીએલ-૫૦૭૭ નંબરની બાઈક લઈને બગદાણા દર્શન કરી કરમદીયા ગામે તેમના ઘરે જતા હતા ત્યારે જેસર ચોકડી પાસે પહોંચતા સામેથી ઉક્ત સફેદ રંગની ૫૮૨૧ નંબરની કારના ચાલકે તેમના ભત્રીજાની બાઈકને અડફેટે લઈ અકસ્માત સર્જી નાસી છૂટયો હતો. જેમાં તેમના ભત્રીજાને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડયા હતા.

### પાળીયાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ

# મોટી વીરવા ગામે ડિગ્રી વગર દવાખાનું ચલાવતો બોગસ તબીબ ઝડપાયો

ભાવનગર : બોટાદના મોટી વીરવા ગામે ડિગ્રી વગર દવાખાનું ચલાવતા બોગસ ડોક્ટરને એસઓજી બોટાદે ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બોટાદ એસઓજીનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન બાતમી મળી હતી કે, મોટી વીરવા ગામે ડિગ્રી વગરના તબીબ દવાખાનું ચલાવે છે. જે બાતમીના આધારે બોટાદના મોટી વીરવા ગામે દરોડો પાડી જયસુખ ગણેશભાઈ બરોલીયા




નામનો શખ્સ પોતે ડોક્ટર ન હોવા છતા ડોક્ટર તરીકેની ઓળખ આપી કોઈપણ જાતની મેડીકલ પ્રેક્ટીસ માટેની ડિગ્રી ધરાવતા ન હોવા છતા પોતે ડોક્ટર હોવાની દેખાવ કરી ક્લિનિક ચલાવી ક્લિનિકમાં દવાની ટીકડીઓ, તથા અન્ય મેડીકલ પ્રેકટીસમાં ઉપયોગ કરેલો સામાન તથા મેડીકલ પ્રેક્ટીસને લગતા સામાન મળી કુલ રૂ.૧૨,૧૦૯ તથા રોકડ રૂપિયા ૧૧,૨૦૦ મળી કુલ રૂ.૨૩,૩૦૯ મુદ્દામાલ સાથે મળી સાથે ઝડપી લઇ તેના વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૯(૨) તથા મેડીકલ પ્રેક્ટીશનર એક્ટની કલમ ૩૦ મુજબનો ગુન્હો પાળીયાદ પોલીસ મથકમાં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે 'શુભેચ્છા સમારંભ'

# રાજપુરની શ્રી યોગીજી મહારાજ સાર્વજનિક હાઇસ્કુલમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય-શુભેચ્છા સમારંભ ભવ્ય રીતે યોજાયો

કડી તાલુકાના રાજપુર ગામમાં આવેલી શ્રી યોગીજી મહારાજ સાર્વજનિક હાઈસ્કુલ ખાતે આજરોજ તારીખ ૧૯-૦૨-૨૦૨૬ ના રોજ બોર્ડની પરીક્ષા આપનાર ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ માટે 'શુભેચ્છા સમારંભ' અને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ માટે 'વિદાય સમારંભ'નું ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું.

* પ્રેરક માર્ગદર્શન: સંસ્થાના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ પટેલ, શાળાના આચાર્યશ્રી તેમજ સંસ્થાના અનુભવી વડીલ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ જ સુંદર અને પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહાનુભાવોએ વિદ્યાર્થીઓને પરીક્ષાના ટેન્શનથી દૂર રહી, આત્મવિશ્વાસ સાથે સફળતાના શિખરો સર કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

* વિદ્યાર્થીઓની સ્પીચ: કાર્યક્રમમાં વિદાય આપનાર અને વિદાય લેનાર તમામ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ પોતાની સ્પીચ (વક્તવ્ય) આપી હતી. જેમાં તેમણે શાળાના સ્મરણો અને શિક્ષકો પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.



* વિદાય ગીત: શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા ભાવસભર વિદાય ગીત રજૂ કરવામાં આવ્યું હતું, જેના મધુર અને લાગણીશીલ સૂરથી સમગ્ર વાતાવરણ ભાવુક બની ગયું હતું.

* તિલક અને સન્માન: ભારતીય સંસ્કૃતિ મુજબ તમામ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી અને શાળા પરિવાર તરફથી પેન અર્પણ કરી પરીક્ષા માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

* અલ્પાહારની વ્યવસ્થા: કાર્યક્રમના અંતે શાળા સંસ્થા દ્વારા ઉપસ્થિત તમામ મહેમાનો, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ માટે અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.આ પ્રસંગે સંસ્થાના મંત્રી શ્રી બાબુભાઈ બેન્કર, વાલી મંડળના પ્રમુખ શ્રી સંજયસિંહ ડાભી, તમામ શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ અત્યંત ઉત્સાહપૂર્વક અને શિસ્તબદ્ધ રીતે સંપન્ન થયો હતો.

### રૂ. 29 હજારનો મુદ્દામાલ કબજે લીધો

# નિલમબાગ સર્કલ પાસેથી વિદેશી દારૂના જથ્થા સાથે 3 મહિલા ઝડપાઈ

(એજન્સી) ભાવનગર | તા.19

નિલમબાગ સર્કલ મહાનગરપાલીકાના સ્વિમિંગ પુલ સામેથી વિદેશી દારૂની બોટલ ભરેલા થેલા સાથે લોકલ ક્રાઈમબ્રાન્ચે ત્રણ મહિલાને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.લોકલ ક્રાઈમબ્રાન્ચના સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન બાતમી મળી હતી કે, ત્રણ મહીલાઓ તેનાં કબ્જા-ભોગવટાના થેલાઓમાં ભારતીય બનાવટનો પરપ્રાંત ઇંગ્લીશ દારૂનો જથ્થો બહારથી લાવી હાલ નીલમબાગ સર્કલ મહાનગર પાલીકાના સ્વિમિંગ પુલ સામે જાહેર રોડ ઉપર ઉભા છે. જે બાતમીના આધારે પોલીસે દરોડો પાડી સ્વિમિંગ પુલ સામે ઉભેલી ઉપાસનાબેન ગૌતમભાઇ



જગુભાઇ ઇંદ્રેકર, કોમલબેન સંતોષભાઇ વિક્રમભાઇ રાઠોડ, અનમોલબેન સુશાંતભાઇ વિનુભાઈ ઇંદ્રેકરને અટકાવી સાથે રહેલા થેલાની તલાશી લેતા વિદેશી દારૂની ૧૬૦ બોટલ રૂ.૨૯,૯૨૫ના મુદામાલ સાથે ત્રણેય મહિલાને ઝડપી લઇ તેના વિરૂધ્ધ નિલમબાગ પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## રોબર્ટ કિયોસાકીની રોકાણકારો માટે ગંભીર ચેતવણી

# રોબર્ટ કિયોસાકીની શેરબજાર ક્રેશ અંગે ભયાનક આગાહી

(એજન્સી) ગાંધીનગર | તા 19

વિશ્વના સૌથી લોકપ્રિય નાણાકીય પુસ્તક 'રિચ ડેડ પુઅર ડેડ' ના લેખક રોબર્ટ કિયોસાકીએ ફરી એકવાર વૈશ્વિક અર્થતંત્રને લઈને અત્યંત ચોંકાવનારી આગાહી કરી છે. તેમણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા દાવો કર્યો છે કે માનવ ઈતિહાસનો અત્યાર સુધીનો સૌથી મોટો આર્થિક કડાકો એટલે કે શેરબજાર ક્રેશ ખૂબ જ નજીક છે. તેમના મતે જે લોકો આ પરિસ્થિતિ માટે માનસિક અને આર્થિક રીતે તૈયાર નથી, તેમના માટે આ સમય એક ભયાનક સ્વપ્ન સમાન સાબિત થશે, જ્યારે સમજદાર રોકાણકારો માટે આ અમીર બનવાની જીવનની સૌથી મોટી તક બની રહેશે.




રોબર્ટ કિયોસાકીએ વર્ષ 2013માં પ્રકાશિત થયેલા તેમના પુસ્તક 'રિચ ડેડ્સ પ્રોફેસી'નો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે તેમણે એક દાયકા પહેલા જ જે ભવિષ્યવાણી કરી હતી, તે હવે સાચી પડવાની તૈયારીમાં છે. તેમના મતે આ શેરબજાર ક્રેશ માત્ર અમેરિકા પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ તેની અસર યુરોપ અને એશિયા સહિત સમગ્ર વિશ્વના બજારો પર જોવા મળશે. કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) ના કારણે છીનવાતી નોકરીઓ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રે વધી રહેલા દબાણને કારણે આ પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે.સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, કિયોસાકીએ આ આપત્તિમાં પણ એક મોટી તક જોઈ છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે જ્યારે બજારમાં ગભરાટ ફેલાય છે અને કિંમતો તળિયે બેસી જાય છે, ત્યારે જ અસલી અમીર બનવાની તક પેદા થાય છે. બજાર તૂટવાથી ઘર, ગાડી અને અન્ય સંપત્તિઓ ખૂબ જ સસ્તા ભાવે ઉપલબ્ધ થશે. જે લોકો પાસે રોકડ રકમ હશે અથવા જેમણે સાચી એસેટ્સમાં રોકાણ કર્યું હશે, તેઓ આ મંદીના સમયે સસ્તામાં ખરીદી કરીને ભવિષ્યમાં અઢળક સંપત્તિ બનાવી શકશે.રોબર્ટ કિયોસાકીએ ફરી એકવાર ભારપૂર્વક જણાવ્યું છે કે તેઓ કાગળ પરની સંપત્તિ (સ્ટોક્સ કે બોન્ડ્સ) ને બદલે વાસ્તવિક સંપત્તિ પર વધુ વિશ્વાસ ધરાવે છે. તેમણે જણાવ્યું કે તેમની પાસે અસલી સોનું, ચાંદી અને બિટકોઈનનો મોટો જથ્થો છે. ખાસ કરીને બિટકોઈન અંગે તેઓ ખૂબ જ આશાવાદી છે, કારણ કે તેની સંખ્યા મર્યાદિત છે. તેમણે આગાહી કરી છે કે જો બિટકોઈનનો ભાવ નીચે જશે, તો તેઓ વધુ ખરીદી કરશે. વર્ષ 2026 સુધીમાં સોનું અને બિટકોઈન નવી ઊંચાઈઓ સર કરી શકે છે તેવું તેમનું દ્રઢપણે માનવું છે. વર્તમાન આર્થિક અનિશ્ચિતતા વચ્ચે કિયોસાકીની આ ચેતવણી રોકાણકારોને સતર્ક કરી રહી છે. તેમનો સંદેશ સ્પષ્ટ છે કે બજારમાં આવનારા મોટા ફેરફારોથી ડરવાને બદલે તેના માટે પૂર્વતૈયારી કરવી જરૂરી છે. સુરક્ષિત રોકાણના વિકલ્પો શોધવા અને અર્થતંત્રમાં આવતા ઉતાર-ચઢાવને સંપત્તિ વધારવાના માધ્યમ તરીકે જોવા તેમણે સલાહ આપી છે.

## ચીની રોકાણ ભારત તરફ વળવા ડ્રેગન આતુર બન્યું

અમદાવાદ: વૈશ્વિક અર્થતંત્રમાં ડ્રેગન તરીકે ઓળખાતું ચીન હાલમાં ગંભીર આર્થિક સંકટ અને સ્થાનિક મંદીના ખપ્પરમાં હોમાઈ રહ્યું છે. ચીની કંપનીઓ પોતાની ડૂબતી નૈયા બચાવવા માટે હવે ભારત જેવા વિશાળ અને વિકસતા બજાર તરફ મીટ માંડી રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ચીનની અનેક દિગ્ગજ કંપનીઓ ભારતમાં સીધું વિદેશી રોકાણ (FDI) કરવા માટે તલપાપડ છે. આ પરિસ્થિતિને જોતા ભારત સરકાર પણ રાષ્ટ્રીય સુરક્ષા સાથે બાંધછોડ કર્યા વગર પડોશી દેશોના રોકાણ અંગેના પોતાના કડક વલણમાં આંશિક રાહત આપવા અંગે ગંભીરતાથી વિચારણા કરી રહી છે.મીડિયા અહેવાલ અનુસાર, ચીનનું બજાર હાલમાં દાયકાની સૌથી ખરાબ મંદીનો સામનો કરી રહ્યું છે. નિષ્ણાતોનું માનવું છે કે જો ચીન તાત્કાલિક આર્થિક સુધારા નહીં કરે, તો તેનો વિકાસ દર આગામી વર્ષોમાં ઘટીને ૨.૫% સુધી પહોંચી શકે છે. બેઈજિંગે ૨૦૩૫ સુધીમાં અર્થતંત્ર બમણું કરવાનું જે લક્ષ્ય રાખ્યું હતું તેના માટે ૪.૧૭%નો સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર જરૂરી છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં ૪% વૃદ્ધિ મેળવવી પણ લોઢાના ચણા ચાવવા જેવી સાબિત થઈ રહી છે. છેલ્લા ત્રણ મહિનામાં ચીનનો જીડીપી વૃદ્ધિ દર ઘટીને ૪.૫% થયો છે, જે ત્રણ વર્ષની નીચી સપાટી છે.સ્થાનિક બજારમાં ઘટેલી ખરીદ શક્તિ અને વિકસિત દેશો દ્વારા લાદવામાં આવેલા વેપાર અવરોધોને કારણે ચીની કંપનીઓ માટે હવે ભારત સૌથી મોટો વિકલ્પ બની રહ્યું છે.

# News Brief

### ટાટા ગ્રૂપ અને ઓપન એઆઈએ ભારત અને વૈશ્વિક સ્તરે એઆઈ ટ્રાન્સફોર્મેશનને આગળ ધપાવવા ભાગીદારી કરી

અમદાવાદ | ટાટા ગ્રૂપ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ) (BSE: 532540, NSE: ટીસીએસ) અને ઓપનએઆઈ એ એન્ટરપ્રાઈઝ, કન્ઝ્યુમર અને સામાજિક ક્ષેત્રે એઆઈ-આધારિત નવીનતા લાવવા માટે બહુઆયામી વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે. આ ભાગીદારી ટાટા ગ્રૂપની કંપનીઓમાં એઆઈ-આધારિત ઈનોવેશન લાવવા, વૈશ્વિક સ્તરે ઉદ્યોગોમાં એઆઈ પરિવર્તન લાવવાના સંયુક્ત પ્રયાસો અને એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવા જેવા અનેક હાઈ-ઈમ્પેક્ટ ક્ષેત્રોમાં વિસ્તરેલી છે. એન્ટરપ્રાઈઝ ChatGPT દ્વારા ટાટા ગ્રૂપના કર્મચારીઓનું સશક્તિકરણ: ટાટા ગ્રૂપના હજારો કર્મચારીઓને એન્ટરપ્રાઈઝ ChatGPTની એક્સેસ મળશે, જે નવીનતા અને ઉત્પાદકતામાં વધારો કરશે. આ ઉપરાંત, ટીસીએસ તેના સોફ્ટવેર એન્જિનિયરિંગના પરિણામો સુધારવા માટે ઓપન એઆઈના Codexનો ઉપયોગ કરશે.

### ગુજરાત છુપા જાહેર સંકટનો સામનો કરી રહ્યું છે : મચ્છર ભગાડતી અગરબત્તીના ગેરકાયદેસર ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર

અમદાવાદ | ગેરકાયદેસર મચ્છર ભગાડતી અગરબત્તીઓ માટે ગુજરાત પશ્ચિમ ભારતમાં સૌથી મોટા બજારોમાંથી એક તરીકે ઉભરી આવ્યું છે, લોકોનાં જાહેર સ્વાસ્થ્ય સામે રહેલું આ સંકટ જોખમી છે. કાયદેસરના મોસ્કીટો રિપેલન્ટ સોલ્યુશન પ્રદાન કરતી કંપનીઓ, ભારતમાં ઘરગથ્થુ જંતુનાશકોના સલામત ઉપયોગને પ્રોત્સાહન આપતી બિન-લાભકારી ઉદ્યોગ સંસ્થા - ધ હોમ ઈન્સેક્ટ કંટ્રોલ એસોસિએશન (HICA) જેવી સંસ્થાઓ સાથે મળીને, લોકોને અને સત્તાધીશોને આવા અસ્વીકૃત અને ગેરકાયદેસર મચ્છર ભગાડતી અગરબત્તીઓના જોખમો વિશે સક્રિય રીતે ચેતવણી આપી રહી છે, કેમ કે તે આરોગ્ય સામે ગંભીર જોખમો ઉભા કરે છે.ભારતમાં ગેરકાયદેસર અગરબત્તીનું બજાર અંદાજે રૂપિયા 1800 કરોડથી વધુનું છે. ગુજરાત આ અસુરક્ષિત અને ગેરકાયદેસર ઉત્પાદનોના ઉત્પાદન માટેના સૌથી મોટા હબમાંથી એક છે.'હર્બલ' અથવા 'કુદરતી' તરીકે માર્કેટિંગ કરવામાં આવતી ગેરકાયદેસર મચ્છર ભગાડનારી અગરબત્તીઓમાં ઘણીવાર અનધિકૃત રસાયણો હોય છે.

### બરોડા બીએનપી પારિબાએ બરોડા બીએનપી પારિબા ઈએસજી બેસ્ટ-ઇન-ક્લાસ સ્ટ્રેટેજી ફંડ શરૂ કર્યું – રોકાણકારો તથા સમાજ માટે લાભદાયક

મુંબઈ | આબોહવા પરિવર્તન શહેરો, ખેતરો અને વૈશ્વિક સપ્લાય ચેઈનને વધુને વધુ અસર કરી રહી હોવાથી, વિશ્વભરના વ્યવસાયો માટે ટકાઉપણું એક વ્યૂહાત્મક આવશ્યકતા બની ગયું છે. વધતા કાર્યકારી ખર્ચ, પર્યાવરણીય જોખમો અને કડક નિયમોનો અર્થ એ છે કે કંપનીઓ હવે ટકાઉપણાને વૈકલ્પિક તરીકે જોઈ રહી નથી. આ માળખાકીય પરિવર્તનના પ્રતિભાવમાં, બરોડા બીએનપી પારિબા મ્યુચ્યુઅલ ફંડે બરોડા બીએનપી પારિબા ઈએસજી બેસ્ટ-ઈન-ક્લાસ સ્ટ્રેટેજી ફંડ શરૂ કર્યું છે, જે રોકાણકારોને લાંબા ગાળાની સંપત્તિ નિર્માણ સાથે જોડાયેલા રહેવા સક્ષમ બનાવે છે, જ્યારે મજબૂત ઈએસજી પ્રદર્શન ધરાવતી કંપનીઓમાં એક્સપોઝર મેળવે છે. ભારતમાં ઈએસજી સિદ્ધાંતોનું એકીકરણ ઝડપથી વધ્યું છે. 2025ના સેબી ડેટા મુજબ, ભારતની ટોચની 1000 લિસ્ટેડ કંપનીઓએ નિયમનકારી આવશ્યકતાઓને કારણે ટકાઉપણા અહેવાલો પ્રકાશિત કર્યા હતા.

### ગુજરાતમાં સિકલ સેલ અને થેલેસેમિયાનું વધતું ભારણ, નિષ્ણાંતોએ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટને સારવારનો યોગ્ય વિકલ્પ ગણાવ્યો

અમદાવાદ, 19 ફેબ્રુઆરી, 2026: ગુજરાતમાં સિકલ સેલ અને થેલેસેમિયા જેવાં આનુવંશિક બ્લડ ડિસઓર્ડરનું ભારણ વધી રહ્યું છે, જે સમયસર નિદાન અને સારવારની જરૂરિયાત ઉપર ભાર મૂકે છે.આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લોકસભામાં રજૂ કરાયેલા આંકડા મૂજબ 28 જુલાઈ, 2025 સુધીમાં ગુજરાતમાં સિકલ સેલ બિમારી માટે 77.34 લાખથી વધુ લોકોનું સ્ક્રીનિંગ કરાયું હતું, જેમાંથી 28,178 લોકોને બિમારી હોવાની પુષ્ટિ કરાઈ હતી. દેશભરમાં 9 ફેબ્રુઆરી, 2026 સુધીમાં 33.44 લાખ વ્યક્તિઓનું થેલેસેમિયા માટે સ્ક્રીનિંગ કરાયું હતું, જેમાંથી 11,274ને થેલેસેમિયા મેજર કેસ અને 94,542ની બિમારીને વાહક (કેરિયર) તરીકે ઓળખ કરાઈ હતી.સંસદમાં રજૂ કરાયેલાં ડેટા રાષ્ટ્રીય સ્તરે થેલેસેમિયાના આંકડા સૂચવે છે ત્યારે ગુજરાતમાં કેટલાંક સમુદાયોમાં થેલેસેમિયાની સમસ્યા પહેલેથી હોવાનું જોવા મળ્યું છે, જે રાજ્ય માટે આનુવંશિક હિમોગ્લોબિન સંબંધિત બિમારીઓને મેનેજ કરવાના પડકારમાં વધારો કરે છે.

આ બિમારીઓથી પ્રભાવિત હજારો પરિવારો માટે પરિસ્થિતિને મેનેજ કરવામાં આજીવન બ્લડ ટ્રાન્સફ્યુઝન, આયર્ન કીલેશન થેરાપી, વારંવાર હોસ્પિટલની મુલાકાત તથા નિયમિત મોનિટરિંગનો સમાવેશ થાય છે, જેનાથી વ્યક્તિની જીવન ગુણવત્તા નોંધપાત્ર રીતે પ્રભાવિત થાય છે તેમજ પરિવારો ઉપર આજીવન મેડિકલ અને નાણાકીય ભારણ સર્જાય છે.

## નીતિ આયોગના ફેલો અમલાન મોહંતીનું વિધાન

# JioHotstar ભારતમાં ચેટજીપીટી-બ્રાન્ડેડ કોન્વર્સેશનલ સ્ટ્રીમીંગ લોંચ કર્યું

નવી દિલ્હી: છેલ્લા એક દાયકાથી વધુ સમયથી ડિજિટલ મનોરંજન એકતરફી પ્રક્રિયા રહી છે, જેમાં યુઝર્સ માત્ર કન્ટેન્ટ બ્રાઉઝ કરે છે અને જુએ છે. જિયો હોટસ્ટાર અને ઓપનએઆઈએ આજે એક ઐતિહાસિક ભાગીદારીની જાહેરાત કરી છે. આ ભાગીદારી હેઠળ ભારતનાં સૌથી મોટા સ્ટ્રીમિંગ ડેસ્ટિનેશનના હાર્દમાં ચેટજીપીટી સંચાલિત વોઈસ ડિસ્કવરી અને ઈમર્સિવ અનુભવ રજૂ કરવામાં આવશે. આ સહયોગ દ્વારા, જિયો હોટસ્ટાર 'મલ્ટિલિંગ્વલ કોગ્નિટિવ સર્ચ' ટેકનોલોજીની મદદથી 'શું જોવું?' તે મૂંઝવણનો ઉકેલ લાવી રહ્યું છે. આ નવીન પ્રણાલી સતત સ્ક્રોલિંગને કારણે થતા થાકને દૂર કરી, તેને અર્થપૂર્ણ અને માનવ-કેન્દ્રીય શોધમાં પરિવર્તિત કરશે.ભારતમાં પ્રથમ પ્રકારનાં આ ઈનોવેશનમાં દર્શકો હવે વિવિધ ભાષાઓ, શૈલીઓ અને પ્રસંગોમાં માત્ર બોલીને જ પોતાની મનપસંદ વાર્તાઓ શોધી શકશે અને તેમાં મગ્ન થઈ શકશે, જે સ્ટ્રીમિંગને એક સહજ અને અત્યંત વ્યક્તિગત સંવાદમાં પરિવર્તિત કરશે.મેનુ નેવિગેટ કરવા અથવા કીવર્ડ્સ ટાઈપ કરવાને બદલે દર્શકો હવે ફક્ત તેમનો હેતુ, મૂડ અથવા સંદર્ભ જણાવી શકશે અને તરત જ બુદ્ધિશાળી અને સંદર્ભ-જાગૃત સૂચનો મેળવી શકશે. ચેટજીપીટી બ્રાન્ડેડ આ વોઈસ આસિસ્ટન્ટ મર્યાદિત કીવર્ડ-આધારિત શોધ પ્રક્રિયાને સંપૂર્ણપણે બદલી નાખશે. તે દર્શકોને માત્ર તેઓ જે સ્પષ્ટપણે માંગે છે તે જ નહીં, પરંતુ તેઓ જે શોધી રહ્યા હતા છતાં જેનાથી અજાણ હતા તેવા સૂચનો પણ આપશે, જે મનોરંજનનો અનુભવ કરવાની એક વધુ સમૃદ્ધ અને અર્થપૂર્ણ રીત પ્રદાન કરશે.

## અશ્વિની વૈષ્ણવે ઉદ્યોગ અને શિક્ષણ જગતની વ્યૂહાત્મક બેઠકમાં મેન્યુફેક્ચરિંગ એન્જિનિયરિંગ ટેક્નોલોજી (એમઈટી) માટે ભારતની એઆઈ પ્રાથમિકતાઓ રજૂ કરી

નવી દિલ્હી | કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી પ્રધાન શ્રી અશ્વિની વૈષ્ણવે ઉદ્યોગ જગત, વિશ્વભરના શિક્ષણવિદો, નીતિ ઘડનારાઓ અને ટેક્નોલોજી નિષ્ણાંતોને સમાવતી એક વ્યૂહાત્મક બેઠકનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું. આ બેઠકમાં ભારતની એઆઈ પ્રાથમિકતાઓ, ખાસ કરીને મેન્યુફેક્ચરિંગ એન્જિનિયરિંગ ટેક્નોલોજી (એમઈટી) માટે, સ્પષ્ટ કરવામાં આવી હતી તથા ટેક્નોલોજી અપનાવવા, કુશળતાઓ વિકસાવવા અને સમાવેશક વૃદ્ધિ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026 ખાતે આ બેઠક ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયના નેતૃત્વ હેઠળ નેમટેક દ્વારા યોજવામાં આવી હતી. તેમાં માસાચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (એમઆઈટી), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી - મદ્રાસ (આઈઆઈટી-એમ) તથા અન્ય અગ્રણી યુનિવર્સિટીઓના શિક્ષણવિદો ઉપરાંત માઈક્રોસોફ્ટ ઈન્ડિયા, ડેલ ટેક્નોલોજીસ, સિસ્કો ઈન્ડિયા, હિતાચી ઈન્ડિયા, ટાટા ઈલેક્ટ્રોનિક્સ, રોકવેલ ઓટોમેશન, પાલો અલ્ટો નેટવર્ક્સ, પેપાલ અને ઈન્ટેલ સહિતની કંપનીઓના સી-સ્યૂટ એક્ઝિક્યુટિવ્સ એક મંચ પર આવ્યા હતા.ઉદ્યોગ જગત, શિક્ષણ જગત અને સરકાર વચ્ચેની આ ચર્ચામાં ઉદ્યોગ અને શિક્ષણ ક્ષેત્રના અગ્રણીઓએ એઆઈને ભારતના ઔદ્યોગિક ક્ષેત્રોમાં ઉત્પાદકતા, સ્પર્ધાત્મકતા અને નવીનતા માટે પાયાના સક્ષમકર્તા તરીકે ગણાવી હતી જે 2047 સુધીમાં વિકસિત ભારતના દેશના વિઝન સાથે સંલગ્ન છે.આ બેઠક ભારત મંડપમ ખાતે મે, 2025માં યોજાયેલી ઉદ્યોગ-શિક્ષણ જગતની રાઉન્ડટેબલ બેઠકની સફળતાના પગલે યોજવામાં આવી હતી, જેમાં ભારતમાં ઔદ્યોગિક પરિવર્તન લાવવા માટે સામૂહિક કામગીરીની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. પરિણામે મેન્યુફેક્ચરિંગ એન્જિનિયરિંગ ટેક્નોલોજી (એમઈટી) પ્લેટફોર્મની કલ્પના કરવામાં આવી રહી છે, જેનું આયોજન અને ઉત્પ્રેરણા નેમટેક દ્વારા કરવામાં આવ્યું છે જેથી ઉદ્યોગ જગત, શિક્ષણ જગત અને સરકારને એક સહિયારા ગવર્નન્સ અને એક્ઝિક્યુશન મોડલમાં સાથે લાવી શકાય.

## જે માસ-પ્રીમિયમ સેગમેન્ટમાં ફ્લેગશિપ ડિસ્પ્લે, નવીનતમ XOS 16 અને D 7100 ચિપસેટ સાથે આવે છે.

# Infinix NOTE Edge એક ઓલ-રાઉન્ડ પાવર ફોન તરીકે લોન્ચ કરવામાં આવ્યો છે

નવી દિલ્હી | નવા યુગના સ્માર્ટફોન બ્રાન્ડ, ઈન્ફિનિક્સે આજે NOTE Edge ના લૉન્ચની જાહેરાત કરી - એક સર્વાંગી પાવર ડિવાઈસ જે XOS 16 ના ડેબ્યૂ સાથે માસ-પ્રીમિયમ સેગમેન્ટને ફરીથી વ્યાખ્યાયિત કરે છે. 19,999 રૂપિયા (ઑફર સહિત) થી શરૂ થતી, NOTE EDGE ફ્લેગશિપ-ગ્રેડ સૌંદર્ય શાસ્ત્ર, લાંબા સમય સુધી ચાલતી બેટરી પ્રદર્શન અને સીમલેસ 5G કનેક્ટિવિટી સુલભ કિંમતે. NOTE Edge મહત્વાકાંક્ષી ગ્રાહકો માટે વિચારશીલ ડિઝાઈન, ટકાઉ પ્રદર્શન અને અદ્યતન છતાં સુલભ ટેકનોલોજી પહોંચાડવાની ઈન્ફિનિક્સની ફિલસૂફીને પ્રતિબિંબિત કરે છે.NOTE Edge માં ભારતનો સૌથી સ્લિમ 6.78-ઈંચ, 3D-વક્ર 1.5K AMOLED ડિસ્પ્લે છે, જેમાં 4500 nits પીક બ્રાઈટનેસ અને એકસમાન અલ્ટ્રા-નૅરો બેઝલ્સ છે, જે બેઝ પર 1.87mm સુધી નીચે છે. અંદર, ડિસ્પ્લેની જ્વેલરી-પ્રેરિત બેક ડિઝાઈનમાં પ્રીમિયમ સિલ્ક- ગ્રીન ટેક્સચર છે જેમાં ત્રણ કલરવેમાં ચમકતો, ઈરિડેસન્ટ ફિનિશ છે, જે લક્ઝરી મટિરિયલ્સની યાદ અપાવે છે. 7.2mm સ્લિમ NOTE Edge માં 45W ઑલ-રાઉન્ડ ફાસ્ટચાર્જ અને સ્વ-હીલિંગ ટેકનોલોજી સાથે 6500mAh બેટરી છે, જે 2,300 ચાર્જ ચક્ર પછી 80% થી વધુ ક્ષમતા જાળવી રાખે છે. JBL-એન્જિનિયર્ડ ડ્યુઅલ સ્ટીરિયો સ્પીકર્સ સાથે હાઈ-રીઝ ઑડિઓ અને 360-ડિગ્રી સપ્રમાણ ધ્વનિ ક્ષેત્ર સાથે, NOTE Edge માં એક્ટિવ હેલો રિંગ લાઈટિંગ પણ છે જે સૂચનાઓ, કૉલ્સ અને ચાર્જિંગનો બુદ્ધિપૂર્વક પ્રતિસાદ આપે છે.આ બધું ભારતના પ્રથમ મીડિયાટેક ડાયમેન્સિટી 7100 5G ચિપસેટ દ્વારા સંચાલિત છે, જે ઓછા પાવર વપરાશ સાથે કાર્યક્ષમ પ્રદર્શન પ્રદાન કરે છે.

## કાયાપલટ થયા પછી મેડિકાબજારનું બિલિયન ડોલર કંપનીની મહત્વાકાંક્ષાને વેગ આપવા 50 મિલિયન ડોલર એકત્રિત કરવાનું લક્ષ્ય

નેશનલ, 19 ફેબ્રુઆરી, 2026 - જ્યાં ઝડપી વિકાસ ઘણીવાર ટકાઉપણાના ભોગે થતો હોય છે તેવા ક્ષેત્રમાં મેડિકાબજારની તાજેતરમાં થયેલી કાયાપલટ નફાકારકતા અને શિસ્તબદ્ધ વૃદ્ધિ તરફ નોંધપાત્ર પરિવર્તન દર્શાવે છે. કામગીરીમાં ધરમૂળથી પરિવર્તન લાવવાના સમયગાળા પછી અને તેના ગ્રુપ સીઈઓ દિનેશ લોધાના નેતૃત્વ હેઠળ, કંપનીએ એક વિશ્વસનીય મહત્વાકાંક્ષા વ્યક્ત કરી છે: ફંડામેન્ટલ્સમાં સુધારો કરીને તથા રોકાણકારોનો નવેસરથી વિશ્વાસ મેળવીને આગામી પાંચ વર્ષમાં એક અબજ ડોલરની કંપની બનાવવી.

આ સમય ભારતના હેલ્થકેર ક્ષેત્રમાં વ્યાપક ઉન્નતિ સાથે સુસંગત છે. ઉદ્યોગ એક મજબૂત મૂડી ખર્ચ ચક્રમાં પ્રવેશી રહ્યો છે, જેમાં આગામી વર્ષોમાં 10 અબજ ડોલરથી વધુ રોકાણ થવાનો અંદાજ છે, જેનાથી દેશભરમાં લગભગ 40,000 હોસ્પિટલ બેડ ઉમેરાય તેવી અપેક્ષા છે. હાલની હોસ્પિટલો ક્ષમતામાં વધારો કરી રહી છે અને ઓછા તથા મોટાભાગે અસંગઠિત આરોગ્યસંભાળ બજારને સેવાઓ આપવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરી રહી છે. તેના સ્કેલ અને સ્થાપિત હાજરી સાથે, મેડિકાબજાર ભારતની હેલ્થકેર સપ્લાય ચેઈનના આ પરિવર્તનમાં અર્થપૂર્ણ ભૂમિકા ભજવવા માટે પોતાને સ્થાન આપી રહી છે.

ઉત્પાદકોના વધતા રસ અંગે વાત કરતા ગ્રુપ સીઈઓ શ્રી દિનેશ લોધાએ જણાવ્યું હતું કે, "મેડિકાબજાર સાથે ભાગીદારી કરવા માટે ઓઈએમ તરફથી વધતો જતો રસ અમારા ટેક્નોલોજી-સંચાલિત પ્લેટફોર્મની મજબૂતાઈ અને હેલ્થકેર સપ્લાય ચેઈનની અમારી ઊંડી સમજ દર્શાવે છે. અમે એક એવી ઈકોસિસ્ટમ બનાવી રહ્યા છીએ જે ડિજિટલ પરિવર્તનને સક્ષમ બનાવે, ઉપરાંત ઉત્પાદકો અને હેલ્થકેર પ્રોવાઈડર્સ બંને માટે મેડિકાબજારને વિશ્વસનીય, લાંબા ગાળાના ભાગીદાર તરીકે સ્થાપિત કરે."

## રોકાણકારોના આકર્ષણમાં થયો મોટો ઘટાડો

# વર્ષ 2026 માં IPO માર્કેટ સાવ ફિક્કું પડી ગયું


(એજન્સી) મુંબઈ | તા 19

ભારતીય શેરબજારમાં વર્ષ 2025માં જોવા મળેલી ઐતિહાસિક તેજી અને જાહેર ભરણાંના (IPO) પૂર બાદ હવે વર્ષ 2026 ના પ્રારંભિક તબક્કે પ્રાયમરી માર્કેટમાં ભારે નિરસતા જોવા મળી રહી છે. ગત વર્ષે કંપનીઓએ બજારમાંથી જંગી મૂડી ઊભી કરવામાં સફળતા મેળવી હતી, પરંતુ ચાલુ વર્ષના પ્રથમ બે મહિનામાં જ ચિત્ર બદલાઈ ગયું હોય તેમ જણાય છે. બજારમાં નવા ભરણાંની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને તેની સાથે રોકાણકારોનો ઉત્સાહ પણ ઓસરી રહ્યો છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વર્ષ 2025માં દેશમાં કુલ 373 જાહેર ભરણાં આવ્યા હતા, જેમાંથી 103 મેઈનબોર્ડ અને 270 એસએમઈ (SME) ભરણાં હતા. આ ભરણાં દ્વારા કંપનીઓએ આશરે 1.95 ટ્રિલિયન જેટલી માતબર રકમ એકત્ર કરી હતી. જોકે, વર્ષ 2026 માં અત્યાર સુધી માત્ર પાંચ જ મેઈનબોર્ડ ભરણાં બજારમાં આવ્યા છે. મીડિયા અહેવાલ અનુસાર, રોકાણકારો દ્વારા અરજી કરવાની માત્રામાં પણ મોટો ઘટાડો નોંધાયો છે, જે દર્શાવે છે કે બજારમાં અત્યારે 'વેઈટ એન્ડ વોચ'ની સ્થિતિ છે.એક અહેવાલમાં જણાવાયા અનુસાર, રોકાણકારોની રૂચિ ઘટવા પાછળનું મુખ્ય કારણ લિસ્ટિંગ સમયે મળતું નબળું વળતર છે. વર્ષ 2025 માં 43 જેટલા ભરણાં એવા હતા જે 50 ગણાથી વધુ ભરાયા હતા, જે તે સમયે રોકાણકારોના પ્રચંડ આકર્ષણને સૂચવતા હતા. પરંતુ હાલમાં લિસ્ટિંગ બાદ શેરના ભાવ ઈશ્યુ પ્રાઈસ કરતા પણ નીચે જતા હોવાના કિસ્સાઓ વધતા સામાન્ય રોકાણકારો સાવચેત બન્યા છે. ભૌગોલિક રાજકીય તણાવ અને એઆઈ (AI) ના વધતા પ્રભાવને કારણે સેકન્ડરી બજારમાં જોવા મળતી વોલેટિલિટીએ પણ પ્રાયમરી માર્કેટ પર વિપરીત અસર પાડી છે.બજારના વિશ્લેષકોનું માનવું છે કે, હાલમાં બજાર ઓલટાઈમ હાઈ સપાટીથી સતત નીચે ટ્રેડ થઈ રહ્યું હોવાથી કંપનીઓ પણ તેમના આઈપીઓ લાવવામાં ઉતાવળ કરી રહી નથી. જોકે, પાઈપલાઈનમાં હજુ ચારથી પાંચ મોટા ભરણાં હોવાની ધારણા છે, પરંતુ તે ક્યારે આવશે તે બજારની સ્થિરતા પર નિર્ભર કરે છે. સ્મોલકેપ અને મિડકેપ શેરોમાં જોવા મળેલા કરેક્શનને કારણે પણ રોકાણકારો હવે નવા જોખમો લેવા તૈયાર નથી.વર્તમાન વર્ષમાં અત્યાર સુધીનો ટ્રેન્ડ જોઈએ તો આઈપીઓ માર્કેટમાં વર્ષ 2025 જેવી ધૂમ જોવા મળે તેવી શક્યતા ઓછી જણાય છે. રોકાણકારોએ કોઈપણ ભરણાંમાં નાણાં રોકતા પહેલા કંપનીના ફંડામેન્ટલ્સ અને વેલ્યુએશનની યોગ્ય તપાસ કરવી અનિવાર્ય બની ગઈ છે.

## અધધ રિફંડ | ઈ-કોમર્સ ક્ષેત્રે સૌથી વધુ ફરિયાદો નોંધાઈ

# રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઈન દ્વારા ૮૦,૦૦૦ ગ્રાહકોને પર કરોડનું કરોડોનું રિફંડ અપાયું

અમદાવાદ:દેશમાં ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા માટે કાર્યરત રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઈન (NCH) એ છેલ્લા નવ મહિનામાં અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી છે. વિવિધ ૩૧ ક્ષેત્રોમાં ફેલાયેલી આશરે ૮૦,૦૦૦ જેટલી ગ્રાહક ફરિયાદોનું સફળતાપૂર્વક નિરાકરણ લાવીને ગ્રાહકોને કુલ ૫૨ કરોડ રૂપિયાનું રિફંડ અપાવવામાં આવ્યું છે. ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, આ નિવારણ પ્રક્રિયામાં ડિજિટલ માધ્યમનો મહત્તમ ઉપયોગ કરવામાં આવ્યો છે, જેના કારણે ગ્રાહકોને કાનૂની મુકદમાબાજીમાં ફસાયા વગર જ ન્યાય મળ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ૨૫ એપ્રિલ, ૨૦૨૫ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના સમયગાળા દરમિયાન કુલ ૭૯,૫૨૧ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો હતો. આમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે કુલ ફરિયાદો પૈકી




૪૭,૭૪૩ ફરિયાદો માત્ર ઈ-કોમર્સ ક્ષેત્ર સાથે સંબંધિત હતી. ઓનલાઈન શોપિંગ દરમિયાન સામાન ન મળવો, ખામીયુક્ત વસ્તુઓ અથવા રિફંડમાં વિલંબ જેવી બાબતોને કારણે ગ્રાહકોએ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. એકલા ઈ-કોમર્સ ક્ષેત્રમાં જ ગ્રાહકોને ૩૬.૮૦ કરોડ રૂપિયાથી વધુની રકમ પરત અપાવવામાં આવી છે.

મીડિયા અહેવાલ મુજબ, ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૨૦૧૯ હેઠળ આ હેલ્પલાઈન એક મજબૂત હથિયાર સાબિત થઈ રહી છે. ગ્રાહક જ્યારે પોતાની ફરિયાદ નોંધાવે છે, ત્યારે તે સીધી જ સંબંધિત કંપનીને ડિજિટલી મોકલી આપવામાં આવે છે. મંત્રાલય દ્વારા આ ફરિયાદોના ઉકેલ માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે અને તેનું સતત નિરીક્ષણ કરવામાં આવે છે. આ પ્રક્રિયાને કારણે ગ્રાહકોને લાંબી કોર્ટ પ્રક્રિયામાંથી મુક્તિ મળી છે અને ગ્રાહક સુરક્ષામાં વિશ્વાસ વધ્યો છે. સ્થાનિક નિષ્ણાતોના મતે, આ આંકડાઓ દર્શાવે છે કે હવે ભારતીય ગ્રાહક પોતાના હકો પ્રત્યે વધુ જાગૃત બન્યો છે. કંપનીઓ પણ હવે ગ્રાહક હેલ્પલાઈન તરફથી આવતી ફરિયાદોને ગંભીરતાથી લઈ રહી છે કારણ કે તેની પાછળ સરકારનું કડક દેખરેખ તંત્ર કાર્યરત છે. જો તમે પણ કોઈ સેવાથી સંતુષ્ટ નથી અથવા તમારી સાથે છેતરપિંડી થઈ છે, તો રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઈનનો સંપર્ક કરવો એ ન્યાય મેળવવાનો સૌથી સરળ અને અસરકારક રસ્તો છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ફાગણ સુદ-03

# ફ્રાન્સ ભારત કરતા ઈન્ડોનેશિયાને સસ્તું રાફેલ કેમ વેચશે

ફ્રાન્સના પ્રમુખ ઈમૈન્યુઅલ મેક્રોએ ભારત પ્રવાસ દરમિયાન ભારત સાથે મેગા ડીલ કરી છે. ભારતે ફ્રાન્સ પાસેથી ૧૧૪ રાફેલ વિમાનો ખરીદવાનો કોન્ટ્રાક્ટ કર્યો છે. ૨૦૩૦ સુધીમાં આ રાફેલ વિમાનો ભારતની સેનાને મળશે. ૧૧૪ રાફેલ ખરીદવા માટે ભારત ૩.૨૫ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. આ ડીલ ભારતની સૌથી મોટી લશ્કરી ડીલ છે. હમણા જ ઈન્ડોનેશિયાએ પણ ફ્રાન્સ પાસેથી ૪૨ રાફેલ જેટ ખરીદ્યા હતા. ઈન્ડોનેશિયાએ ૮.૧ બિલિયન ડોલર એટલે કે લગભગ ૬૮ હજાર કરોડ રૂપિયામાં ૪૨ રાફેલ ખરીદ્યા હતા. આ હિસાબે એક રાફેલની કિંમત ૧,૭૪૭ કરોડ રૂપિયા જેટલી ગણાય. બીજી તરફ ભારત આ ડીલ માટે ૩.૨૫ લાખ કરોડનો ખર્ચ કરશે. એ હિસાબે ભારતને ૧ રાફેલ વિમાન ૨,૮૫૦ કરોડ રૂપિયામાં પડશે. ભારત શા માટે વધુ ભાવે ફ્રાન્સ પાસેથી રાફેલ વિમાન ખરીદે છે એ માટેનું કારણ સરકારી સૂત્રો એવું આપે છે કે ભારત એરક્રાફ્ટની સાથે મેટીયોર અને સ્કેલ્પ મિસાઈલો, હેમર જેવા પ્રીસીઝન ગાઈડેડ બોમ્બ, ટ્રેનિંગ માટે એક ફુલ મિશન સિમ્યુલેટર તેમજ લાંબા સમય માટે મેન્ટેનન્સ અને સ્પેરસ્પાર્ટ માટે બીજી ટેક્નોલોજી પણ ખરીદી રહ્યું છે. આ રાફેલ વિમાનની સંપૂર્ણ લાઇફ સાઇકલ કોસ્ટ છે. આસામના વિવાદાસ્પદ મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ એવો દાવો કર્યો છે કે, ૨૦૧૪માં જ્યારે કોંગ્રેસના ૫૮ ધારાસભ્યોએ એમને ટેકો જાહેર કર્યો હતો ત્યારે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ એમને મુખ્યમંત્રીપદના સોંગદ લેવા માટે તારીખ નક્કી કરવાનું કહ્યું હતું. જોકે રાહુલ ગાંધીનો ફોન આવ્યા પછી બધુ બદલાઈ ગયું. સરમાએ કહ્યું હતું કે, 'સોનિયા ગાંધીને હું આજે પણ મેડમ કહું છું. મે એમને કહ્યું હતું કે, ૨૦૧૪ના જૂન મહિનામાં હુ કામાખ્યા મંદિરના અંબુબાચી મેળાના આગલા દિવસે સોંગદ લઈશ. એ વખતે રાહુલ ગાંધી અમેરિકા હતા. એમણે પક્ષના નેતાઓને ફોન કર્યા પછી મારૂ પત્તુ કપાઈ ગયું હતું.' આસમમાં ૨૦૧૧ની વિધાનસભા ચૂંટણી પછી આસામ કોંગ્રેસમાં આંતરીક ખેંચતાણ શરૂ થઈ હતી. કેટલાક ધારાસભ્યોની ઈચ્છા હતી કે તરૂણ ગોગોઈની જગ્યાએ સરમાને મુખ્યમંત્રી બનાવવામાં આવે. જોકે ૨૦૧૫માં સરમા કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ ગયા હતા.બાંગ્લાદેશમાં બીએનપીની સરકાર સત્તામાં આવી છે. બીએનપીના પ્રધાનમંડળમાં બે લઘુમતિ કોમના મંત્રીઓને કેબિનેટ રેન્ક આપવામાં આવ્યા છે. નિતાઈ રોય હિન્દુ છે જ્યારે દિપેન દિવાન બૌધ ધર્મના છે. નિતાઈ રોય ચૌધરીને સાંસ્કૃતિક પ્રધાન અને દિપેન દિવાનને ચટગાવ પહાડી વિસ્તાર કાર્યમંત્રાલયના પ્રધાન બનાવવામાં આવ્યા છે. બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીમાં ચાર સાસદો લઘુમતિ કોમના છે. આ તમામ બીએનપી તરફથી ચૂંટણી લડયા હતા. ૭૭ વર્ષના નિતાઈ રોય ચૌધરીનો વ્યવસાય વકીલાતનો છે. તેઓ બીએનપીના વાઇસ ચેરમેન પણ છે. ભૂતકાળમાં ચૌધરી રમતગમતના મંત્રી રહી ચૂક્યા છે. ચૌધરીનું માનવું છે કે બાંગ્લાદેશમાં મુસલમાનના અધિકાર હિન્દુઓને મળતા અધિકાર કરતા વધુ નથી. દિપેન દિવાન પણ વ્યવસાયે વકીલ છે. ૬૫ વર્ષના દિપેન દિવાન ચકમાં સંપ્રદાયમાંથી આવે છે.પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર અને ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન જેલમાં છે. હમણા એમની આંખોની દ્રષ્ટિ ઘટી જવાથી તેમજ જેલમાં એમના પર અત્યાચાર થતા હોવાના સમાચાર બહાર આવવાથી ઈમરાન ખાનના ભૂતપૂર્વ ક્રિકેટ સાથીઓ ચિંતીત થયા છે. ભારતના બે ભૂતપૂર્વ કેપ્ટનો સુનીલ ગાવસ્કર અને કપીલ દેવ સહિત વિશ્વ ક્રિકેટના બીજા ૧૩ કેપ્ટનોએ ઈમરાન ખાનની તરફેણમાં નિવેદન આપીને એમને યોગ્ય સારવાર આપવા માટે પાકિસ્તાનના સત્તાધીશોને વિનંતી કરી છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટરો વસીમ અકરમ અને વકાર યુનુસે પણ ચિંતા દર્શાવી છે એટલે પાકિસ્તાન સરકારે નવી ચાલ ચાલી છે. કાયદાપ્રધાન આઝમ નઝીર તરારએ ઈમરાન ખાનની તબિયત અને ખાસ કરીને એમની બગડતી દ્રષ્ટિ સંદર્ભે એવું કહ્યું હતું કે ચિંતાની કોઈ વાત નથી ઈમરાન ખાનને શ્રેષ્ઠ તબીબી સારવાર આપવામાં આવે છે. રાવલપિંડીની અડિયાલા જેલમાં પાંચ ડોક્ટરોની ટીમ એમની દેખરેખ રાખી રહી છે.મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ઉપમુખ્યમંત્રી અજીત પવારના પ્લેન ક્રેશની તપાસ એર ક્રાફ્ટ એક્સીડેન્ટ ઈન્વેસ્ટીગેશન બ્યુરો (એએઆઈબી) કરી રહી છે. સિવિલ એવિએશન મિનિસ્ટ્રીના જણાવ્યા પ્રમાણે એએઆઈબીએ કહ્યું છે કે, અકસ્માત દરમિયાન વિમાનનું બ્લેક બોક્સ આગ લાગવાને કારણે ક્ષતીગ્રસ્ત થઈ ગયું છે. મંત્રાલયના જણાવ્યા પ્રમાણે પ્લેનના બે ઈન્ડીપેન્ડેન્ટ ફ્લાઈટ રેકોર્ડરમાં રહેલા ડીજીટલ ફ્લાઈટ ડેટા રેકોર્ડરનો ડેટા એએઆઈબીએ સફળતા પૂર્વક ડાઉનલોડ કર્યો છે. અમેરિકન કંપની હનીવેલએ બનાવેલા કોકપીટ વોઇસ રેકોર્ડરની ટેક્નીકલ તપાસ ચાલી રહી છે.

### રાજુલા તાલુકામાં નવભારત સાક્ષરતા કાર્યક્રમને વેગ

# સંઘવી પ્રાથમિક શાળા નં. ૦૪ ખાતે જનજાગૃતિ મેળો અને ચાંચ-૦૧ પ્રાથમિક શાળા ખાતે સાક્ષરતા વર્ગનો પ્રારંભ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



રાજુલા તાલુકામાં નવભારત સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત તા. ૧૭.૦૨.૨૦૨૬ના રોજ સંઘવી પ્રાથમિક શાળા નં. ૦૪ ખાતે જનજાગૃતિ મેળો અને ચાંચ-૦૧ પ્રાથમિક શાળા ખાતે સાક્ષરતા વર્ગનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ ૧૫ વર્ષથી વધુ વય જૂથના નિરક્ષર નાગરિકોને સાક્ષરતા પ્રાપ્ત કરવા પ્રેરિત કરવાનો તથા તેમને શિક્ષણ સાથે જોડવાનો હતો.સંઘવી પ્રાથમિક શાળા નં. ૦૪ ખાતે યોજાયેલા જનજાગૃતિ મેળામાં વિવિધ શૈક્ષણિક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પી.ટી.સી. કોલેજના તાલીમાર્થી ભાઈઓ અને બહેનો દ્વારા શૈક્ષણિક ચાર્ટ અને દૃશ્ય સામગ્રીના માધ્યમથી નવભારત સાક્ષરતા કાર્યક્રમ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત રાજુલા કન્યા શાળા નં. ૦૩ની વિદ્યાર્થીનીઓ દ્વારા સાક્ષરતાનું મહત્વ સમજાવતું પ્રેરણાદાયી નાટક રજૂ કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિત મહેમાનો અને વાલીઓએ વધાવી લીધું હતું.રાજુલા તાલુકાના દરિયા કાંઠાના ચાંચ ખાતે પ્રાથમિક શાળા - ૦૧ ખાતે સાક્ષરતા વર્ગનો પ્રારંભ મામલતદાર શ્રી,એચ.બી. પુરોહિત સાહેબના હસ્તે રીબીન કાપીને કરવામાં આવ્યો હતો. પોતાના સંબોધનમાં તેમણે નવભારત સાક્ષરતા કાર્યક્રમનું મહત્ત્વ સમજાવી ગ્રામજનોને સાક્ષરતા વર્ગમાં જોડાઈ શિક્ષણનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.આ પ્રસંગે અમરેલી જિલ્લા નાયબ નિરંતર શિક્ષણ અધિકારી શ્રી,જી.એમ. સોલંકી, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી રાજુલા શ્રી,એસ.કે. સુમરા, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી સાવરકુંડલા શ્રી,જે.કે. સરવૈયા, બી.આર.સી. કોર્ડિનેટર રાજુલા શ્રી,પંકજભાઈ હેલૈયા, બી.આર.સી. કોર્ડિનેટર સાવરકુંડલા શ્રી,વિપુલભાઈ દુધાત, નાયબ મામલતદાર શ્રી,પરેશભાઈ બલદાણીયા, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી, ધર્મેન્દ્રભાઈ ધાધલ, શ્રી પ્રમોદભાઈ કાનપરિયા, એસ.એમ.સી. અધ્યક્ષશ્રી, સંઘવી શાળા નંબર ૦૪, શાળાના આચાર્યશ્રી સંજયભાઈ આદ્રોજા, ચાંચ-૦૧ શાળાના આચાર્યશ્રી,સામંતસિંહ ગોહિલ તેમજ શિક્ષકો, આગેવાનો, ગ્રામજનો અને વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ સમગ્ર કાર્યક્રમ શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા તથા નિરક્ષર નાગરિકોને સાક્ષર બનાવવા દિશામાં મહત્વપૂર્ણ સાબિત થયો હતો.

### છ ડાલામથ્થા,એક બાઈક અને બીટગાર્ડે લીધી IFS અધિકારી ની પરીક્ષા

# IFS અંશુમન શર્માનાં સંસ્મરણોઃ જંગલના પાંદડે-પાંદડે લખાયેલી રોમાંચ અને રહસ્યની એક અણદીઠી દાસ્તાન......

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જ્યારે તમે સિંહની આંખોમાં આંખ પરોવીને જુઓ છો, ત્યારે તમારી તમામ બહાદુરી, તમારું પદ, તમારી સત્તા બધું જ ઓગળી જાય છે. તમને સમજાય છે કે આ વિશાળ પ્રકૃતિની સામે માનવીનું અસ્તિત્વ કેટલું નાનું છે.......!!!

ગીર... આ માત્ર બે અક્ષરનું નામ નથી, પણ પ્રકૃતિએ લખેલી એક એવી અદભૂત કવિતા છે, જેના પ્રત્યેક છંદમાં રોમાંચ અને રહસ્ય છૂપાયેલું છે. ક્યારેક પાંદડાઓની વચ્ચેથી ચળાઈ ને આવતો સૂર્યપ્રકાશ સોનાની રજકણ જેવો ભાસે, તો ક્યારેક દૂરથી સંભળાતો મોરનો ટહુકો જાણે આખા જંગલને જગાડતો હોય તેમ લાગે. અને આ બધાની વચ્ચે, જ્યારે સાવજની ડણક રાત્રિના નિરવ અંધકારને ચીરી નાખે, ત્યારે સમજાય કે આ ધરતી પર ખરું સામ્રાજ્ય કોનું છે ? આવી જ વનરાજીના ખોળે, એક એવા અધિકારીનો પ્રવેશ થાય છે જેમના માટે ખાખી વર્દી એ માત્ર ફરજનું આવરણ નથી, પણ આત્માનો નાદ છે. નામ છે એમનું અંશુમન શર્મા. ભારતીય વન સેવા (IFS) ના અધિકારી. મૂળ તો તેઓ બિહારની માટીના, પણ તેઓ બોલે એટલે પાક્કો કાઠિયાવાડી લહેકો સંભળાય, ત્યારે એમ જ લાગે કે ગીરની ધૂળ એમના અવાજમાં ભળી ગઈ છે.

વાત જાણે એમ બની કે, આઈએફએસ તરીકેની તાલીમ બાદ તેમનું પ્રથમ પોસ્ટિંગ ગીર મધ્યે આવેલી છોડવડી રેન્જમાં થયું. જૂનાગઢ હેડક્વાર્ટરથી ફરજના સ્થળે જવાનું હતું.

## ડી. બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ, સંખેડા ખાતે ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો હૃદયસ્પર્શી વિદાય સમારંભ

કમલેશ પટેલ | સંખેડા

ડી. બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ, સંખેડા ખાતે ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે ભાવસભર અને પ્રેરણાદાયી વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસર શાળા પરિવાર માટે ગૌરવ અને લાગણીના સંગમ સમાન રહ્યો હતો, જ્યાં વર્ષોથી શાળાના આંગણે શિક્ષણ લીધેલા વિદ્યાર્થીઓને નવા જીવનપ્રવાસ માટે શુભેચ્છાઓ સાથે વિદાય આપવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને મંગલાચારથી કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવો, શિક્ષકગણ અને વાલીઓએ વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્ત, સંસ્કાર, મહેનત અને સંકલ્પના મૂલ્યોને અપનાવી ઉજ્જવળ ભવિષ્ય ઘડવા પ્રેરણા આપી હતી. વક્તાઓએ વિદ્યાર્થીઓને સંદેશ આપ્યો કે પરીક્ષા જીવનનો અંત નથી, પરંતુ નવી તકો અને જવાબદારીઓની શરૂઆત છે.વિદ્યાર્થીઓએ પણ પોતાના અનુભવો વહેંચતા શાળાના સંસ્મરણો, શિક્ષકોના માર્ગદર્શન અને મિત્રતાના અમૂલ્ય પળોને યાદ કરી ભાવવિભોર વાતાવરણ સર્જ્યું હતું. ઘણા વિદ્યાર્થીઓએ શાળાએ આપેલા જ્ઞાન, સંસ્કાર અને આત્મવિશ્વાસ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. શિક્ષકગણે વિદ્યાર્થીઓને આશીર્વચન આપતા જણાવ્યું કે તેઓ જ્યાં પણ જાય ત્યાં શાળાનું નામ ગૌરવથી ઊંચું રાખે અને સારા નાગરિક તરીકે સમાજમાં યોગદાન આપે.

## સિંહણે નદીના પટમાં કપડાં ધોતી મહિલાનો શિકાર કર્યો, પીઠવાજાળની સીમમાં વાડીમાં રમતી બાળકી પર દીપડાનો હુમલો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

વિસ્તારમાં જંગલી પ્રાણીઓનો ભય સતત વધી રહ્યો છે. વન વિભાગે દીપડાને પકડવા માટે વિસ્તારમાં પાંજરા ગોઠવવાની પ્રક્રિયા શરૂ કરી છે.અમરેલી જિલ્લાના ધારી અને લીલીયા પંથકમાં વન્ય પ્રાણીઓએ આતંક મચાવતા બે અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે. ધારીના ગોવિંદપુર ગામે સિંહણે એક મહિલા પર હુમલો કરી મોતને ઘાટ ઉતારી છે, જ્યારે લીલીયાના પીઠવાજાળ ગામે દીપડાએ ૫ વર્ષની બાળકીને નિશાન બનાવી ગંભીર રીતે ઈજાગ્રસ્ત કરી છે. મહિલાનો શિકાર કરનાર સિંહણને વનવિભાગે મહામહેનતે પાંજરે પૂરી હતી.ધારી ગીર પૂર્વ ડિવિઝન હેઠળની દલખાણીયા રેન્જમાં આવેલા ગોવિંદપુર ગામમાં હૃદયદ્રાવક ઘટના બની હતી. ગામ નજીક આવેલી નદીના પટમાં ૪૫ વર્ષીય મંજુબેન સોલંકી કપડાં ધોઈ રહ્યા હતા, ત્યારે અચાનક એક સિંહણ ત્યાં ધસી આવી હતી. સિંહણે મહિલા પર હુમલો કરી તેને શિકાર બનાવવા માટે દૂર ખેંચી જવાનો પ્રયાસ કર્યો હતો.ઘટના સમયે નજીકમાં કામ કરી રહેલા મનુભાઈ વાઘેલા નામના શખ્સે જોયું કે સિંહણ મહિલાને પછાડીને પકડી રહી છે. તેમણે તુરંત પાવડાના હાથા જમીન પર પછાડી અને બૂમાબૂમ કરી સિંહણને ભગાડવાનો પ્રયાસ કર્યો હતો. અન્ય ગ્રામજનો પણ દોડી આવતા સિંહણ મહિલાને છોડીને ભાગી ગઈ હતી.

## બળદ ગાડા પાછળ સિંહણ દોડતાં ગાડું કૂવામાં ખાબક્યું, એક બળદનું મોત : ખાંભા તાલુકાના ઉમરિયા ગામે દિલધડક બનાવે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગોવિંદપુર અને પીઠવાજાળમાં સિંહણના હુમલાની ઘટના તાજી છે ત્યાં ફરી નવો બનાવ સિંહણને જોઈ બળદો હાઈસ્પીડથી દોડ્યા, ખેડૂતે કૂદકો મારી જીવ બચાવી લીધો, બંને બળદ સાથેનું ગાડું કુવામાં ખાબકતાં દોડધામ અમરેલી જિલ્લામાં હિંસક વન્યપ્રાણીઓનો ત્રાસ વધી ગયો છે. આજે ખાંભા તાલુકાના ઉમરિયા ગામે વાડીએથી ઘર તરફ પરત આવી રહેલા બળદગાડાની પાછળ સિંહણે દોટ મૂકતા બને બળદો જીવ બચાવવા પુરપાટ વેગે દોટ મુકી હતી. આખરે આ ગાડું બળદ સહિત કૂવામાં ખાબક્યું હતું. જેમાં એક બળદનું કૂવાના પાણીમાં ડૂબી જતાં મોત નીપજ્યું હતું.જયારે વાડી માલિકે ગાડામાંથી કૂદકો મારી દેતા તેનો આબાદ બચાવ થયો હતો.ઘટના બાદ ક્રેઈન અને દોરડાની મદદથી બન્ને બળદો ને કૂવામાંથી બહાર કાઢ્યા હતા.જેમાં એક બળદ જીવિત નીકળ્યો હતો.ગઈ કાલે ધારીના ગોવિંદપુર ગામે અને અમરેલી નજીકના પીઠવાજાળ ગામે વન્ય પ્રાણી સિંહણના બે હુમલામાં એક મહિલા નું મોત થયાની અને એકબાળાને ગંભીર ઈજા થયાની ઘટના તાજી છે ત્યાં આવા બનાવનો સીલસીલો અટક્યો નથી. આ વખતે વાડી રસ્તાના કેડામાં બળદોએ સિંહણને જોઈ જતાં સામે મોત દેખાયું હોય એમ એ જીવ બચાવવા પુરપાટવેગે દોડવા લાગ્યા હતા. બીજી તરફ શિકારની લાલચે સિંહણ પણ પાછળ પાછળ દોડવા લાગી હતી.

# દેવગઢ બારિયા તાલુકાના તોયણી, દેવી રામપુરા, ટીડકી જેવા વિવિધ ગામોમાં પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ યોજાઈ




દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા ત્રણ ગ્રામ પંચાયત દીઠ કલસ્ટર અભિગમ અંતર્ગત વિવિધ ગામોમાં તાલીમ અને મોડેલ ફાર્મની મુલાકાતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આત્મા પ્રોજેક્ટ દ્વારા ગ્રામ્ય સ્તરે કલસ્ટર આધારિત પ્રાકૃતિક કૃષિ અમલીકરણ માટે સતત તાલીમ, મોડેલ ફાર્મ મુલાકાત, માર્ગદર્શન સહિતની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

જે અંતર્ગત દેવગઢ બારિયા તાલુકાના તોયણી, દેવી રામપુરા, ટીડકી જેવા વિવિધ ગામોમાં તાલીમ યોજવામાં આવી હતી. જેમાં કૃષિ સખીઓ તેમજ પ્રગતિશીલ ખેડૂતોએ અન્ય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની વિગતવાર સમજ આપી હતી. તાલીમો દરમિયાન ખેડૂતમિત્રોને પ્રાકૃતિક કૃષિના સિદ્ધાંતો, કુદરતી ખાતરનો ઉપયોગ, બિયારણ ઉપચાર, જૈવિક જીવાત નિયંત્રણ અંગે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. દાહોદ જિલ્લામાં ખેતીના પરંપરાગત ઢાંચાને બદલીને કુદરતી સંસાધનોના સંવર્ધન માટે વહીવટી તંત્ર દ્વારા મોટું અભિયાન છેડવામાં આવ્યું છે. રાજ્ય સરકારના કૃષિ વિભાગ અને 'આત્મા' પ્રોજેક્ટ દ્વારા જિલ્લાના અંતરિયાળ ગામોમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે ત્રણ ગ્રામ પંચાયત દીઠ કલસ્ટર અભિગમ અમલી બનાવવામાં આવ્યો છે. આ નવીન પ્રયોગ હેઠળ ખેડૂતોને માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન જ નહીં, પરંતુ મોડેલ ફાર્મની પ્રત્યક્ષ મુલાકાત કરાવીને જમીનની ફળદ્રુપતા વધારવા માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

## છોટાઉદેપુર એલ સી બી ની મોટી સફળતા મળી

કમલેશ પટેલ | સંખેડા

આજ રોજ છોટાઉદેપુર એલસીબી તથા સ્ટાફના માણસો સાથે સંખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે મોજે મોજે લોટીયા ચોકડી બોડેલી-ડભોઇ હાઈવે રોડ ઉપર વાદળી કલરની સુઝુકી કંપનીની ફોગ્સ ફોર વ્હીલર ગાડી જેનો આર.ટી.ઓ.રજી. નંબર GJ-34-N-4774 નો ચાલક ચાંદપુર તા.કઠીવાડા જી. અલીરાજપુર એમ.પી જેનો મો.નં ૭૯૭૪૧૭૪૫૧૦ તેઓ મુદામાલ ભરી આપી (૪) કૃષ્ણાભાઈ વસાવા જેના પુરા નામની ખબર નથી રહે. આજવા વડોદરા શહેર નાઓએ પ્રોહી મુદ્દામાલ મંગાવી ભેગા મળી કાવતરૂ રચી એકબીજાની મદદગારી કરી.

## મહીસાગર જિલ્લા આરોગ્ય ખાતામાં મહત્વની જગ્યાઓ ખાલી રહેતા આરોગ્ય તંત્ર બીમાર હાલત

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લા આરોગ્ય ખાતામાં મહત્વની જગ્યાઓ ખાલી રહેતા આરોગ્ય તંત્ર બીમાર હાલતમાં જોવા મળ્યું છે જિલ્લા આરોગ્ય ખાતામાં પબ્લિક હેલ્થ ઓફિસરની ક્લાસ વનની ત્રણ જગ્યાઓ છે જે પૈકીની બે જગ્યાઓ હાલ ખાલી છે માત્ર અધિક જીલ્લા આરોગ્ય અધિકારીની જગ્યા ભરેલી છે જ્યારે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા આરસીએચ અધિકારીની જગ્યા ખાલી છે આ અગાઉ પણ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની જગ્યા દોઢથી બે વર્ષ સુધી ચાર્જમાં રહી હતી જિલ્લા ટ્રેનિંગ સેન્ટર ખાતે ડિસ્ટ્રિક્ટ ટ્રેનિંગ ઓફિસરની જગ્યા છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે.

## માળિયા હાટીમાં કિશોરી મેળો-૨૦૨૬ અને વાનગી નિદર્શનઃ કિશોરીઓના સર્વાંગી વિકાસ માટે પ્રેરક કાર્યક્રમ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૯ ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સંચાલિત "પૂર્ણા યોજના" અંતર્ગત માળિયા હાટીના ખાતે "કિશોરી મેળો-૨૦૨૬ અને વાનગી નિદર્શન"નું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયતના આઈ. સી.ડી.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી વત્સલાબેને કિશોરીઓ ના સર્વાંગી વિકાસ માટે આરોગ્ય અને પોષણ, વ્યક્તિગત સ્વચ્છતા, સુરક્ષા અને કાયદાકીય જાગૃતિ, જીવન કૌશલ્ય તથા શિક્ષણ-કારકિર્દી માર્ગદર્શન જેવા મુદ્દાઓ પર માર્ગદર્શન આપ્યુ હતું. કિશોરાવસ્થામાં લોહતત્વ અને સંતુલિત આહારનું મહત્વ સમજાવવા વાનગી નિદર્શન યોજાયું હતું.

## બે હાસ્ય સાહિત્યકારો વિનય દવે અને જિગીષા ત્રિવેદીએ હાસ્ય કથાનું પઠન કર્યું

અમદાવાદ | ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ તેમજ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વિશ્વમાતૃભાષા દિવસ નિમિત્તે તથા માતૃભાષા સપ્તાહ અંતગર્ત 15 ફેબ્રુઆરીથી 21 ફેબ્રુઆરી 2026 દરમિયાન માતૃભાષા મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. સિનેભાષા પ્રોડક્શન્સ દ્વારા 17 ફેબ્રુઆરી, 2026ના રોજ સાંજે સાડા સાત વાગ્યે અમદાવાદમાં પ્રયોગશાળા ખાતે વાચિકમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતી ભાષાના બે સુપ્રસિદ્ધ હાસ્યસાહિત્યકારો વિનય દવે અને જિગિષા ત્રિવેદી સ્વ-રચિત હાસ્યવાર્તાઓનું પઠન કરીને હાજર શ્રોતાઓને હાસ્યરસમાં તરબોળ કરી નાંખ્યા હતા.

## આનંદપુરાના શિક્ષક શ્રી શાંતિલાલ રાઠવાનું સન્માન...

કમલેશપટેલ|સંખેડા

આનંદપુરા ગામે આવેલ ધી શારદા હાઈસ્કૂલમાં છેલ્લા 24 વર્ષથી અંગ્રેજી વિષયના શિક્ષક તરીકે શ્રી શાંતિલાલ રાઠવા નિષ્ઠાપૂર્વક કાર્યરત છે. શિક્ષણની સાથે સાથે સમાજસેવા, સાંકૃતિક પ્રવૃત્તિઓ, જનજાગૃતિ, સોશિયલ મિડિયા અને સામાજીક મુદ્દાઓ અંગે સક્રીય ભાગીદારી માટે તેઓ વિસ્તારભરમાં જાણીતા બન્યા છે. આનંદપુરા તેમજ આજુબાજુના ગામ કસુંબિયા, કન્ટેશ્વર, હરિપુરા, કાલીતલાવડી,હરેશ્વર, માલુ તેમજ સંખેડા તાલુકાના અન્ય નાગરિકોનુ પણ તેઓ નિસ્વાર્થ ભાવથી માર્ગદર્શન અને સેવા કાર્ય કરી રહ્યા છે. વહીવટીતંત્ર તેમજ સરકારમાં રજૂઆત કરવાની તેમની આગવી શૈલીને કારણે સમાજ અને આમ જનતાના પ્રશ્નોને તેઓ મુખ્યમંત્રીશ્રી તેમજ રાષ્ટ્રપતિ સુધી પહોંચાડી યોગ્ય નિરાકરણ મેળવવામાં સફળ રહ્યા છે.

## વન વિભાગ અને પોલીસનું સંયુક્ત ઓપરેશનઃ-રૂ. ૩.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત.

ડાંગ | ડાંગ જિલ્લામાં વન વિભાગ અને પોલીસ વિભાગ દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા માટે હાથ ધરાયેલ સંયુક્ત ઓપરેશનમાં મોટી સફળતા મળી છે.તાજેતરમાં વનકર્મીઓ પર થયેલા જીવલેણ હુમલાની ઘટનાઓને ગંભીરતાથી લઈને છેલ્લા એક માસથી વન અને પોલીસ વિભાગ દ્વારા 'કોમ્બિંગ પેટ્રોલિંગ' કરવામાં આવી રહ્યું છે.આ દરમિયાન, તા. ૧૯/૦૨/૨૦૨૬ના રોજ ઉત્તર ડાંગ વન વિભાગ, આહવાના નાયબ વન સંરક્ષક એમ.એલ.મીનાને મળેલી એક ચોક્કસ બાતમીના આધારે મધરાત્રે ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ.એ.સી.એફ.આર.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ રેન્જ ફોરેસ્ટ ઓફિસર આહવા (પશ્ચિમ) વિનય પી. પવાર, રેન્જ ફોરેસ્ટ ઓફિસર આહવા (પૂર્વ) હાર્દિકભાઈ કે. ચૌધરી અને આહવા એલ.સી.બી.ના પી.એસ.આઈ.જે.જી. અનડકટની ટીમે ચિકટીયા બીટના કુંભીપાડા ફળિયામાં ફિલ્મી ઢબે વોચ ગોઠવી હતી.

## મહીસાગર જિલ્લામાં પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ હેઠળ જિલ્લા એડવાઈઝરી કમિટીની બેઠક યોજાઈ......

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લા પંચાયત ખાતે જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રીની અધ્યક્ષતામાં અને 'સારથિ' સંસ્થા (ગોધર)ના પ્રમુખ શ્રીમતી નિર્મલા કુંવરબાની વિશેષ ઉપસ્થિતિમાં પી.સી. એન્ડ પી.એન.ડી. ટી. એક્ટ-૧૯૯૪ અંતર્ગત જિલ્લા એડવાઈઝરી કમિટીની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લામાં સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા અને જાતિ પરીક્ષણ વિરોધી કાયદાનું ચુસ્ત અમલીકરણ સુનિશ્ચિત કરવાનો હતો. બેઠક દરમિયાન જિલ્લામાં કાર્યરત સોનોગ્રાફી કેન્દ્રોની નોંધણી, ઓનલાઈન રિન્યુઅલ પ્રક્રિયા અને હોસ્પિટલોમાં ડૉક્ટરોની નિમણૂક કે ફેરફાર અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

## વાગરા ખાતે મહિલાઓના માર્ગદર્શન ના ઉદ્દેશથી વિશાળ ઈજતેમાંનુ આયોજન કરવામાં આવ્યું

મલેક યસદાની | ભરૂચ

માનવસેવાના ઉદ્દેશથી રચાયેલ અને સમગ્ર ભારત ભર મા કાર્યરત શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટની ભરૂચ અને વાગરા ખાતે કાર્યરત ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આજ રોજ એક વિશાળ ઈજતેમાંનું આયોજન કરવામાં આવ્યું હતુંઆ ઈજ્તિમામાં ભરુચ, વાગરા, વિલાયત તેમજ વિવિધ ગામોમાંથી મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહી હતી.

આ કાર્યક્રમમાં રમઝાનની તૈયારી કેવી રીતે કરવી, રમઝાન મહિનો કેવી રીતે પસાર કરવો જોઈએ તેમજ અન્ય ઈસ્લાહી વિષયો પર વિસ્તૃત બયાન કરવામાં આવ્યા.

## એકોર્ડ ટ્રાન્સફોર્મર અને સ્વિચગિયર લિમિટેડ દ્વારા RHP; SME IPO ફાઈલ 23 ફેબ્રુઆરી, 2026 ના રોજ ખુલશે

અમદાવાદ | ટ્રાન્સફોર્મર, સ્વિચગિયર અને કસ્ટમાઈઝ્ડ પાવર સોલ્યુશન્સના ઉત્પાદક, એકોર્ડ ટ્રાન્સફોર્મર અને સ્વિચગિયર લિમિટેડ દ્વારા, તેના પ્રસ્તાવિત SME પ્રારંભિક જાહેર ઓફર (IPO) ના સંદર્ભમાં, 16 ફેબ્રુઆરી, 2026 ના રોજ રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, હરિયાણા સમક્ષ તેનું રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (RHP) ફાઈલ કરવામાં આવ્યું છે.IPO માં બુક-બિલ્ડિંગ રૂટ દ્વારા 10 પ્રતિ ફેસ વેલ્યુના 55,62,000 ઈક્વિટી શેરનો નવો ઈશ્યૂ શામેલ છે.55,62,000 ઈક્વિટી શેરના કુલ ઈશ્યૂમાંથી, 2,82,000 શેર માર્કેટ મેકર માટે અનામત છે. લાયક સંસ્થાકીય ખરીદદારોને ૫૦% થી વધુ નહીં, બિન-સંસ્થાકીય રોકાણકારોને ૧૫% થી ઓછા નહીં અને વ્યક્તિગત રોકાણકારોને ૩૫% થી ઓછા નહીં.

## ચાણસ્મા કેળવણી મંડળ દ્વારા મેગા વૃક્ષારોપણ પૂર્વાયોજન માટે તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણીઓની બેઠક મળી

ચાણસ્મા | હાલના બદલાતા વાતાવરણમાં મુખ્ય કારણ હોય તો પર્યાવરણ ની શુદ્ધિકરણ સાથે શુદ્ધ હવા માટે. વૃક્ષ મહત્વના હોઈ ચાણસ્મા કેળવણી મંડળ ના અગ્રણી દ્વારા ચાણસ્મામાં જ મોટું વૃક્ષાવન થાય તે માટે મેઘા વૃક્ષારોપણના સંભવિત આયોજન માટે ગુરવારે સાંજે ૫ વાગે ચાણસ્માની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ વરિષ્ઠ નાગરિકોની ચિંતન બેઠક યોજાઈ હતી ચાણસ્મા કેળવણી મંડળનાં ધાર્મિન ભાઈ પટેલ નાગરીક બેંકના ચેરમેન. રાજુભાઈ પટેલ કોમર્સિયલ બેંકના પૂર્વ ચેરમેન ચંદકાન્તભાઈ પટેલ ગાયત્રી પરીવારના અરવિંદભાઈ સહકારી. અગ્રણી નિલેશભાઈ ઉર્ફે બકાભાઈ. પટેલ ભા.વિ પરીષદના .મુકેશભાઈ બી પટેલ સહિત. ગણમાન્ય ભાઈ -બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## નાલંદા વિદ્યાલયમાં વાર્ષિકોત્સવનો ભવ્ય કાર્યક્રમ યોજાયો વિદ્યાર્થીઓને શિલ્ડ અને ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવ્યા..

અશોક મણવર | અમરેલી | અમરેલીના બગસરા શહેરમાં નાલંદા વિદ્યાલય ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ .આ કાર્યક્રમની થીમ ' કૃષ્ણ સદા સહાયતે' રાખવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સ્વાગત ગીત , થીમ ડાન્સ, રાસ રમીએ કાના, દ્વારિકા નો નાથ, મોર બની થનગાટ કરે, માધવજી મોહનજી, ઘૂમ્મર, ચારણ કન્યા,મણીયારો, હેલ્લારો જેવી કૃતિઓ બાળકો દ્વારા રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીશ્રી કાપડિયા સાહેબ, અશોકભાઈ ઢોલરીયા, જ્યેશભાઈ અસોદરિયા, આચાર્યશ્રી સોનલબેન સાંગાણી, તથા લેઉવા પટેલ સમાજના પ્રમુખ રમેશભાઈ સુવાગ્યા, કિરીટભાઈ નળીયાધરા, અનિલભાઈ વેકરીયા, વિપુલભાઈ ભેસાણીયા, સાંગાણી સાહેબ, અનિલભાઈ મુંગલપરા, જેવા મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

## શક્તિપીઠ અંબાજી ખાતે 'જય અંબે તિથિ ભોજન' યોજનાના પ્રથમ દિવસે રૂ.30 કરોડથી વધુનું દાન સેવા માટે એકત્રિત થયું

પાલનપુર | ભારતભરના ૫૧ શક્તિપીઠોમાં હૃદયસ્થાન ગણાતા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ ખાતે લાખો શ્રદ્ધાળુઓની સુવિધામાં વધારો કરવાના ઉમદા હેતુથી 'જય અંબે તિથિ ભોજન' યોજનાનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર અને શ્રી આરાસુરી અંબાજી મંદિર ટ્રસ્ટના અધ્યક્ષશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને આ સેવાકીય પ્રવૃત્તિને ખુલ્લી મૂકવામાં આવી હતી. કલેકટરશ્રી અને મહાનુભાવોએ શ્રદ્ધાળુઓને ભોજન પીરસીને સેવાના કાર્યમાં જોડાયા હતા. આ યોજનાના પ્રારંભિક દિવસે જ દાતાઓની ઉદારતાના પરિણામે રૂ.૩૦ કરોડથી વધુની રકમ એકત્રિત થઈ છે.

## દાંતા પૂર્વ રેન્જમાં શિયાળ શિકાર પ્રકરણ: વન વિભાગે નેટવર્કનો પર્દાફાશ કર્યા બાદ કોર્ટે આરોપીને જેલ હવાલે રાખવા આદેશ કરાયો

પાલનપુર | બનાસકાંઠા વન્યપ્રાણી વિભાગ હેઠળની દાંતા પૂર્વ રેન્જમાં નોંધાયેલા શિયાળના શિકાર અને તેના અવશેષોના ગેરકાયદેસર વેપારના ગંભીર કેસમાં નામદાર સેકન્ડ એડિશનલ સેસન્સ જજ શ્રી કાનાણીની કોર્ટે આરોપીની જામીન અરજી ના મંજૂર કરી છે. કોર્ટે અવલોકન કર્યું હતું કે, વન્યજીવોની હત્યા એ માત્ર કાયદાનો ભંગ નથી, પરંતુ પર્યાવરણીય સંતુલન સામેનો ગંભીર પ્રહાર અને સમાજ પર વ્યાપક અસર કરતો ગુનો છે.ઘટનાની વિગત મુજબ, દાંતા પૂર્વ રેન્જમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ અને સુધારા અધિનિયમ-૨૦૨૨ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કેસમાં તપાસનીશ અધિકારી અને પરિક્ષેત્ર વન અધિકારી શ્રી વી.એલ. ચૌધરી દ્વારા સઘન તપાસ હાથ ધરી વન્યપ્રાણીઓના અવશેષોના વેપાર સાથે જોડાયેલા આખા નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, તા. ૨૭/૦૧/૨૦૨૬ના રોજ મે. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટ, દાંતા ખાતે ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી.

## અભયમ અને સખી સેન્ટરના સંયુક્ત પ્રયાસોથી ઉદયપુરની યુવતીનું પરિવાર સાથે સુખદ મિલન

પાલનપુર | સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર, પાલનપુર (બનાસકાંઠા) મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ માટે સાચા અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. તાજેતરમાં આ સેન્ટરે રાજસ્થાનના ઉદયપુર જિલ્લાની એક ૧૮ વર્ષીય યુવતીને અસુરક્ષા અને ભયના ઓછાયામાંથી બહાર લાવી તેના પરિવાર સાથે મિલન કરાવી માનવીય અભિગમનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.ઘટનાની વિગત એવી છે કે, ગત ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈન દ્વારા એક બિનવારસી હાલતમાં મળી આવેલી યુવતીને આશ્રય અને સુરક્ષા માટે પાલનપુરના નારી સંરક્ષણ કેન્દ્ર ખાતે કાર્યરત 'સખી વન સ્ટોપ સેન્ટર'માં લાવવામાં આવી હતી. પ્રવેશ સમયે યુવતી અત્યંત ગભરાયેલી હતી અને કોઈની પણ સાથે વાત કરવા તૈયાર નહોતી. જોકે, સેન્ટરના સ્ટાફ દ્વારા ધીરજપૂર્વક અને સહાનુભૂતિપૂર્ણ વ્યવહાર કરવામાં આવતા તેમજ ત્યાં અન્ય આશ્રિત બહેનોને સુરક્ષિત જોઈને યુવતીનો વિશ્વાસ કેળવાયો હતો.

## બૃહદ બનાસકાંઠાના ૩૩૬૫ આંગણવાડી કેન્દ્રોમાં 'સુપોષણ ઝુંબેશ' હેઠળ ૩૨ હજારથી વધુ બાળકોને લાભ મળ્યો

પાલનપુર | ગુજરાત સરકારના 'કુપોષણ મુક્ત અભિયાન' અંતર્ગત બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લામાં 'પોષણ સંગમ' કાર્યક્રમ દ્વારા આંગણવાડીના બાળકોને સુપોષિત કરવાની સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લાના વિવિધ ઘટકોમાં આ કાર્યક્રમનું સફળ આયોજન થઈ રહ્યું છે. આ અભિયાન અંતર્ગત કુલ ૩,૩૬૫ આંગણવાડી કેન્દ્રોના બાળકોના સ્વાસ્થ્યની RBSK ટીમ દ્વારા તથા CHC અને PHC સેન્ટરો પર તબીબી તપાસ કરવામાં આવે છે. આ સાથે જ આંગણવાડી કેન્દ્રો પર બાળકોનું વજન, ઊંચાઈ અને ભૂખ પરીક્ષણ (Appetite Test) જેવી સમુદાય આધારિત સેવાઓ નિયમિતપણે પૂરી પાડવામાં આવે છે. 'પોષણ સંગમ' કાર્યક્રમ દરમિયાન બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લાના અતિ ગંભીર કુપોષિત, મધ્યમ કુપોષિત અને અતિ ગંભીર ઓછું વજન ધરાવતા બાળકોનું ઝીણવટભર્યું આરોગ્ય પરીક્ષણ કરવામાં આવે છે.

સરકારી શાળામાં શિક્ષકો તેમજ વર્ગખંડોની મોટા પ્રમાણમાં ઘટ સામે AAP વિદ્યાર્થી પાંખ ASAP દ્વારા રસ્તા રોકો આંદોલન

# સરકારી શિક્ષકોની અછત તાત્કાલિક ભરતી દ્વારા ભરવામાં આવે : સુરજ બગડા AAP






અમદાવાદ | સરકારી શાળાઓ નવી ચાલુ થવાના બદલે બંધ થવી, શિક્ષકોની ઘટમાં સતત વધારો અને વર્ગખંડોની ગંભીર અછત સામે, આજે આમ આદમી પાર્ટી વિદ્યાર્થી પાંખ ASAP દ્વારા રાજકોટના કિસાનપરા ચોક ખાતે પ્રતિકાત્મક રીતે વિધ્યાર્થીઓ બની શિક્ષકો-વર્ગખંડની અછત દૂર કરવાની માંગ કરી, પ્લે કાર્ડ સાથે રસ્તા રોકો આંદોલન કરી વિરોધ પ્રદર્શન યોજાયું હતું. જેથી પોલીસ દ્વારા તમામની ટીંગાટોળી કરી અટકાયત કરવામાં આવી.

વિરોધ પ્રદર્શન દરમિયાન ASAP પ્રદેશ મહામંત્રી સુરજ બગડા દ્વારા જણાવવામાં આવ્યું કે, મળતી માહિતી મુજબ સરકારની ઉદાસીન નીતિઓને કારણે દેશમાં આશરે ૯૩,૦૦૦ જેટલી સરકારી શાળાઓને એક પછી એક બંધ કરવામાં આવી. આ નિર્ણય ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે અત્યંત નુકસાનકારક છે.

## રાજ્યમાં સફેદ ઝેર કૌભાંડનો ખુલાસો કરતા આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઇટાલિયા અને યુવરાજસિંહ જાડેજા

અમદાવાદ | ગુજરાતના રસોડામાં પહોંચતા સફેદ ઝેર અને પ્રાણીજ ચરબીના જીવલેણ કારોબારનો પુરાવા સાથે ખુલાસો કરવા અંગે આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા અને વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ પત્રકાર પરિષદ યોજી હતી. આમ આદમી પાર્ટી અને વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે દૂધ જેવી પવિત્ર વસ્તુના નામે રાજ્યમાં ડબલ કૌભાંડ ચાલી રહ્યું છે. લાંબા સમયથી નકલી અને ભેળસેળયુક્ત દૂધનો કાળો બજાર ચાલી રહ્યો છે. છેલ્લા ત્રણ મહિનાથી તેઓ અને તેમની ટીમ આ સમગ્ર ઓપરેશનની પાછળ તપાસ કરી રહ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે જૂનાગઢ નજીક આવેલ હનુમાન ખિજડિયા ગામથી લઈને અરવલ્લી જિલ્લાના બાયડ અને બાલાસિનોર સુધી દૂધના ટેન્કરો મારફતે ભેળસેળયુક્ત દૂધ સપ્લાય કરવામાં આવતું હતું.

## પાક વીમા છતાં ખેડૂતોને ફાયદો નહીં, પાક સુરક્ષા માટે કોઈ મોટી યોજના નહીં : પ્રવીણ રામ AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે ગુજરાત સરકાર દ્વારા રજૂ કરાયેલ બજેટને ખેડૂતવિરોધી બજેટ ગણાવ્યું હતું. તેમણે વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે ગુજરાતના ખેડૂતો વર્ષોથી કુદરતી આફતોના કારણે પીડાઈ રહ્યા છે. વારંવાર કુદરતી આફતોના કારણે તેમનો પાક નિષ્ફળ જાય છે. આવી પરિસ્થિતિમાં રાજ્યના ખેડૂતોને સરકાર પાસેથી અપેક્ષા હતી કે આ બજેટમાં પાકના રક્ષણ અને સહાય માટે કોઈ મોટી યોજના જાહેર કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે પાક વીમા યોજના ઘણા વર્ષોથી ચાલી રહી છે, છતાં ખેડૂતોને પૂરતો લાભ મળતો નથી.

# AAP ધારાસભ્ય હેમંત ખવા ટ્રેક્ટર પર સવાર થઈને વિધાનસભા પહોંચ્યા



અમદાવાદ | ગઈકાલે ગુજરાત વિધાનસભાનું બજેટ રજૂ થયું હતું, ત્યારે ખેડૂતોને બજેટમાં ખાસ કોઈ રાહત પેકેજની જાહેરાત ના થતા અને અન્યાયની લાગણી અનુભવતા આમ આદમી પાર્ટીના જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવા આજે ટ્રેક્ટર લઈને વિરોધ દર્શાવવા વિધાનસભા પહોંચ્યા હતા. ગતરોજ સરકારે જે બજેટ રજૂ કર્યું તેમાં ગામડા અને શહેરના બજેટમાં મોટો તફાવત છે તથા બજેટમાં ખેડૂતો માટે કોઈ ખાસ જોગવાઈ કરી નથી, તે મુદ્દાને લઈને ધારાસભ્ય હેમંત ખવા ટ્રેક્ટર લઈ વિધાનસભા પહોંચ્યા હતા અને અનોખી રીતે સરકાર સમક્ષ પોતાનો વિરોધ દર્શાવ્યો હતો. જોકે પોલીસ વિભાગ દ્વારા તેમને ગેટ પર જ અટકાવી દેવામાં આવ્યા હતા અને ટ્રેક્ટર લઈને અંદર ન જવા દેવામાં આવ્યા અને તેને લઈને ધારાસભ્ય હેમંત ખવાએ એ પણ કહ્યું કે “હું ખેડૂત પુત્ર છું, આતંકવાદી નથી અને આ ટ્રેક્ટર છે, ટેન્ક નથી.”

## ગરવી ગુજરાતની વરવી વાસ્તવિકતા ઉજાગર કરતા AAP ધારાસભ્ય ચૈતર વસાવા

**અમદાવાદ | આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ આજે વિધાનસભામાં પત્રકાર પરિષદ યોજી જણાવ્યું હતું કે, આજે મેં શિક્ષણ મંત્રીને કેટલાક ગંભીર સવાલો કર્યા હતા અને સરકાર તરફથી તેમના જવાબો મળ્યા હતા. નર્મદા અને દાહોદ જિલ્લો દેશના અતિ પછાત જિલ્લાઓમાંના એક જિલ્લામાંથી છે. આ જિલ્લાઓમાં શિક્ષણનું સ્તર ખરાબ હોવાથી આ જિલ્લાઓ પછાત રહી ગયા છે. તો મેં શિક્ષકો મુદ્દે સવાલ કર્યો હતો અને તેના જવાબમાં સરકાર તરફથી જોવા મળ્યો હતો કે નર્મદામાં 549 શિક્ષકોની ઘટ છે અને દાહોદમાં 1284 શિક્ષકોની ઘટ છે. ત્યારબાદ પેટા પ્રશ્નમાં અમે પૂછ્યું કે કેટલી શાળાઓ એક શિક્ષકથી ચાલે છે તો જવાબ મળ્યો કે નર્મદા જિલ્લામાં 145 શાળાઓ એક શિક્ષકથી ચાલે છે. વિચાર કરો કે એક શાળામાં 1-5 ધોરણ હોય કે 1-8 ધોરણ હોય તો એ એક શિક્ષક કઈ રીતે બધાને ભણાવશે? અને એ શિક્ષક તો સરકારી મીટીંગોમાં જશે કે SIRની કામગીરી કરવા જશે તો એવા સમયે બાળકોને કોણ ભણાવશે? ગરવી ગુજરાતની આ વરવી વાસ્તવિકતા છે કે નર્મદા હોય, દાહોદ હોય, છોટાઉદેપુર હોય, પંચમહાલ હોય ભરૂચ હોય કે ડાંગ હોય આ દરેક જગ્યાએ આદિવાસી વિસ્તારોમાં શિક્ષકોની ઘટ છે અને સરકારે આજે આ સ્વીકાર્યું. એની વૈકલ્પિક વ્યવસ્થાઓ મુદ્દે સરકાર જણાવે છે કે હજુ એ કામ વિચાર હેઠળ છે.**

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની આંતર કોલેજ ટગ ઓફ વોર સ્પર્ધામાં જે.જે.સી.ઇ. કોમર્સ કોલેજ રનર્સ અપ અને એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વિજેતા

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૯. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા રસ્સાખેંચ, કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, બેડમીન્ટન, ટેબલટેનીસ, જુડો, કુસ્તી, કરાટે, એથ્લેટીક્સ, રોડ સાયક્લીંગ, ક્રોસકન્ટ્રી, યોગાસન, બાસ્કેટ બોલ, સોફ્ટબોલ, ચેસ, વેઈટ લીફ્ટીંગ, પાવર લીફ્ટીંગ વગેરે રમતોની સ્પર્ધાઓ આંતર કોલેજ કક્ષાએ યોજાતી રહેતી હોય છે. જેમાં ઉતિર્ણ ટીમ અથવા ખેલાડી આંતર યુનિ. કક્ષાએ રમતમાં પોતાનું કૌશલ્ય નિખારે છે. તાજેતરમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આયોજીત ભાઈઓની ટગ ઓફ વોર આંતર કોલેજ રમત સ્પર્ધામાં સ્પર્ધામાં રનર્સ અપ ટીમ તરીકે જૂનાગઢની જે.જે.સી.ઇ. કોમર્સ કોલેજ ઉતિર્ણ થઇ હતી.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. સંલગ્ન કોલેજો અને વિદ્યાર્થીઓ વચ્ચે વસુદૈવકુટુમ્બકક્મ ની ભાવના



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૯, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી સંલગ્ન કોલેજો અને તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એક પરિવારનાં સભ્યો હોય તેવા ભાવ સાથે યુનિવર્સીટી ભવન વસુદૈવ કુટુમ્બકક્મની વિભાવના પ્રસ્તુત કરી રહ્યુ છે. સર્વ વિદ્યાર્થીનાં કલ્યાણ અને ઉત્કર્ષની જેના હૈયામાં હામ છે એવા યુનિ.નાં કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ વિદ્યાર્થીઓનાં અને અધ્યાપકગણનાં નાના-મોટા પ્રત્યેક કાર્યમાં પ્રોત્સાહક બની રહ્યા છે.

# આદિજાતિ વિકાસ ફંડ મુદ્દે AAP ધારાસભ્ય ચૈતર વસાવાના આકરા પ્રહાર

2025-26માં 5120 કરોડની રકમ આદિજાતિ વિકાસ માટે જોગવાઈ કરવામાં આવી હતી અને તેમાંથી અડધી રકમ પણ આ આદિવાસી વિરોધી સરકારમાં વપરાઈ નથી



અમદાવાદ | આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ બજેટમાં આદિવાસી છાત્રોને થયેલા ગંભીર અન્યાય મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે જે બજેટ જાહેર કર્યું, એ મુદ્દે અમે થોડું એનાલિસિસ કર્યું, તેના વિશે આજે હું વાત કરવા માંગુ છું. ગુજરાતમાં આદિવાસી લોકોની 15% વસ્તી છે, એટલે કે 1 કરોડ 25 લાખ આદિવાસી લોકો ગુજરાતમાં વસે છે. 15મી નવેમ્બરે દેડીયાપાડામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી હતી કે તેઓ પાંચ વર્ષમાં ગુજરાતના આદિવાસી સમાજ માટે બે લાખ કરોડ ખર્ચ કરશે. છતાં બજેટમાં આદિવાસી સમુદાયને 5425 કરોડની રકમ ફાળવવામાં આવી. મેં વિધાનસભાના ગૃહમાં આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ સમક્ષ મેં અગાઉ ફાળવવામાં આવેલી રકમની માહિતી માંગી હતી, તેના જવાબમાં સરકારના મંત્રી દ્વારા જવાબ આપવામાં આવ્યો કે ગત 2024-25 માં 4373 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા, પરંતુ તેની સામે ફક્ત 3373 કરોડ વપરાયા હતા તો બાકીના 1000 કરોડ ક્યાં ગયા? એ જ પ્રકારે 2025-26માં 5120 કરોડની રકમ આદિજાતિ વિકાસ માટે જોગવાઈ કરવામાં આવી હતી અને તેમાંથી ફક્ત 2410 કરોડ વપરાયા મતલબ કે જેટલાની જોગવાઈ કરી હતી તેમાંથી 50% રકમ પણ ખર્ચ કરવામાં આવી નથી. આજે આદિવાસી વિસ્તારોમાં કુપોષણની સમસ્યા છે, સિકલ સેલની સમસ્યા છે, પીવાના પાણીની સમસ્યા છે, સિંચાઈનું પાણી આપવામાં નથી આવતું, કેટલાય ગામોમાં રોડ રસ્તા નથી, ગર્ભવતી બહેનોને ઝોલીમાં ઊંચકીને લઈ જવામાં આવે છે, આદિવાસી વિસ્તારોના દવાખાનાઓમાં પૂરતો સ્ટાફ નથી, આ સિવાય સીટી સ્કેન, સોનોગ્રાફી જેવા મશીનો પણ નથી અને સબવાહિનીઓ પણ નથી.

# CRS એ મુરકોંગસેલેક-પાસીઘાટ નવા રેલ પ્રોજેક્ટના નવા બનેલા મુરકોંગસેલેક-સિલે વિભાગમાં ટ્રેન સંચાલનને અધિકૃત કર્યું







માલીગાંવ | નૌરપૂર્વ સરહદી વર્તુળના રેલ્વે સલામતી કમિશનર (CRS), શ્રી સુમિત સિંઘલે ૧૨ અને ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ મુરકોંગસેલેક-સિલે (૧૫.૭૦ કિમી) નવા નકશાવાળા BG લાઈન વિભાગમાં ટ્રેન સંચાલનને અધિકૃત કર્યું છે. સફળ નિરીક્ષણ અને ગતિ પરીક્ષણો પછી, CRS એ રૂટ પર ૧૧૦ કિમી પ્રતિ કલાકની મહત્તમ અનુમતિપાત્ર ગતિએ ટ્રેન સંચાલનને મંજૂરી આપી છે, જેનાથી આ પ્રદેશમાં કનેક્ટિવિટી વધારવાનો માર્ગ મોકળો થયો છે.આ વિભાગ મુરકોંગસેલેક અને પાસીઘાટ વચ્ચે ચાલી રહેલા ૨૬.૧૫ કિમી લાંબા નવા રેલ લાઈન પ્રોજેક્ટનો એક ભાગ છે, જે અરુણાચલ પ્રદેશ સાથે રેલ જોડાણને વધુ મજબૂત બનાવવાના હેતુથી એક મુખ્ય માળખાગત પહેલ છે. ૨૬.૧૫ કિલોમીટર લાંબી મુરકોંગસેલેક - પાસીઘાટ નવી રેલ્વે લાઈન આસામના મુરકોંગસેલેકથી અરુણાચલ પ્રદેશના પાસીઘાટ સુધી ચાલે છે. આ નવી નકશાવાળી લાઈન નજીકના ભવિષ્યમાં આ રૂટ દ્વારા વધુ માલ અને મુસાફરોના પરિવહન માટે મદદરૂપ થશે. આ પ્રોજેક્ટમાં ત્રણ નવા વિકસિત સ્ટેશનો જેમ કે સિલે, લાબો અને પાસીઘાટ અને ૨૭ મુખ્ય પુલનો સમાવેશ થાય છે.

## સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશમાં ટિકિટ વગરના મુસાફરો સામે કડક કાર્યવાહી

અમદાવાદ | પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા માન્ય મુસાફરોને સરળ અને સલામત મુસાફરી સુવિધાઓ પૂરી પાડવા અને વગર ટિકિટ /અનિયમિત મુસાફરીને અસરકારક રીતે રોકવા માટે સતત સઘન ટિકિટ ચેકિંગ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી વિજ્ઞપ્તિ અનુસાર, વરિષ્ઠ મંડળ કોમર્શિયલ પ્રબંધક શ્રી નરેન્દ્ર કુમારના માર્ગદર્શન હેઠળ 17.02.2026 ના રોજ હાથ ધરવામાં આવેલી ટિકિટ ચેકિંગ અભિયાનમાં કુલ 931 કેસ નોંધાયા હતા, જેમાં ટિકિટ વગર મુસાફરીના 397 કેસનો સમાવેશ થાય છે.

## મહેસાણા-જગુદણ સેક્શનમાં એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

અમદાવાદ | પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના મહેસાણા-જગુદણ સ્ટેશનો વચ્ચે બ્રિજ નં. 976 ના પુનર્નિર્માણ સંબંધિત એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. વિગત નીચે મુજબ છે:- પૂર્ણ રદ ટ્રેન તા.20.02.2026 ની ટ્રેન સંખ્યા79435/79436સાબરમતી-પાટણ-સાબરમતી ડેમૂ રદ રહેશે. માર્ગ પરિવર્તિત ટ્રેનો 1. તા.19.02.2026ની19032યોગનગરી ઋષિકેશ સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા - આંબલિયાસણ - કલોલનાબદલે પરિવર્તિત માર્ગ મહેસાણા - કટોસણ રોડ - કલોલના રસ્તે ચાલશે. 2.તા.19.02.2026ની19412દૌલતપુર ચોક - સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા - આંબલિયાસણ - કલોલના બદલે પરિવર્તિત માર્ગ મહેસાણા - કટોસણ રોડ - કલોલના રસ્તે ચાલશે. રેલ મુસાફરોને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી શરૂ કરે. મુસાફરો ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટેwww.enquiry.indianrail.gov.inપર માહિતી મેળવી શકે છે.

## અમદાવાદ રેલવે સ્ટેશનના અદ્યતન એ.સી. પ્રતીક્ષાલયને મળ્યો યાત્રીઓનો જબરદસ્ત પ્રતિસાદ 1,00,000થી વધુ મુસાફરોએ લીધો લાભ

અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ રેલવે સ્ટેશન પર યાત્રીઓની સુવિધા માટે આધુનિક એર કન્ડિશન્ડ (એ.સી.) પ્રતીક્ષાલયને અદ્યતન અને સુવ્યવસ્થિત રીતે સંચાલિત કરવામાં આવી રહ્યો છે, જેને યાત્રીઓ તરફથી અત્યંત સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે.આ એ.સી. પ્રતીક્ષાલય 394 ચોરસ મીટર વિસ્તારમાં સ્થાપિત છે. તેનું સંચાલન મેસર્સ ક્વાલિટી કેટરર્સ, ઈસ્ટ દિલ્હી દ્વારા કરાર હેઠળ કરવામાં આવી રહ્યું છે. કરારમાં પ્રતીક્ષાલયનું અપગ્રેડેશન, જાળવણી, સ્વચ્છતા, પ્રશિક્ષિત સ્ટાફ દ્વારા સંચાલન તેમજ મુસાફરો પાસેથી નિર્ધારિત ઉપયોગ શુલ્કની વસુલાતનો સમાવેશ થાય છે.

## ચાણસ્મા કેળવણી મંડળ દ્વારા મેગા વૃક્ષારોપણ પૂર્વાયોજન માટે તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણીઓની બેઠક મળી

અમદાવાદ | હાલના બદલાતા વાતાવરણમાં મુખ્ય કારણ હોય તો પર્યાવરણ ની શુદ્ધિકરણ સાથે શુદ્ધ હવા માટે. વૃક્ષ મહત્વના હોઈ ચાણસ્મા કેળવણી મંડળ ના અગ્રણી દ્વારા ચાણસ્મામાં જ મોટું વૃક્ષાવન થાય તે માટે મેઘા વૃક્ષારોપણના સંભવિત આયોજન માટે ગુરવારે સાંજે ૫ વાગે ચાણસ્માની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ વરિષ્ઠ નાગરિકોની ચિંતન બેઠક યોજાઈ હતી.

## જૂનાગઢ મહાનગરપાલિકાની સાધારણ સભા યોજાઈ ગઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ તા.૧૯. મહાનગરપાલિકા, જૂનાગઢની સાધારણ સભા તા.૧૯/૦૨/૨૦૨૬ ને ગુરુવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે શ્રી પંડિત દીનદયાળ ઉપાધ્યાય સભાખંડ, ત્રીજો માળ, મહાનગર પાલિકા કચેરી,આઝાદ ચોક, જૂનાગઢ ખાતે મળેલ છે.જેમાં અધ્યક્ષશ્રી આકાશભાઈ કટારા દ્વારા સર્વે કોર્પોરેટરશ્રી તથા પત્રકારશ્રીઓનું સ્વાગત કરવામાં આવેલ.

## "બેટી બચાવો, બેટી પઢાઓ " યોજના અંતર્ગત જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં દિકરી વધામણા કીટ વિતરણ

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ તા.૧૯, જૂનાગઢ સિવિલ હોસ્પિટલ તથા જિલ્લાના વિવિધ તાલુકા ઓમાં જિલ્લા મહિલા અને બાળઅધિકારીશ્રીસી.જી.સોજીત્રાતથાદહેજ પ્રતિબંધકસહરક્ષણઅધિકારીશ્રીબી.ડી.ભાડ ના માર્ગદર્શન હેઠળ દીકરીના જન્મને ઉત્સાહ ભેર વધાવવા “દીકરી વધામણા કીટ” વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ દીકરીઓ પ્રત્યે સકારાત્મક દ્રષ્ટિકોણ વિકસાવવા તેમજ ‘બેટી બચાવો, બેટી પઢાઓ ‘અભિયાનને વધુ બળ આપવાનોહતો.

## જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા બીલખા ખાતે રોજગાર કાર્ડ એનાયત કાર્યક્રમ તથા કારકિર્દીલક્ષી માર્ગદર્શન સેમીનાર યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ,તા.૧૯ જૂનાગઢ જિલ્લાનાં યુવાઓને રોજગાર અને કારકિર્દીને લાગતુ માર્ગદર્શન મળી રહે તે માટે જિલ્લા રોજગાર કચેરી કાર્યરત છે. જિલ્લાનાં યુવાઓ પોતાની નોંધણી થકી રોજગાર કચેરીની જુદી-જુદી સેવાઓ મેળવી શકે છે. જિલ્લા રોજગાર કચેરી-જુનાગઢ દ્વારા જિલ્લાનાં યુવાઓ કચેરીના લાભોનો મહતમ લાભ લઈ શકે તેમજ યુવાઓના શ્રમ-શક્તિ નાણાંનો વ્યય અટકાવાનાં આશયથી જિલ્લાની શાળા-કોલેજો-ઔધોગીક સંસ્થાઓમા નામ નોંધણી કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ.

## જૂનાગઢ શાળાઓમાં પ્રતિભાશાળી દીકરીઓને સશક્તિકરણ માટે શૈક્ષણિક કીટ વિતરણ

નરેન્દ્રદવેજૂનાગઢ|જૂનાગઢતા.૧૯ જૂનાગઢ જિલ્લામાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી સી.જી.સોજીત્રા તથા દહેજપ્રતિબંધકસહરક્ષણ અધિકારીશ્રી બી.ડી.ભાડના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક શાળાઓ અને હાઈસ્કૂલોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર પ્રતિભાશાળી દીકરીઓને “શૈક્ષણિક કીટ” વિતરણ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ દીકરીના જન્મ, શિક્ષણ અને સુરક્ષા પ્રત્યે લોકોમાં સકારાત્મક દ્રષ્ટિકોણ વિકસાવવો અને કેન્દ્ર સરકારના ’બેટી બચાવો, બેટી પઢાવો’ અભિયાનનેવધુવેગઆપવોહતો.

## રાજકોટ સ્થિત જાનકી ઇન્ડસ્ટ્રીઝ કંપનીના માલિક તથા કામદારો વિરૂદ્ધ મહેસાણા કોર્ટમાં કરેલ બદનક્ષી ના કેસ સામેની રિવિઝન પણ રદ

અમદાવાદ | વિજાપુર સ્થિત બેરીંગના વ્યવસાય સાથે જોડાયેલ અલ્કા ઈન્ડસ્ટ્રીઝ દ્વારા રાજકોટ સ્થિત બેરીંગના વ્યવસાય સાથે જોડાયેલ જાનકી ઈન્ડસ્ટ્રીઝ કંપનીના માલિક તથા કામદારો વિરૂદ્ધ ન્યુઝ ચેનલમાં બદનક્ષી થાય તે પ્રકારે ઈન્ટરવ્યુ આપવા તથા મોબાઈલમાં વિડીયો ઉતારી અપ-પ્રચાર કરવા બદલ બદનક્ષીની ફરીયાદ કરેલ હતી.કેસની વિગતવાર ચર્ચા કરવામાં આવે તો, રાજકોટ સ્થિત જાનકી ઈન્ડસ્ટ્રીઝ અને વિજાપુર સ્થિત અલ્કા ઈન્ડસ્ટ્રીઝ બન્ને બેરીંગ મેન્યુફેકચરીંગના વ્યવસાયસાથે જોડાયેલ છે.

## જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા. ૨૧ ફેબ્રુઆરીના ભેંસાણ ખાતે ભરતીમેળો યોજાશે..

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ,તા.૧૯. જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા.૨૧ ફેબ્રુઆરીના ભેંસાણ ખાતે ભરતીમેળો યોજાશે. તા.૨૧ ફેબ્રુઆરીના રોજ ડ્રિમલેન્ડ સ્કુલ, અશોક બેકરી પાસે, પરબ રોડ, ભેસાણ ખાતે રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ભરતીમેળાનુ આયોજન કરવામા આવેલ છે. જેમા વિવિધ લાયકાત અને અલગ અલગ જગ્યાઓ માટે આઇ.ટી.આઇ. ડિપ્લોમા કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર (૧૮ વર્ષ થી ૩૫ વર્ષ) સુધીના રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવનાર છે.

## ""જય ભવાની જય શિવાજી ના નાદ ગુંજયા ,"છત્રપતિ શિવાજી મહારાજની ૩૯૮ મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી

ડાંગ | ડાંગ જિલ્લાના આહવા તેમજ વઘઈ ખાતે મરાઠા સામ્રાજ્યના સ્થાપક અને હિંદુઓના આરાધ્ય સમ્રાટ છત્રપતિ શિવાજી મહારાજની ૩૯૬મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય અને ઉત્સાહભર્યા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ. દર વર્ષે ૧૯ ફેબ્રુઆરીએ ઉજવાતી શિવાજી જન્મજયંતિ પ્રસંગે આ વર્ષે પણ શિવભક્તોમાં વિશેષ ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો. ડાંગ જિલ્લાના આહવા તેમજ વઘઈ ખાતે વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

# આકાશમાં વિહરતા નારદજીના કાને સંભળાતા જ મારા ઘરની બાલ્કની પર પધાર્યાં



પંચાત રસ

- રુપાલી દવે

નારાયણનારાયણ..નારાયણ


“ચૂપ બિલકુલ ચુપ..સો દોઢસો માણસોની સાક્ષી એ ધામધૂમ થી લગ્ન કરીને લઈ આવ્યા છો..” ટપરી ની કડક મીઠી ચા જેવો ડાયલોગ આકાશમાં વિહરતા નારદજી ના કાને સંભળાતા જ એ મારા ઘરની બાલ્કની પર પધાર્યા. મહિનાઓ બાદ આકાશ નિવાસી નારદજી ને સન્મુખ જોઈને ખુશ થતા એને પૂછ્યું કે પ્રભુ,મારા મનમાં ઘણી વખત પ્રશ્ન થયા કરે છે કે બૈરી,બાઈકો, શ્રીમતિ, લુગાઈ, વાઈફ,પત્ની વગેરે વગેરે શબ્દોની શોધ ક્યાં મહાનુભાવ એ કરી છે? નારદજી એ સહેજ સ્માઈલ ફરકાવતા કહ્યું કે દેવી,તમારા સંશય નો જવાબ મારા પાસે નથી તમે તો જાણો છો હું બાળ બ્રહ્મચારી યુગોથી ત્રણેય લોકમાં ભ્રમણ યાત્રા કર્યા કરું છું.જ્યારે જ્યારે પણ મનમાં લગ્નની ઈચ્છા થઈ ત્યારે ત્યારે કઠીન પરીક્ષાઓ માંથી પસાર થવું પડ્યું હતું.આ બાદ મનમાં ગાંઠ વાળી કે “હરિ ૐ” ના આશ્રય માં જીવવામાં જ સુખાનંદ છે.સ્વર્ગ માં દેવો એની સહચારીણી સ્ત્રીને “અર્ધાંગિની” શબ્દ થી બોલાવે એ જાણકારી છે.નારદજી તો મારા સાથે નાનકડો વાર્તાલાપ કરી ને એના ગંતવ્ય તરફ પ્રસ્થાન કરી ગયા. પરંતુ મને નવા શબ્દ “અર્ધાંગિની” માં ફસાવી ગયા.બૈરી,બાઈકો, લુગાઈ,પત્ની,શ્રીમતીજી વગેરે શબ્દ ની માયાજાળ ને સમેટી શકયા નહતા ત્યાં “અર્ધાંગિની” ની નવી પંચાત સામે આવી ને ઊભી રહી ગઈ.શબ્દો ની ગડમથલ માં મારી શાર્પ બુદ્ધિ પણ હાંફવા લાગી હતી. યુગલ જોડા ને પ્રથમ દ્રષ્ટિ એ જોતા એના નામકરણ વિશે જાણકારી જરૂરી છે પણ ભારત દેશ માં બંધારણ માન્યતાની દ્રષ્ટિ એ કુલ ૨૨ ભાષા બોલાય છે એટલે દરેક ભાષા માં યુગલ જોડા નું નામકરણ અલગ અલગ હોય છે. “AI” નું પદાર્પણ થયું એ બાદ સાયન્સ ઈતિહાસ,ભૂગોળ વગેરે વિષયના સામાન્ય પ્રશ્નો ના જવાબો મેળવી શકાય છે પરંતુ જટિલ પ્રશ્નો ના જવાબ આપવાનું AI ટાળે છે,કેમ?અરે!!યુવાન ટેક્નોલોજી ને પણ ઈશ્ક વિશ્ક કરવાનો અધિકાર સમજો.નવરા ની મંડળીના પત્ની પીડિત એક સભ્યએ શબ્દ ની ગડમથલ ને સહમતી આપતા માથે હાથ મૂકીને પોતાની દર્દભરી દાસ્તાન સંભળાવી.પત્ની પીડિત પતિ એ નિરાશા માં લાંબા લાંબા બગાસા ખાતા બોલ્યો કે બુન,પાંત્રીસ વર્ષ પહેલા મારી સુશીલ સંસ્કારી ઘરવાળી પરણી ને આવી ત્યારે “એજી ઓજી..પિંકી બેનના ભાઈ” બોલતી હતી. આપણા નું હુલામણું નામ બાપા એ રાખ્યું નહતું એટલે પિંકી ના સાસરે ગઈ એ બાદ “બેબી ના બેબી” બોલવાનું શરૂ કર્યું.બેડરૂમ ની ચાર દીવાલ પર “બેબી ના બેબી” ચાલે પણ.. એકવાર બૈરીને સમજાવ્યું કે ડાર્લિંગ,જાહેર માં “બેબી ના બેબી” ના બોલાય..એ બાદ એણે “ડાર્લિંગ જી” બોલવાનું શરૂ કર્યું..બુન,કહેવાની વાત એ છે કે મારી સાવ ભોળી સંસ્કારી પત્ની ના હાથમાં સ્માર્ટ મોબાઈલ આવ્યો છે ત્યાર થી એની સ્વર પેટી સ્પીકર બની ગઈ છે ને સમજણ ઝીરો નો બલ્બ બની ગઈ છે.જેવો ઘર માં પ્રવેશું એ ભેગા એનું રેકોર્ડ “ક્યાં હતા? કોની સાથે હતા? કેમ આટલું બધું મોડું થયું?ઘર બહાર લફરા હોય તો ઘરવાળા થી છાનું ન રાખતા.ભલભલા ના લોલ m પોલ સોશિયલ મીડિયામાં વાયરલ થતા હોય છે. રાતોરાત શ્રીમતી માંથી સાચા અર્થમાં અર્ધાંગિની બની ચૂકેલ પત્ની ની વાત સાંભળી ને હસવું કે રડવું શું કરવું સમજાતું નથી,.મારી વાઈફ સાવ ગાંડી છે લફરા ની જાણ પત્ની ને કરે એવો પતિ થયો નથી ને ક્યારેય થવાનો પણ નથી.

નવરા મંડળી ના પીડિત પતિ એ ઊંડો નિસાસો નાખતા કહ્યું કે બુન,સાચું કહું “અર્ધાંગિની” ના પ્રેમ માં પાગલ પુરુષ સમાજ અંતે તો સાવ બેવકૂફ જ સાબિત થાય છે.આ તથ્ય લગ્ન ના વર્ષો બાદ મને સમજાયું, કેવી રીતે? ”મેરે દેશ કી ધરતી..” અને “શિરડી વાલે સાંઈબાબા..” સોંગ વગાડવા પાછળ મ્યુઝિક મંડળી નો ઉદ્દેશ્ય “હજુ સમય છે ચેતી જા” નો ગુપ્ત સંદેશ આપવા.લગ્ન ના લડવા શરૂઆત માં તો મીઠા લાગે છે પણ માથે ધોળા આવતા જ કડવા થવા લાગે છે.દિલ થી લઈને બેંક ના ખાતા સહિત બધેય અર્ધાંગિની બની ચૂકેલ બૈરી એની મનમાની કર્યા કરે છે.લગ્ન દિવસ અને જન્મ દિવસ માં ભાવતું તો બૈરી નું જ થાય છે એટલે મન મારી ને એ બોલે એ બધુય કરવું જ પડે છે.બોલો સુપર હિટ ધુરંધર ફિલ્મ જોયા બાદ મારી બૈરી ને સેક્સી રણવીર સિંહ ને બદલે એન.એસ.એ અજય સંન્યાલ નું પાત્ર નિભાવી રહેલ આર માધવનમાં “હેન્ડસમ ચાર્મિંગ પર્સનાલિટી” વધારે દેખાઈ.ઘરે આવ્યા બાદ બૈરી ને પૂછ્યું કે રણવીર સિંહ ને બદલે આર.માધવન ઉર્ફ અજય સંન્યાલ કેમ? ત્યારે એ સ્માઈલ કરતા બોલી હતી કે બાપરે!! પતિદેવ, તમે લગ્ન ના વરસો બાદ સહેજ પણ બદલાયા નથી એકદમ ભોળિયા છો,તમને આજેપણ મારી પસંદગીની સહેજ પણ કદર જ નથી. આજેપણ મારા માટે તમે મારા દિલ ના હીરો છો.માન્યું કે તમારી પત્ની આધુનિક સુંદર આકર્ષક છે પણ એનો મતલબ એ તો નથી કે યંગ એનર્જેટિક રણવીર સિંહ ને પસંદ કરું. પત્ની દેવી વખાણ કરે છે કે..શું? શરૂઆત માં તો સમજાયું નહી એટલે ખુશ થઈને પ્રેમ થી પત્ની પર વરસી પડ્યા હતા.

સાચી વાત છે “અર્ધાંગિની” શબ્દ ની અંદર છુપાયેલી નાનકડી શરત “ગીવ & ટેક” ની છુપાયેલી હોય છે મોટાભાગ ના લોકો લગ્ન કરવાની ઉતાવળ અને ઘેલછા માં શર્ત અંતર્ગત વિચારતા હોતા નથી. ગીવ & ટેક એટલે વસ્તુ ખરીદ્યા બાદ આઉટ ઓફ ડેટ નીકળે તો પરત લેવા માં આવશે નહી એવો અર્થ નથી થતો. મોંઘી વસ્તુ પેકેટ માં લખેલ શર્ત વાંચ્યા વગર ખરીદો તો એમાં ભૂલ ખરીદનાર ની કહેવાય છે.પતિ ની કમાયેલ પ્રોપર્ટી માં પત્ની નો અધિકાર કેમ? આ પ્રશ્ન નો છેદ ઉડી જાય છે.”પ્રોપર્ટી” મુદ્દે સબંધી પતિ પત્નીની વાત ડિવોર્સ સુધી પહોંચતા વિવાદ સર્જાયો.આ મામલે લાગતા વળગતા સગા સબંધીઓ એ વિવાદ માં ઝંપલાવ્યું હતું.પંચાત રસ કોને ન ગમે? મોટાભાગ ના પરણિત પુરુષો નું કહેવું હતું કે મિલકત તો પુરુષ એ એની મહેનત મજુરી થી એકઠી કરી હોય એમાં વળી બૈરી ઓની શી મહેનત. ઘરની ચાર દીવાલમાં સુરક્ષિત રહીને ચુલા ચોકા કરવા કે બાળકો નું પાલન પોષણ કરવું એતો ખૂબ સરળ છે એકવાર ઘરની બહાર નીકળી ને બૈરું કમાવવા જાય તો ખબર પડે કે કેટલા વિસે સો થાય છે.બધાએ લગ્ન જીવન થી અસંતુષ્ટ પતિ ને ખાનગી માં સમજાવ્યું કે એક નો બે ન થતો અમે બધા તારા જંગ માં સાથે છીએ.

સ્માર્ટ મોબાઈલ ના જમાના માં wp પર કોણ કોની સાથે રસ લીલા રમે છે કે કોની સાથે વ્યસન લીલા? બધી વાતો જાહેર થઈ જતી હોય છે,કોને ખબર પડવાની છે? પતિઓની ટોળકી પેલા વિવાદિત પતિ ના ખંડેર બની ચૂકેલ લગ્ન જીવનમાં તેલ રેડવાનું કામ કરતા હતા એના લીધે એની અર્ધાંગિનીઓ વિવાદીત પતિ પત્ની ના પુનઃ ગઠબંધન ના લાખ પ્રયત્નો કરવા છતાંય બન્ને વચ્ચેના સબંધો વધારે વણસતા સુલહ થવાનું નામ લેતા નહતા. જ્યાં સ્માર્ટ મોબાઈલની તાકાત ન પોંહચે ને ત્યાં સ્ત્રીઓ મોબાઈલ કરતા પણ વધારે ચતુર બુદ્ધિ ની હોય છે એટલે એનામાં નનામા નાની વાત નો તાગ મેળવવાની તાકાત મતલબ સિક્સ સેન્સ હોય છે. “સોરી” બોલીને અર્ધાંગિનીઓના ડરે વિવાદિત પતિ સાથે છેડો ફાડ્યા બાદ પંચાત રસમાં ડૂબેલા પતિઓ દર્દ માં રડતા રડતા બોલ્યા કે પ્લીઝ!!પ્લીઝ!અમને અમારી બૈરી,બાઈકો, શ્રીમતિ,લુગાઈ, વાઈફ, માનવી,ગૃહિણી, ઘરવાળી, જોરૂ બહુંરુ,ભાર્યા વગેરે વગેરે થી છોડવો..છોડવો.. છોડવો..

# હોલિવૂડના 'લાસ્ટ એક્શન હીરો' ટૉમ નૂનનનું 74 વર્ષની વયે નિધન! સિનેમા જગતમાં માતમ...!



(એજન્સી) મુંબઈ તા.19 હોલિવૂડના દિગ્ગજ અભિનેતા અને દિગ્દર્શક ટૉમ નૂનનના નિધનના સમાચારથી સિનેમા જગતમાં શોક છે. 74 વર્ષની વયે તેમણે 14 ફેબ્રુઆરીના રોજ અંતિમ શ્વાસ લીધા હતા. ટૉમ નૂનન તેમના શાનદાર અભિનય અને અનોખા અંદાજ માટે જાણીતા હતા. ખાસ કરીને 'રોબોકૉપ 2'માં તેમની 'રોબોકેન'ની ભૂમિકા અને 'લાસ્ટ એક્શન હીરો' જેવી ફિલ્મો દ્વારા તેમણે દર્શકોના દિલ જીતી લીધા હતા. 1980માં ફિલ્મ 'વિલી એન્ડ ફિલ'થી અભિનયની શરૂઆત કરનાર ટૉમે ચાર દાયકા સુધી ચાલેલી પોતાની કારકિર્દીમાં 50થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતું.

ટૉમ નૂનનના નિધનની પુષ્ટિ તેમની નજીકની મિત્ર અને સહ-કલાકાર કેરેન સિલાસે સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ દ્વારા કરી છે. કેરેને જણાવ્યું હતું કે ટૉમ સાથે કામ કરવું તેમના જીવનનો ટર્નિંગ પોઈન્ટ હતો અને આજે પણ એક અભિનેતા તરીકે તેમના જીવન પર ટૉમનો પ્રભાવ જોવા મળે છે. ટૉમ અને કેરેને 1994ની પ્રખ્યાત ફિલ્મ 'વોટ હેપન્ડ વોઝ...'માં સાથે સ્ક્રીન શેર કરી હતી. ટૉમ નૂનને માત્ર મોટા પડદા પર જ નહીં, પરંતુ ટીવી પર પણ કામ કર્યું છે. ટૉમ નૂનનની નોંધપાત્ર ફિલ્મોની યાદીમાં 'મેનહંટર', 'રોબોકૉપ 2', 'લાસ્ટ એક્શન હીરો', 'હીટ', 'વોલ્ફન' અને 'ધ આલ્ફાબેટ કિલર' જેવી હિટ ફિલ્મોનો સમાવેશ થાય છે. વર્ષ 1980થી 2018 સુધી સતત સક્રિય રહેલા આ વેટરન એક્ટરની વિદાય હોલિવૂડ માટે એક મોટી ખોટ સમાન છે.



## શ્રદ્ધાએ ઈજા બાદ નવું શૂટિંગ શિડયૂલ પૂર્ણ કર્યું



મુંબઈ : શ્રદ્ધા કપૂરને તેની આગામી ફિલ્મ 'ઈથા'નાં શૂટિંગ દરમિયાન ડાન્સ વખતે ઈજા થઈ હતી. જોકે, તેણે ત્વરિત સારવાર મેળવ્યા બાદ આરામ કર્યા વિના શૂટિંગ આગળ ધપાવ્યું હતું. હવે તેણે આ ફિલ્મ માટે પુણેમાં પણ એક લાંબું શિડયૂલ પૂર્ણ કર્યું છે.

શ્રદ્ધા, રણદીપ હૂડા સહિતની ટીમે પુણે શહેરનાં વિવિધ લોકેશન્સ પર અનેક સીન્સનું શૂટિંગ કર્યું હતું. આ શિડયૂલ પૂર્ણ થયું તેની સમગ્ર ટીમે ઉજવણી પણ કરી હતી. આ ઉજવણીના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. ઉલ્લેખનીય છે કે 'ઈથા' વિખ્યાત મહારાષ્ટ્રીયન નૃત્યાંગના વિઠાબાઈ નારાયણગાંવકરની બાયોપિક છે. શ્રદ્ધા તેમાં મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. 'છાવા'ના ડિરેક્ટર લક્ષ્મણ ઉત્તેકર આ ફિલ્મનું દિગ્દર્શન કરી રહ્યા છે.

## જયા બચ્ચન ઈન 'ડેન્જર મૂડ'...!

મુંબઈ : જયા બચ્ચન અને પાપારાઝી વચ્ચેનો છત્રીસનો આંકડો જગજાહેર છે. તાજેતરમાં મુંબઈની એક હોટલ બહાર ફરી એકવાર જયા બચ્ચનનું રોદ્ર સ્વરૂપ જોવા મળ્યું હતું, જ્યાં તેમણે ફોટોગ્રાફર્સનો ઉધડો લીધો. જોકે, આ ગંભીર માહોલમાં કરણ જોહરની મસ્તીએ માહોલ શાંત પાડી દીધો. હાલ સોશિયલ મીડિયા પર આ વીડિયો ખૂબ જ વાઈરલ થઈ રહ્યો છે.

18 ફેબ્રુઆરીની સાંજે જયા બચ્ચન મુંબઈની 'ફોર સીઝન્સ' હોટલ બહાર પોતાના ફ્રેન્ડસ સાથે જોવા મળ્યા હતા. તેમને જોતા જ પાપારાઝીએ ફોટા પાડવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં જયા બચ્ચને તેમને નજરઅંદાજ કર્યા અને મોઢું ફેરવી લીધું. પરંતુ જ્યારે પાપારાઝી બીજી તરફથી એન્ગલ લેવાનો પ્રયત્ન કર્યો.

ત્યારે જયા બચ્ચનનો પારો સાતમા આસમાને પહોંચી ગયો. તેમણે ગુસ્સામાં કહ્યું- 'બસ, હવે બહુ થયું!' અને વધુ ફોટા ન પાડવા કડક શબ્દોમાં ખખડાવી નાખ્યા. જયા બચ્ચન જ્યારે નારાજ હતા ત્યારે જ ફિલ્મમેકર કરણ જોહર ત્યાં આવી પહોંચ્યા. બંને વચ્ચે લાંબી વાતચીત થઈ હતી. જ્યારે કરણ વિદાય લઈ રહ્યા હતા ત્યારે જયા બચ્ચને ફરી એકવાર પાપારાઝી સામે નારાજગી વ્યક્ત કરી, પણ કરણે ખૂબ જ પ્રેમથી તેમને ગળે લગાવી મામલો શાંત પાડ્યો હતો. જતા-જતા જ્યારે પાપારાઝીએ કરણ જોહરનો આભાર માન્યો, ત્યારે કરણે મજાકિયા અંદાજમાં કહ્યું- 'મારા કારણે તમને જયાજીના ફોટા મળ્યા છે હો!

## બ્રિટિશ એકેડમી દ્વારા જાહેરાત કરાઈ

### આલિયા 79મા બાફટા એવોર્ડ સમારોહની પ્રેઝન્ટર બનશે

મુંબઈ : આલિયા ભટ્ટ આ વખતે ૭૯મા બાફટા એવોર્ડ સમારોહની પ્રેઝન્ટર બનશે. બ્રિટિશ એકેડમીએ એક પ્રેઝન્ટર તરીકે આલિયાના નામની જાહેરાત કરી છે.

બાફટા દ્વારા કરવામાં આવેલી જાહેરાતને આલિયાએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કરી હતી અને ચાહકોને પ્રેઝન્ટર્સની યાદીમાં પોતાનું નામ તપાસવા જણાવ્યું હતું.

આલિયા સિલિયન મર્ફી, મોનિકા બેલુચી, બ્રિયાન ક્રેન્સ્ટન અને ગ્લેમ ક્લોઝ સહિતની હસ્તીઓની સાથે આ એવોર્ડ પ્રેઝન્ટ કરશે. ભારતમાંથી ભૂતકાળમાં દીપિકા પદુકોણ તથા પ્રિયંકા ચોપરા આ એવોર્ડમાં પ્રેઝન્ટર રહી ચૂક્યાં છે. આ વખતે આ એવોર્ડ સમારોહમાં ચિલ્ડ્રન ફિલ્મની કેટેગરીમાં મણિપુરી ફિલ્મ 'બૂંગ' પણ હોડમાં છે.

## વિવેક અગ્નિહોત્રી ઓપરેશન સિંદૂર પર ફિલ્મ બનાવશે




### ભૂષણ કુમાર ફિલ્મ પ્રોડ્યૂસ કરશે : ફિલ્મનું ટાઈટલ કે કલાકારો સહિતની વિગતો હજુ જાહેર નથી કરાઈ

મુંબઈ : 'કાશ્મીર ફાઈલ્સ' સહિતની ફિલ્મોના સર્જક વિવેક અગ્નિહોત્રી ઓપરેશન સિંદૂર પર પણ એક ફિલ્મ બનાવી રહ્યા છે. આ ફિલ્મ ટી સીરિઝના ભૂષણ કુમાર દ્વારા પ્રોડ્યૂસ કરવામાં આવશે જ્યારે વિવેક અગ્નિહોત્રી તેનું ડિરેક્શન સંભાળશે. વિવેક અગ્નિહોત્રીએ ફિલ્મનું ટાઈટલ કે અન્ય વિગતો જાહેર કર્યા વિના ફક્ત એટલું જ કન્ફર્મ કર્યું હતું કે પોતે એક રાષ્ટ્રવાદી ફિલ્મ બનાવી રહ્યા છે. ફિલ્મનાં ટાઈટલ કે કલાકારોની વિગતો હજુ અપાઈ નથી. કાશ્મીરના પહલગામમાં પર્યટકો પર થયેલા આતંકી હુમલા અને ત્યારબાદ ભારતે હાથ ધરેલાં ઓપરેશન સિંદૂરની વિગતો આ ફિલ્મમાં આવરી લેવામાં આવે તેવી સંભાવના છે. ઉલ્લેખનીય છે કે ઓપરેશન સિંદૂર હાથ ધરાયું તે અરસામાં જ બોલિવુડના અનેક નિર્માતાઓએ ઓપરેશન સિંદૂર સંબંધિત ટાઈટલ રજિસ્ટર કરાવવા માટે દોટ મૂકી હતી.

## રણવીરને ધમકી બાદ પહેલીવાર દીપિકા બાંદરાનાં નવાં ઘરે પહોંચી



### રણવીર-દીપિકા બંનેની સુરક્ષા વધારી દેવાઈ છે : રણવીર-દીપિકા હાલ જ્યાં રહે છે એ સોસાયટીએ સુરક્ષા જવાનોની હાજરી સામે વિરોધ નોંધાવ્યો છે

મુંબઈ : રણવીર સિંહને લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી ધમકી મળ્યા બાદ પહેલીવાર દીપિકા જાહેરમાં નીકળી હતી અને તે તેમનાં મુંબઈનાં બાંદરા ખાતેનાં નવાં ઘરે ગઈ હતી.

રણવીર અને દીપિકા સાઉથ મુંબઈના પ્રભાદેવીમાં રહે છે. જોકે, તેમણે બાંદરામાં શાહરુખના બંગલાની પાસે જ એક ટાવરમાં ચાર માળ ખરીદ્યા છે. જેની કિંમત ૧૦૦ કરોડથી પણ વધુ હોવાનું અંદાજવામાં આવે છે.

દીપિકા તાજેતરમાં તેની દીકરી દુવા સાથે આ નવાં ઘરની મુલાકાતે પહોંચી હતી. જોકે, સલામતીનાં કારણોસર તેણે પાપારાઝી સમક્ષ પોઝ આપવાનું ટાળ્યું હતું.

રણવીરને ધમકી મળ્યા બાદ તેઓ પ્રભાદેવીમાં જ્યાં રહે છે એ સોસાયટીમાં વધારાના પ્રાઈવેટ ગાર્ડસ ગોઠવાયા છે. જોકે, સોસાયટીના જીમ સહિતનાં કોમન એરિયાઝમાં આ ગાર્ડસની હાજરી સામે સોસાયટી મેનેજમેન્ટ દ્વારા વિરોધ નોંધાવાયો છે.

## સાઉથની રિમેક નહીં પણ બોલિવૂડ સ્ટાઈલમાં બનશે 'દ્રશ્યમ 3'!

### અજય અને જયદીપ વચ્ચે રમાશે માઈન્ડ-ગેમ; ગોવામાં હાઈ-વોલ્ટેજ ફેસ-ઓફ ફિલ્માવાશે...



(એજન્સી) મુંબઈ તા.19

ભારતીય સિનેમામાં સસ્પેન્સ અને થ્રિલરની વ્યાખ્યા બદલનારી ફ્રેન્ચાઈઝ 'દ્રશ્યમ' તેના ત્રીજા અને સૌથી ઘાતક ચેપ્ટર તરફ આગળ વધી ચૂકી છે. વિજય સાલગાંવકરની ચાલાક ચતુરાઈ અને કાયદાના મજબૂત સકંજા વચ્ચે હવે એવી બાજી બિછાવા જઈ રહી છે, જ્યાંથી કોઈ એકનું બચવું અશક્ય છે.

આ ફિલ્મનું અડધું શૂટિંગ પૂરું થઈ ગયું છે અને હવે આખી યુનિટ તેના સૌથી નિર્ણાયક પડાવ ગોવા માટે ઉડાન ભરવા તૈયાર છે. આગામી 25 ફેબ્રુઆરીએ અજય દેવગણ પોતાની ટીમ સાથે ગોવા પહોંચશે, જ્યાં વાર્તાનું ભાવિ નક્કી કરનારા દ્રશ્યો ફિલ્માવવામાં આવશે.

મેકર્સે આ શેડ્યૂલ માટે અત્યંત ગુપ્ત અને સંપૂર્ણ રણનીતિ તૈયાર કરી છે. 25 ફેબ્રુઆરીએ ગોવા પહોંચ્યા પછી ટીમ 26 થી 28 ફેબ્રુઆરી સુધી પ્રારંભિક શૂટ અને ટેકનિકલ સેટઅપ પૂર્ણ કરશે. પરંતુ અસલી શૂટ 1 માર્ચથી શરૂ થશે, જ્યારે અજય અને જયદીપ અહલાવત વચ્ચે હાઈ-વોલ્ટેજ ફેસ-ઓફ ફિલ્માવવામાં આવશે.

આ શેડ્યૂલ ટૂંકું પણ અત્યંત તીવ્ર છે, જેને 2 માર્ચ સુધીમાં પૂર્ણ કરીને ટીમ મુંબઈ પરત ફરશે. આ ઉતાવળ પાછળનો હેતુ હોળી પહેલાં ફિલ્મના સૌથી જટિલ ભાવનાત્મક અને થ્રિલર ભાગોને પૂર્ણ કરવાનો છે. ત્યારબાદ મે મહિનામાં માત્ર 2-3 દિવસના પેચવર્ક સાથે ફિલ્મનું પ્રિન્સિપલ ફોટોગ્રાફી પૂર્ણ થઈ જશે.

આ વખતે સૌથી મોટો માસ્ટરસ્ટ્રોક કાસ્ટિંગમાં જોવા મળે છે. અક્ષય ખન્નાના બહાર થયા પછી 'પાતાલ લોક' ફેમ જયદીપ ક્રાઈમ એસપીની ભૂમિકામાં જોવા મળશે. તે યુનિફોર્મ કે પરંપરાગત પોલીસિયા રોફમાં નહીં, પરંતુ સિવિલ ડ્રેસમાં સાલગાંવકરના ઘરે પહોંચશે. જયદીપ અને અજય વચ્ચે સંવાદોનો તીખો જંગ જોવા મળશે. જયદીપ તે દફન રહસ્યોનો ઉલ્લેખ કરશે, જેને વિજય સાલગાંવકરે છુપાવ્યા હતા.

ડિરેક્ટર અભિષેક પાઠકે આ વખતે હિંમત બતાવીને ફિલ્મને રિમેકની બેડીઓમાંથી મુક્ત કરી દીધી છે. 'દ્રશ્યમ 3' હવે મોહનલાલના મલયાલમ વર્ઝનને ફોલો નહીં કરે. તેને સંપૂર્ણપણે નોર્થ ઈન્ડિયન કલ્ચર અને પોતાની મૌલિક સ્ક્રિપ્ટના આધારે ઢાળવામાં આવી છે. મેકર્સનું માનવું છે કે, 'દ્રશ્યમ' હવે એક ગ્લોબલ બ્રાન્ડ છે અને સાલગાંવકરનો અંત હવે તેની પોતાની શરતો પર થશે. ફિલ્મનો ક્લાઈમેક્સ દર્શકોને ચોંકાવી દેશે.

## વિજય દેવરાકોંડાનું ઘર લાઈટ્સથી ઝગમગી ઉઠ્યું...

### લગ્નના આયોજનની તૈયારીઓ અને માહોલ





(એજન્સી) મુંબઈ તા.19

સાઉથ એક્ટર વિજય દેવરકોંડા અને એક્ટ્રેસ રશ્મિકા મંદાના આ દિવસોમાં તેની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે બંને જલ્દી જ લગ્નના બંધનમાં બંધાઈ શકે છે. એવામાં એક વીડિયો સામે આવ્યો છે, જેમાં વિજય દેવરાકોંડાનું ઘર ફૂલો અને લાઈટ્સથી સજાવેલું જોવા મળી રહ્યું છે. જોકે, આ મામલે અત્યાર સુધી બંને સ્ટાર્સ તરફથી કોઈ ઓફિશિયલ નિવેદન સામે આવ્યું નથી.

આ વીડિયો બુધવારે સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો, જેમાં જોઈ શકાય છે કે વિજય દેવરાકોંડાના ઘરને લાઈટ્સથી સજાવવામાં આવ્યું છે.

આ વીડિયો વાઈરલ થતાં જ સોશિયલ મીડિયા યુઝર્સે કોમેન્ટ્સ કરવાનું શરૂ કરી દીધું. એક ફેને લખ્યું, હું ખુશીથી ચીસો પાડી રહી છું. બીજાએ કોમેન્ટ કરી, વાહ, આખરે લગ્નની વાઈબ્સ આવી જ ગઈ. ત્રીજાએ લખ્યું, ક્યુટીઝ, અભિનંદન. ઉપરાંત અન્ય ઘણા યુઝર્સે કોમેન્ટ કરી અને લખ્યું હવે રાહ નથી જોવાઈ રહી.

તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક કાર્ડ વાઈરલ થયું હતું, જેના પર વિજય દેવરાકોંડાનું નામ લખેલું હતું. આ પછી લોકોએ કહેવાનું શરૂ કર્યું કે આ બંનેના લગ્નનું કાર્ડ છે.

કાર્ડમાં લખ્યું હતું કે પરિવારના આશીર્વાદથી રશ્મિકા અને વિજય 26.02.26 ના રોજ એક નાના અને ખાનગી સમારોહમાં લગ્ન કરશે. તે તેમના નવા જીવનની શરૂઆત પોતાના પ્રિયજનો સાથે કરવા માંગે છે અને તેમના આશીર્વાદ તેમના માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

રિપોર્ટ્સ અનુસાર લગ્નની વિધિઓની તૈયારીઓ પહેલેથી જ શરૂ થઈ ચૂકી છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયો અને ચર્ચાઓએ પુષ્ટિ કરી છે કે બંને સિતારાઓ આ આયોજનને ખૂબ જ પ્રાઈવેટ રાખવા માંગે છે. એટલું જ નહીં, લગ્નમાં નો-ફોન પોલિસીની પણ વાત સામે આવી રહી છે, જેથી ખાનગી પળોને મીડિયા અને પબ્લિકના કેમેરાથી બચાવી શકાય.

ખૂબ જ ખાસ વાત એ છે કે લગ્ન ઉદયપુરના કોઈ ઐતિહાસિક મહેલ કે દરબાર શૈલીના સ્થળે થવાની અટકળો છે, જેનાથી આ આયોજન વધુ ભવ્ય બનવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. જોકે, કોઈપણ સરકારી કે પારિવારિક સ્ત્રોતે હજુ સુધી લગ્નના સ્થળની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

લગ્ન પછી 3 થી 4 માર્ચની આસપાસ એક રિસેપ્શન પાર્ટી પણ યોજાવાના સમાચાર છે, જેમાં ફિલ્મ અને સોશિયલ સર્કલના ઘણા જાણીતા ચહેરાઓ સામેલ થઈ શકે છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ભારત બાંગ્લાદેશ ક્રિકેટ સંબંધો સુધારવા નવી સરકારનો મોટો નિર્ણય

● અમીનુલ હક BCCI નિવેદનથી રમત જગતમાં ચર્ચા



(એજન્સી) ઢાકા । તા. 19

બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન થતાની સાથે જ પડોશી દેશ ભારત પ્રત્યેના વલણમાં મોટો બદલાવ જોવા મળ્યો છે. વડાપ્રધાન તારિક રહેમાનના નેતૃત્વ હેઠળની નવી સરકારે ભારત સાથેના ખરાબ થયેલા સંબંધોને સુધારવાની કવાયત હાથ ધરી છે. ખાસ કરીને રમતગમતના ક્ષેત્રમાં જે મડાગાંઠ સર્જાઈ હતી, તેને દૂર કરવા માટે નવા રમતગમત મંત્રી અમીનુલ હકે સત્તા સંભાળતાની સાથે જ ભારત પ્રત્યે મિત્રતાનો હાથ લંબાવ્યો છે. તેમણે સ્વીકાર્યું છે કે અગાઉના વિવાદોને કારણે બાંગ્લાદેશને મોટું નુકસાન વેઠવું પડ્યું છે. અમીનુલ હકે પદભાર સંભાળતાની સાથે જ ભારતીય ડેપ્યુટી હાઈ કમિશનર સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં T20 વર્લ્ડ કપ અને આગામી દ્વિપક્ષીય શ્રેણીઓ અંગે હકારાત્મક ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે બાંગ્લાદેશ તેના સૌથી મહત્વના પાડોશી ભારત સાથે રમતગમત સહિતના તમામ ક્ષેત્રોમાં પારદર્શક અને મૈત્રીપૂર્ણ સંબંધો ઈચ્છે છે. આ મુલાકાતને બંને દેશો વચ્ચેના ક્રિકેટ સંબંધોના 'નવજીવન' તરીકે જોવામાં આવી રહી છે.

## અમ્પાયર માણિક ગુપ્તાનું નિધન: ક્રિકેટ મેદાન પર મધમાખીઓ કાળ બનીને ત્રાટકી



ઉન્નાવ | ક્રિકેટના મેદાન પર ચોગ્ગા-છગ્ગાની રમઝટ વચ્ચે એક એવી કુદરતી હોનારત સર્જાઈ કે જેણે સૌને હચમચાવી દીધા છે. ઉન્નાવના શુક્લાગંજ સ્થિત સપ્રુ સ્ટેડિયમમાં રમાઈ રહેલી અંડર-13 ક્રિકેટ મેચ દરમિયાન મધમાખીઓના અચાનક હુમલાએ એક અનુભવી અમ્પાયરનો ભોગ લીધો છે. ૬૫ વર્ષીય અમ્પાયર માણિક ગુપ્તા પર મધમાખીઓના ઝૂંડે એટલો ભયાનક હુમલો કર્યો કે સારવાર દરમિયાન તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ ઘટનામાં અન્ય એક અમ્પાયર અને અનેક નિર્દોષ બાળકો પણ ઘાયલ થયા છે. HA એકેડેમી અને SBS એકેડેમી વચ્ચે મેચ ચાલી રહી હતી ત્યારે અચાનક આકાશમાંથી મધમાખીઓનું મોટું ઝૂંડ મેદાનમાં ધસી આવ્યું હતું.

## વેસ્ટ ઈન્ડિઝ સુપર-8 ક્વોલિફિકેશન: ઈટાલીને 42 રને હરાવી અજેય કૂચ



કોલકાતા | ૨૦૨૬ના આઈસીસી મેન્સ T20 વર્લ્ડ કપમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમે પોતાનું શાનદાર પ્રદર્શન જાળવી રાખ્યું છે. કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ડેબ્યુટન્ટ ટીમ ઈટાલીને ૪૨ રને પરાજય આપીને ગ્રુપ સ્ટેજમાં સતત ચોથો વિજય મેળવ્યો છે. આ જીત સાથે વેસ્ટ ઈન્ડિઝ ભારત અને દક્ષિણ આફ્રિકા બાદ અજેય રહીને સુપર-8 સ્ટેજમાં પહોંચનારી ત્રીજી ટીમ બની ગઈ છે. ઈટાલીએ લડત આપવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કેરેબિયન અનુભવ સામે તેમનું જોર ચાલ્યું નહોતું. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી વેસ્ટ ઈન્ડિઝની શરૂઆત નબળી રહી હતી. સ્પિનરોને મદદ કરતી પિચ પર ઓપનર બ્રાન્ડન કિંગ (૪) અને શિમરોન હેટમાયર (૧) સસ્તામાં આઉટ થઈ ગયા હતા. જોકે, કેપ્ટન શાઈ હોપે જવાબદારી સંભાળીને ૪૬ બોલમાં ૭૫ રનની આક્રમક ઈનિંગ રમી હતી.

# હરમનપ્રીત વિશ્વ વિક્રમ હવે ક્રિકેટની નવી રાણી



(એજન્સી) કેનબેરા । તા. 19

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સુકાની હરમનપ્રીત કૌરે રમત જગતમાં એક એવો સીમાચિહ્ન સ્થાપિત કર્યો છે, જે કોઈપણ ખેલાડી માટે સ્વપ્ન સમાન હોય છે. ગુરુવારે ઓસ્ટ્રેલિયા સામેની બીજી ટી૨૦ મેચમાં મેદાનમાં ઉતરવાની સાથે જ હરમનપ્રીત આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધુ મેચ રમનારી વિશ્વની પ્રથમ ખેલાડી બની ગઈ છે. ૩૬ વર્ષીય આ દિગ્ગજ ખેલાડીએ ન્યુઝીલેન્ડની સુઝી બેટ્સનો રેકોર્ડ તોડીને આ સિદ્ધિ પોતાના નામે કરી છે.

હરમનપ્રીત કૌરે પોતાની કારકિર્દીની ૩૫૬મી આંતરરાષ્ટ્રીય મેચ રમીને વિશ્વમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ યાદીમાં ન્યુઝીલેન્ડની સુઝી બેટ્સ બીજા ક્રમે છે, જ્યારે ઓસ્ટ્રેલિયાની એલીસ પેરી ૩૪૯ મેચો સાથે ત્રીજા સ્થાને છે. ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન મિતાલી રાજ (૩૩૩ મેચ) અને ઈંગ્લેન્ડની શાર્લોટ એડવર્ડ્સ (૩૦૯ મેચ) જેવી મહાન ખેલાડીઓ પણ હવે હરમનપ્રીતથી પાછળ છે. આ સિદ્ધિ દર્શાવે છે કે હરમનપ્રીતની ફિટનેસ અને રમત પ્રત્યેનું સમર્પણ કેટલું અદભૂત રહ્યું છે.

ભારતીય સુકાનીએ અત્યાર સુધીમાં ૬ ટેસ્ટ, ૧૬૧ વન-ડે અને ૧૮૯ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. વન-ડેમાં તેના નામે ૪,૪૦૯ રન અને ટી૨૦માં ૩,૭૮૪ રન નોંધાયેલા છે. માત્ર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ જ નહીં, પરંતુ હરમનપ્રીતે વિશ્વભરની લીગ જેવી કે ડબલ્યુપીએલ (WPL), બિગ બૅશ લીગ અને ધ હન્ડ્રેડમાં પણ નોંધપાત્ર દેખાવ કર્યો છે. સૌથી મહત્વની બાબત એ છે કે, હરમનપ્રીતના નેતૃત્વમાં ભારતીય ટીમે ૨૦૨૫ના વર્લ્ડ કપમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને પ્રથમવાર વિશ્વ ચેમ્પિયન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.

મેચ પહેલા ટોસ દરમિયાન પોતાની આ સિદ્ધિ વિશે વાત કરતા હરમનપ્રીતે જણાવ્યું હતું કે, "આ મારા માટે એક મોટી ઉપલબ્ધિ છે. મને આશા છે કે હું ટીમ માટે સખત મહેનત કરવાનું ચાલુ રાખીશ અને ભારત માટે બને તેટલી વધુ મેચો રમીશ." મીડિયા અહેવાલ મુજબ, હરમનપ્રીતની આ સફળતાથી ભારતીય છાવણીમાં અને દેશભરમાં ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તે માત્ર એક ખેલાડી તરીકે જ નહીં, પરંતુ એક પ્રેરણારૂપ નેતા તરીકે ઉભરી આવી છે, જેણે મહિલા ક્રિકેટને ભારતમાં નવી ઊંચાઈએ પહોંચાડી છે.

## યુઇએફએ ચેમ્પિયન્સ લીગ રોમાંચક ડ્રો મેડ્રિડ વિજયથી વંચિત

(એજન્સી) બ્રુગ્સ । તા. 19

યુઇએફએ ચેમ્પિયન્સ લીગની નોકઆઉટ પ્લે-ઓફના પ્રથમ તબક્કામાં ફૂટબોલ પ્રેમીઓને રોમાંચની પરાકાષ્ઠા જોવા મળી હતી. બેલ્જિયમના જાન બ્રેડેલ સ્ટેડિયમ ખાતે રમાયેલા શ્વાસ અધ્ધર કરી દે તેવા મુકાબલામાં ક્લબ બ્રુગે અંતિમ મિનિટે ગોલ કરીને દિગ્ગજ સ્પેનિશ ટીમ એટ્લેટિકો મેડ્રિડને ૩-૩ ની બરાબરી પર રોકી દીધું હતું. બીજી તરફ, નોર્વેના થીજી જનારા વાતાવરણમાં બોડો/ગ્લિમ્ટ ટીમે ઈટાલીની મજબૂત ટીમ ઈન્ટર મિલાનને ૩-૧ થી હરાવીને ફૂટબોલ જગતમાં મોટો ઉલટફેર સર્જ્યો છે.



### બ્રુગ્સ અને મેડ્રિડ વચ્ચે ગોલનો જંગ

મેચની શરૂઆત સ્પેનિશ જાયન્ટ એટ્લેટિકો મેડ્રિડ માટે સ્વપ્ન સમાન રહી હતી. મેચની માત્ર ૮મી મિનિટે બ્રુગના ડિફેન્ડર જોક્વિન સેયસ દ્વારા હેન્ડબોલ થતા પેનલ્ટી આપવામાં આવી હતી. જુલિયન અલ્વારેઝે કોઈ ભૂલ કર્યા વગર ગોલ કરીને મેડ્રિડને ૧-૦ થી આગળ કરી દીધું હતું. પ્રથમ હાફના અંતિમ સમયમાં અલ્વારેઝના પાસ પર એડેમોલા લુકમેને બીજો ગોલ કરીને મેડ્રિડને ૨-૦ ની મજબૂત સ્થિતિમાં લાવી દીધું હતું.

બીજા હાફમાં ક્લબ બ્રુગની ટીમે વળતો પ્રહાર કર્યો હતો. ૫૧મી મિનિટે રાફેલ ઓન્યેડિકાએ ગોલ કરીને સ્કોર ૨-૧ કર્યો અને ત્યારબાદ નિકોલો ટ્રેસોલ્ડીએ શાનદાર ગોલ કરીને સ્કોર ૨-૨ થી સરભર કરી દીધો હતો. જોકે, ૭૯મી મિનિટે જોએલ ઓર્ડોનેઝ દ્વારા થયેલા ઓન-ગોલને કારણે મેડ્રિડ ફરી ૩-૨ થી આગળ થયું હતું. જ્યારે એવું લાગતું હતું કે મેડ્રિડ જીતી જશે, ત્યારે જ ૯૦મી મિનિટે ગ્રીક વિંગર ક્રિસ્ટોસ જોલિસે જાદુઈ ગોલ કરીને મેચને ૩-૩ થી ડ્રોમાં પરિણમી હતી. નોર્વેમાં રમાયેલી અન્ય એક મેચમાં બોડો/ગ્લિમ્ટ ટીમે ઈટાલીના ટાઇટન્સ ગણાતા ઈન્ટર મિલાનને હંફાવ્યા હતા. બરફીલા મેદાન પર બોડોના ખેલાડીઓએ રમત પર પકડ જમાવી હતી. ૨૦મી મિનિટે સોન્દ્રે બ્રુન્સ્ટાડ ફેટ દ્વારા ગોલ કરીને યજમાન ટીમે સરસાઈ મેળવી હતી. જોકે, ૩૦મી મિનિટે ઈન્ટર મિલાન તરફથી પિયો એસ્પોસિટોએ ગોલ કરીને મેચમાં બરાબરી કરી હતી. પરંતુ બીજા હાફમાં બોડો/ગ્લિમ્ટનો દબદબો જોવા મળ્યો હતો. ૬૧મી મિનિટે જેન્સ પીટર હૌગે મજબૂત સ્ટ્રાઈક સાથે ગોલ કરીને સ્કોર ૨-૧ કર્યો હતો. આ આંચકામાંથી ઈન્ટર મિલાન બહાર આવે તે પહેલા જ ૬૪મી મિનિટે કાસ્પર હોઘે ત્રીજો ગોલ કરીને સ્કોર ૩-૧ કરી દીધો હતો.

## ભારતીય રમત જગતના મુખ્ય સમાચાર ફૂટબોલથી ગોલ્ફ સુધી



(એજન્સી) નવી દિલ્હી । તા. 19

ભારતીય રમત જગત માટે બુધવારનો દિવસ મિશ્ર પરિણામો લઈને આવ્યો છે. એક તરફ ભારતની અંડર-૨૦ મહિલા ફૂટબોલ ટીમ સ્વીડનમાં પોતાની તાકાત બતાવવા તૈયાર છે, તો બીજી તરફ ટેનિસ કોર્ટ પર ભારતના દિગ્ગજ ખેલાડીઓને હારનો સામનો કરવો પડ્યો છે. ગોલ્ફના મેદાનમાં ભારતીય ખેલાડીએ શાનદાર પ્રદર્શન કરીને પોતાની પકડ મજબૂત કરી છે.

### ફૂટબોલ: સ્વીડનમાં ભારતીય યુવા વાઘણોનો જંગ

ભારતની અંડર-૨૦ મહિલા ફૂટબોલ ટીમ આગામી એશિયન કપની તૈયારીઓ માટે હાલ સ્વીડનના પ્રવાસે છે. એશિયન કપ ૨૦૨૬ જે એપ્રિલ મહિનામાં થાઈલેન્ડમાં યોજાનાર છે, તેના માટે ભારતીય ટીમ અત્યારે સ્વીડિશ ક્લબો સામે ચાર મૈત્રીપૂર્ણ મેચો રમશે. ભારતીય ટીમ ૫ ફેબ્રુઆરીથી જ સ્ટોકહોમ નજીક આવેલા બોસોન નેશનલ સ્પોર્ટ્સ સેન્ટર ખાતે સખત તાલીમ લઈ રહી છે. ભારતની આ 'યંગ ટાઈગ્રેસીસ' ૧૯ ફેબ્રુઆરીએ હેમરબી આઈએફની સીનિયર ટીમ સામે ટકરાશે, ત્યારબાદ ૨૨, ૨૫ અને ૨૮ ફેબ્રુઆરીએ અન્ય સ્વીડિશ ક્લબો સામે પણ મેચ રમાશે. એશિયન કપમાં ભારતનો સામનો જાપાન, ઓસ્ટ્રેલિયા અને ચાઈનીઝ તાઈપેઈ જેવી મજબૂત ટીમો સામે થવાનો છે.

### ટેનિસ: કતાર અને દુબઈમાં ભારતીય પડકારનો અંત

ટેનિસના મેદાનમાં ભારતના ટોચના ખેલાડીઓ માટે દિવસ નિરાશાજનક રહ્યો છે. કતાર ઓપનની ક્વાર્ટર ફાઈનલમાં ભારતની આશા સમાન યુકી ભામ્બરી અને તેના સ્વીડિશ સાથી આન્દ્રે ગોરાન્સનની જોડીને હારનો સામનો કરવો પડ્યો હતો. તેમને બ્રિટિશ જોડી જુલિયન કેશ અને લોયડ ગ્લાસપૂલ સામે ૬-૪, ૬-૪ થી પરાજય મળ્યો હતો. બીજી તરફ દુબઈ ચેમ્પિયનશિપમાં રુતુજા ભોસલે અને તેની થાઈલેન્ડની જોડીદાર પિયાંગતાર્ન પ્લીપુએચનો પ્રવાસ પણ ૧૬ના રાઉન્ડમાં અટકી ગયો હતો. જોકે, બેંગલુરુમાં રમાઈ રહેલી આઈટીએફ (ITF) ટુર્નામેન્ટમાં ભારતની શ્રીવલ્લી ભામીદીપાટીએ માલ્ટાની ફ્રાન્સેસ્કા કર્મીને હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો છે.

### ગોલ્ફ: કોલકાતામાં શૌર્ય ભટ્ટાચાર્યની હેટ્રિક જેવી ચમક

કોલકાતાના ટોલીગંજ ક્લબમાં રમાઈ રહેલી ડીપી વર્લ્ડ પ્લેયર્સ ચેમ્પિયનશિપમાં દિલ્હીના ગોલ્ફર શૌર્ય ભટ્ટાચાર્યએ બીજા રાઉન્ડમાં આઠ-અંડર ૬૨નો શાનદાર સ્કોર નોંધાવીને ચાર શૉટની સરસાઈ મેળવી લીધી છે. શૌર્યએ કોઈ પણ ભૂલ વગર (બોગી-ફ્રી) રાઉન્ડ રમ્યો હતો, જેમાં એક ઈગલ અને છ બર્ડીઝનો સમાવેશ થાય છે.

## અંગદ બીર સિંહનું ભારતીય ટીમમાં પુનરાગમન આ વખતે દેખાશે દમ

(એજન્સી) નવી દિલ્હી । તા. 19



ભારતીય પુરૂષ હોકી ટીમના આક્રમક ફોરવર્ડ ખેલાડી અંગદ બીર સિંહે રાષ્ટ્રીય ટીમમાં જોરદાર પુનરાગમન કર્યું છે. એફઆઈએચ પ્રો લીગ ૨૦૨૫-૨૬ ના હોબાર્ટ લેગ માટે જાહેર કરાયેલી ૨૪ સભ્યોની ભારતીય ટીમમાં ૨૩ વર્ષીય અંગદનો સમાવેશ કરવામાં આવ્યો છે. લગભગ એક વર્ષના લાંબા અંતરાલ બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે વાપસી કરી રહેલા આ યુવા ખેલાડીએ આત્મવિશ્વાસ સાથે જણાવ્યું છે કે, "ગયા વર્ષના અંગદ અને આ વર્ષના અંગદમાં ઘણો મોટો તફાવત જોવા મળશે."

અંગદ બીર સિંહે વર્ષ ૨૦૨૪-૨૫ ની સિઝનમાં ભુવનેશ્વર ખાતે આયર્લેન્ડ સામે ડેબ્યૂ કર્યું હતું, પરંતુ ત્યારબાદ તેને ટીમમાં તક મળી નહોતી. જોકે, આ સમય દરમિયાન તે બેંગલુરુના રાષ્ટ્રીય તાલીમ કેમ્પમાં સખત મહેનત કરતો રહ્યો હતો. અંગદે જણાવ્યું કે, "આ તક મારા માટે ખૂબ જ ખાસ છે કારણ કે મેં લાંબા સમય સુધી રાહ જોઈ છે અને મારી નબળાઈઓ પર કામ કર્યું છે. હવે હું ભારત માટે સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને મારી જાતને સાબિત કરવા માંગુ છું."

હોબાર્ટમાં ભારતનો સામનો ઓસ્ટ્રેલિયા અને સ્પેન જેવી વિશ્વની શક્તિશાળી ટીમો સામે થવાનો છે. આ ટીમો પોતાની આક્રમક 'મેન-ટુ-મેન' માર્કિંગ રમત માટે જાણીતી છે. આ પડકારને પહોંચી વળવા માટે ભારતીય ટીમે ખાસ તાલીમ લીધી છે. અંગદના મતે, ટીમ અત્યારે સંપૂર્ણપણે પોઝિટિવ માઈન્ડસેટમાં છે અને તેમનું લક્ષ્ય હોબાર્ટમાં રમાનારી ચારેય મેચો જીતવાનું છે. ઓસ્ટ્રેલિયાનું વાતાવરણ બેંગલુરુ જેવું જ હોવાથી ખેલાડીઓને ત્યાં સેટ થવામાં પણ સરળતા રહી છે.

અંગદના પુનરાગમનમાં તાજેતરની હીરો હોકી ઈન્ડિયા લીગ (HIL) ૨૦૨૫-૨૬ નો મોટો ફાળો રહ્યો છે. વેદાંત કલિંગા લેન્સર્સ તરફથી રમતા તેણે માત્ર ટ્રોફી જ ન જીતી પરંતુ અનેક આંતરરાષ્ટ્રીય દિગ્ગજ ખેલાડીઓ પાસેથી વ્યાવસાયિક પાઠ પણ શીખ્યા. તેણે જણાવ્યું કે સીનિયર ખેલાડીઓની ડાયટ, રિકવરી અને તાલીમ પદ્ધતિ જોઈને તેણે પોતાની તૈયારીમાં પણ મોટા ફેરફાર કર્યા છે.

ટીમમાં પોતાની ભૂમિકા અંગે વાત કરતા અંગદે સ્પષ્ટ કર્યું કે તેને સ્ટ્રાઈકર અથવા વિંગર તરીકે રમવું વધુ પસંદ છે. તેની સ્પીડ અને આક્રમક અંદાજથી તે ટીમ માટે વધુને વધુ પેનલ્ટી કોર્નર મેળવવા અને ભૂલો ઘટાડવા માંગે છે.

## લેકર્સ સ્ટાર આયટન અને મારિજુઆના વિવાદ એરપોર્ટ પર તપાસ

### ડીઆન્દ્રે આયટનની બહામાસમાં અટકાયત મારિજુઆના રાખવાના આરોપ

(એજન્સી) નાસાઉ (બહામાસ) । તા. 19



લોસ એન્જલસ લેકર્સના સ્ટાર સેન્ટર અને સુપ્રસિદ્ધ ખેલાડી લેબ્રોન જેમ્સના સાથી ખેલાડી ડીઆન્દ્રે આયટન એક ગંભીર કાયદાકીય મુશ્કેલીમાં ફસાયા છે. મંગળવારે બહામાસના લિંડન પિંડલિંગ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પ્રતિબંધિત નશીલા પદાર્થ મારિજુઆના રાખવાના આરોપસર તેમની અટકાયત કરવામાં આવી હતી. આ સમાચાર વાયુવેગે પ્રસરતા રમતજગતમાં ખળભળાટ મચી ગયો છે, ખાસ કરીને જ્યારે એનબીએની સિઝન તેના નિર્ણાયક તબક્કે પહોંચી છે. મીડિયા અહેવાલ અને આ ઘટનાથી પરિચિત સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, બહામાસના વતની એવા ૨૭ વર્ષીય ડીઆન્દ્રે આયટન જ્યારે એરપોર્ટ પરથી રવાના થઈ રહ્યા હતા ત્યારે કસ્ટમ્સ તપાસ દરમિયાન તેમની પાસેથી થોડી માત્રામાં મારિજુઆના મળી આવ્યું હતું. આયટનને એરપોર્ટ પર જ અટકાવી દેવામાં આવ્યા હતા અને ટૂંકા સમય માટે કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. જોકે, તેમના વકીલ દેવાર્ડ ફ્રાન્સિસના જણાવ્યા મુજબ, તપાસ બાદ તેમને ઝડપથી મુક્ત કરી દેવામાં આવ્યા હતા કારણ કે તપાસકર્તાઓને જાણવા મળ્યું હતું કે જે બેગમાંથી નશીલો પદાર્થ મળ્યો હતો તે આયટનની પોતાની નહોતી.

જોકે બહામાસે તાજેતરના સમયમાં તબીબી અને ધાર્મિક હેતુઓ માટે મારિજુઆનાના ઉપયોગને કાયદેસર બનાવવા માટે કેટલાક ડગલાં લીધા છે, પરંતુ હજી પણ આ ટાપુ રાષ્ટ્રમાં સામાન્ય રીતે મારિજુઆના રાખવું ગેરકાયદેસર માનવામાં આવે છે. આ જ કારણે એરપોર્ટ ઓથોરિટી દ્વારા આયટનની અટકાયત કરવામાં આવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રોયલ બહામાસ પોલીસ ફોર્સ અને લેકર્સ ફ્રેન્ચાઈઝીએ હજી સુધી આ બાબતે સત્તાવાર ટિપ્પણી કરવાનું ટાળ્યું છે. ડીઆન્દ્રે આયટન ગયા ઉનાળામાં જ ફોનિક્સ સન્સ અને પોર્ટલેન્ડ ટ્રેઈલ બ્લેઝર્સમાં રહ્યા બાદ બે વર્ષના કરાર સાથે લોસ એન્જલસ લેકર્સમાં જોડાયા હતા. તેઓ આ સિઝનમાં લેકર્સના મહત્વના ખેલાડી રહ્યા છે.

બેડમિન્ટન // લી ચોંગ વેઈના કોચ હવે ભારતમાં ચોથો વર્લ્ડ નંબર વન તૈયાર કરશે

## મલેશિયાના દિગ્ગજ મિસબુન સિડેક ભારતમાં કોચ બન્યા

(એજન્સી) ચેન્નાઈ । તા. 19

ભારતીય બેડમિન્ટન માટે એક ઐતિહાસિક ક્ષણ આવી છે. મલેશિયાના સુપ્રસિદ્ધ બેડમિન્ટન ખેલાડી અને વિશ્વ વિખ્યાત કોચ મિસબુન સિડેકે ભારતની હટસન બેડમિન્ટન એકેડમી સાથે જોડાઈને તેમની પ્રથમ આંતરરાષ્ટ્રીય કોચિંગ સફર શરૂ કરી છે. લી ચોંગ વેઈ જેવા દિગ્ગજ ખેલાડીઓને તૈયાર કરનાર ૬૫ વર્ષીય સિડેક હવે ભારતના યુવા શટલરોને વિશ્વ સ્તરની તાલીમ આપશે.



### ત્રણ વર્લ્ડ નંબર વન આપ્યા બાદ ચોથાની શોધ

મિસબુન સિડેકનો રેકોર્ડ બેડમિન્ટન જગતમાં બેજોડ છે. તેમણે અત્યાર સુધી ત્રણ ખેલાડીઓને વિશ્વના પ્રથમ ક્રમના ખેલાડી (વર્લ્ડ નંબર ૧) બનાવ્યા છે, જેમાં ૨૦૦૬માં લી ચોંગ વેઈ, ૧૯૯૭માં રાશિદ સિડેક અને ૨૦૦૧માં રોસલિન હાશિમનો સમાવેશ થાય છે. મીડિયા અહેવાલ મુજબ, ભારતમાં આવ્યા બાદ સિડેકે ઉત્સાહપૂર્વક જણાવ્યું હતું કે, "મેં અત્યાર સુધી ત્રણ વર્લ્ડ નંબર ૧ ખેલાડીઓ આપ્યા છે અને હવે હું ભારતમાંથી ચોથો વર્લ્ડ નંબર ૧ ખેલાડી તૈયાર કરવા માટે આતુર છું."

સિડેકે જણાવ્યું કે તેઓ અગાઉ મલેશિયાની બહાર કોચિંગ આપવા માટે ખચકાતા હતા, પરંતુ હટસન એકેડમીના મુખ્ય કોચ બી. રજનીકાંતના આગ્રહ અને એકેડમીની શાનદાર સુવિધાઓ જોઈને તેમણે આ પડકાર સ્વીકાર્યો છે. સિડેક વર્ષમાં ત્રણ વખત એકેડમીની મુલાકાત લેશે અને ખેલાડીઓને તકનીકી તેમજ વ્યુહાત્મક માર્ગદર્શન આપશે. તેમના મતે, હટસન એકેડમીના યુવા ખેલાડીઓમાં અદભૂત ક્ષમતા છે અને જો તેમને યોગ્ય દિશા મળે તો તેઓ વિશ્વ સ્તરે ભારતનું નામ રોશન કરી શકે છે. મિસબુન સિડેક પોતે ભૂતપૂર્વ વર્લ્ડ નંબર ૨ ખેલાડી રહી ચૂક્યા છે અને ૧૯૯૨માં થોમસ કપ જીતનાર મલેશિયન ટીમનો મહત્વનો હિસ્સો હતા. ૧૯૮૩ અને ૧૯૮૫માં તેમણે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ પણ જીત્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હટસન એકેડમીના મુખ્ય કોચ રજનીકાંતે ઉમેર્યું કે, મિસબુન સિડેકનો બહોળો અનુભવ અને તેમની ઉર્જા ભારતીય ખેલાડીઓ માટે ખૂબ જ પ્રેરણાદાયી સાબિત થશે.

ભારત અત્યારે બેડમિન્ટનમાં વૈશ્વિક શક્તિ તરીકે ઉભરી રહ્યું છે, ત્યારે મિસબુન સિડેક જેવા કોચનું આગમન સોનામાં સુગંધ ભળવા સમાન છે. તેમની તાલીમ હેઠળ ભારતીય શટલરો આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં વધુ મજબૂત બનીને ઉતરશે તેવી આશા છે. આગામી સમયમાં જો કોઈ ભારતીય ખેલાડી સિડેકના માર્ગદર્શન હેઠળ ટોચના ક્રમે પહોંચે, તો તે ભારતીય રમત જગત માટે મોટી સિદ્ધિ ગણાશે.

મીરા એન્ડ્રીવા અને એનિસિમોવા વચ્ચે જંગ હાઈ-વોલ્ટેજ મુકાબલો

## દુબઈ ઓપન એલેના રાયબાકીના આઉટ માંદગીને કારણે વિદાય

(એજન્સી) દુબઈ । તા. 19

દુબઈ ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં અત્યારે એક પછી એક સ્ટાર ખેલાડીઓની વિદાયથી રમતપ્રેમીઓમાં નિરાશા વ્યાપી છે. બુધવારે રમાયેલી પ્રી-ક્વાર્ટર ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન અને ટોપ સીડ એલેના રાયબાકીનાએ નાદુરસ્ત તબિયતને કારણે મેચ અધવચ્ચે જ છોડી દેતા ટુર્નામેન્ટમાંથી બહાર થવું પડ્યું છે. રાયબાકીનાની વિદાય સાથે જ હવે ક્વાર્ટર ફાઈનલનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે, જેમાં યુવા સ્ટાર મીરા એન્ડ્રીવા અને અમાન્ડા એનિસિમોવા વચ્ચે જોરદાર ટક્કર જોવા મળશે.

ટોપ સીડ એલેના રાયબાકીના ક્રોએશિયાની લકી લૂઝર એન્ટોનિયા રુઝિચ સામે રમી રહી હતી. પ્રથમ સેટમાં રાયબાકીનાએ ૭-૫ થી જીત મેળવીને મજબૂત શરૂઆત કરી હતી, પરંતુ બીજા સેટમાં રુઝિચે વળતો પ્રહાર કરીને ૬-૪ થી જીત મેળવી મેચને નિર્ણાયક સેટમાં ખેંચી હતી. ત્રીજા સેટની શરૂઆતમાં જ રાયબાકીનાને પેટમાં તકલીફ (Gastrointestinal issues) અને ભારે થાક અનુભવાતા તેણે મેડિકલ હેલ્પ લીધી હતી. જોકે, તબિયતમાં સુધારો ન જણાતા રાયબાકીનાએ હાર સ્વીકારી લીધી હતી. આ સાથે જ એન્ટોનિયા રુઝિચ પોતાની કારકિર્દીમાં પ્રથમ વખત ડબલ્યુટીએ ૧૦૦૦ ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી છે. રુઝિચે અગાઉ એમ્મા રાડુકાનુને પણ હરાવીને તમામને ચોંકાવી દીધા હતા.



### વેસ્ટ બેંકમાં ઈઝરાયલનો કબજો ગેરકાયદે આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન

# ભારતનો ઈઝરાયલને ઝટકો વેસ્ટ બેંક કબજો ગેરકાયદે ઠેરવ્યો

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 19

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગામી ઐતિહાસિક ઈઝરાયલ મુલાકાત પૂર્વે જ ભારતે આંતરરાષ્ટ્રીય મંચ પર એક અત્યંત ચોંકાવનારો અને કડક કૂટનીતિક નિર્ણય લઈને વિશ્વને સ્તબ્ધ કરી દીધું છે. સંયુક્ત રાષ્ટ્ર (UN) માં પેલેસ્ટાઈનના વેસ્ટ બેંક વિસ્તાર પર ઈઝરાયલના વધી રહેલા ગેરકાયદે કબજાના પ્રયાસો સામે ભારતે ૧૦૦થી વધુ દેશોની સાથે સૂર પુરાવીને સત્તાવાર રીતે નિંદા પ્રસ્તાવ પર હસ્તાક્ષર કર્યા છે. ભારતનો આ નિર્ણય સૂચવે છે કે મિત્રતા અને રાષ્ટ્રીય સિદ્ધાંતો વચ્ચે ભારત ક્યારેય સમજૂતી કરતું નથી.



### આંતરરાષ્ટ્રીય કાયદાનું સરેઆમ ઉલ્લંઘન

ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પેલેસ્ટાઈનના સમર્થનમાં અને ઈઝરાયલની વેસ્ટ બેંકમાં વધતી જતી સૈન્ય ગતિવિધિઓ વિરુદ્ધ એક અત્યંત ધારદાર નિવેદન જારી કર્યું છે. ભારતીય પ્રતિનિધિ મંડળ દ્વારા સ્પષ્ટપણે જણાવાયું છે કે વેસ્ટ બેંકમાં ઈઝરાયલની હાજરી વધારવાના એકતરફી નિર્ણયો આંતરરાષ્ટ્રીય કાયદાઓનું સંપૂર્ણપણે ઉલ્લંઘન છે. ભારતે કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે ૧૯૬૭ પછી કબજે કરેલા પેલેસ્ટાઈની વિસ્તારોની જનસાંખ્યિક સ્થિતિ કે ભૌગોલિક ચરિત્ર બદલવાનો કોઈપણ પ્રયાસ ભારત ક્યારેય સ્વીકારશે નહીં. ભારતનું માનવું છે કે ઈઝરાયલના આવા પગલાં મધ્ય પૂર્વમાં શાંતિ અને સ્થિરતા સ્થાપવાના વૈશ્વિક પ્રયાસોને મોટું નુકસાન પહોંચાડી રહ્યા છે.

### વડાપ્રધાનની મુલાકાત અને વ્યૂહાત્મક સંતુલન

આ ઘટનાક્રમ એવા સંવેદનશીલ સમયે સામે આવ્યો છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતા અઠવાડિયે ઈઝરાયલની મુલાકાતે જવાના છે. આ મુલાકાત દરમિયાન તેઓ ઈઝરાયલની સંસદને પણ સંબોધિત કરી શકે છે, જે એક મોટું સન્માન ગણાય છે. જોકે, ભારત અને ઈઝરાયલ વચ્ચે સંરક્ષણ, કૃષિ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ગાઢ સંબંધો હોવા છતાં, નવી દિલ્હીએ પોતાની વર્ષો જૂની 'ટુ-સ્ટેટ સોલ્યુશન' (બે રાષ્ટ્રનો ઉકેલ) ની વિદેશ નીતિને વળગી રહેવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે. રાજદ્વારી નિષ્ણાતો આને ભારતની સ્વાયત્ત અને સંતુલિત વિદેશ નીતિના એક માસ્ટરસ્ટ્રોક તરીકે જોઈ રહ્યા છે.

બીજી તરફ, ભારત સહિતના દેશોના આ વલણથી ઈઝરાયલ છંછેડાયું છે. મીડિયા અહેવાલ મુજબ, ઈઝરાયલના વિદેશ મંત્રી ગિદોન સારાએ સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદની ટીકા કરતા તેને 'ઈઝરાયલ વિરોધી ઝૂનૂન' થી ગ્રસ્ત સંસ્થા ગણાવી છે. તેમણે દાવો કર્યો હતો કે ઈઝરાયલનો આ બાઈબલની પવિત્ર ભૂમિ પર ઐતિહાસિક અને નૈતિક અધિકાર છે. તેમ છતાં, સંયુક્ત રાષ્ટ્રના બહુમતી સભ્યોએ ગાઝામાં તાત્કાલિક અને કાયમી યુદ્ધવિરામ લાવવા તેમજ વેસ્ટ બેંકમાં ઈઝરાયલના વિસ્તરણવાદને તાકીદે અટકાવવાની જોરદાર અપીલ કરી છે.

ભારતના આ કડક વલણે સાબિત કરી દીધું છે કે તે મધ્ય પૂર્વમાં માત્ર એક પ્રેક્ષક નથી પરંતુ એક જવાબદાર વૈશ્વિક શક્તિ છે. ભારત ઈચ્છે છે કે પેલેસ્ટાઈન અને ઈઝરાયલ બંને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ જાળવે, પરંતુ તે માટે કોઈપણ પક્ષ દ્વારા કરવામાં આવતા ગેરકાયદે અતિક્રમણને ભારત ક્યારેય પ્રોત્સાહન આપશે નહીં. હવે જોવાનું એ રહેશે કે પીએમ મોદીની મુલાકાત વખતે આ કૂટનીતિક તણાવની કેવી અસર જોવા મળે છે.

### દક્ષિણ ઈરાન ભૂકંપ આંચકા બાદ ખળભળાટ

# ઈરાનમાં ભયાનક ભૂકંપ કે પરમાણુ વિસ્ફોટ

(એજન્સી) તેહરાન । તા. 19

મધ્ય પૂર્વના દેશોમાં અત્યારે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે, ત્યારે આજે દક્ષિણ ઈરાનમાં આવેલા એક શક્તિશાળી ભૂકંપના આંચકાએ સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ કાર્યક્રમને લઈને ચાલી રહેલી ખેંચતાણ અને યુદ્ધની ધમકીઓ વચ્ચે સર્જાયેલી આ કુદરતી કે માનવસર્જિત ઘટનાએ અનેક તર્ક-વિતર્ક જન્માવ્યા છે. રિક્ટર સ્કેલ પર ૫.૫ની તીવ્રતા ધરાવતા આ આંચકા બાદ પ્રશ્ન એ ઉઠી રહ્યો છે કે, શું આ ખરેખર કુદરતી આપત્તિ છે કે પછી ઈરાન દ્વારા કરવામાં આવેલો કોઈ ગુપ્ત 'ન્યુક્લિયર ટેસ્ટ'? જર્મનીના ભૂ-વિજ્ઞાન સંશોધન કેન્દ્રના અહેવાલ મુજબ, ગુરુવારે બપોરે દક્ષિણ ઈરાનનો મોટો વિસ્તાર જોરદાર ધ્રુજારીથી કાંપી ઉઠ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનથી માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું. ઓછી ઊંડાઈ હોવાને કારણે સપાટી પર તેની અસર અત્યંત વિનાશક જણાઈ હતી અને સ્થાનિક રહીશોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. સામાન્ય રીતે જ્યારે કોઈ પરમાણુ વિસ્ફોટ જમીનની અંદર કરવામાં આવે છે, ત્યારે પણ સમાન પ્રકારના આંચકા અનુભવાય છે, જેના કારણે સંરક્ષણ નિષ્ણાતોની ચિંતા વધી ગઈ છે.

### ભૂસ્તરશાસ્ત્રીઓ અને સુરક્ષા એજન્સીઓ સતર્ક

સ્થાનિક નિષ્ણાતોના મતે દક્ષિણ ઈરાન ટેક્ટોનિક પ્લેટોની દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તાર છે, પરંતુ આ ઘટનાના સમયને લઈને શંકા કુશંકાઓ સેવાઈ રહી છે. આંતરરાષ્ટ્રીય નિરીક્ષણ એજન્સીઓ અત્યારે ડેટાનું ઝીણવટભર્યું પૃથક્કરણ કરી રહી છે જેથી જાણી શકાય કે આ લહેરો કુદરતી હતી કે વિસ્ફોટને કારણે સર્જાઈ હતી. મીડિયા અહેવાલ મુજબ, ઈરાન સરકારે અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો ઉતારી દીધી છે અને સુરક્ષા દળોને હાઈ એલર્ટ પર રાખ્યા છે.

## ન્યૂઝ બ્રીફ

### કોફી ઉત્પાદન જળવાયુ પરિવર્તનથી વિશ્વભરમાં મોટું સંકટ



નવી દિલ્હી | સવારની તાજગી આપતી તમારી પસંદગીની કોફી હવે કદાચ મોંઘી અને દુર્લભ બની શકે છે. વિશ્વમાં કોફીનું મબલખ ઉત્પાદન કરતા ૨૫ દેશો અત્યારે જળવાયુ પરિવર્તનના ભયાનક જોખમ હેઠળ છે. પર્યાવરણમાં આવી રહેલા અણધાર્યા ફેરફારોને કારણે કોફીના પાક માટે અનુકૂળ એવું ઠંડું વાતાવરણ હવે ભૂતકાળ બની રહ્યું છે. કોફી પકવતા વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે, જેની સીધી અસર વૈશ્વિક સપ્લાય ચેઈન અને સામાન્ય ગ્રાહકોના ખિસ્સા પર પડવાની પૂરેપૂરી શક્યતા છે. ક્લાયમેટ સેન્ટ્રલ નામની સ્વતંત્ર સંશોધન સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫ દરમિયાન કોફી ઉત્પાદક દેશોએ વર્ષમાં સરેરાશ ૪૭ જેટલા વધારાના ગરમીના દિવસોનો સામનો કર્યો છે.

### બલૂચિસ્તાન અશાંતિ ન્યાય અપીલ સાથે ધર્મગુરુઓ મેદાનમાં

ક્વેટા | પાકિસ્તાનના સૌથી મોટા અને સંસાધનોથી ભરપૂર એવા બલૂચિસ્તાન પ્રાંતમાં લાંબા સમયથી ચાલી રહેલી અશાંતિને ડામવા માટે હવે ધર્મગુરુઓએ મોરચો સંભાળ્યો છે. તાજેતરમાં આયોજિત 'બલૂચિસ્તાનમાં શાંતિની પુનઃસ્થાપના' વિષય પરના સેમિનારમાં અગ્રણી ઉલેમાઓ અને મશાયખોએ સ્પષ્ટ કર્યું છે કે હિંસા કોઈપણ સમસ્યાનો ઉકેલ નથી. તેમણે સરકાર અને નારાજ હિસ્સેદારોને બંધારણીય માર્ગે સંવાદ સાધવા અને અન્યાયનો અંત લાવવા હાકલ કરી છે. ધર્મગુરુઓના મતે, જો સમયસર ન્યાયી પગલાં લેવામાં નહીં આવે તો આ પ્રાંત સંપૂર્ણપણે અલગતા તરફ ધકેલાઈ શકે છે. સેમિનારમાં હાજર રહેલા મૌલાના ડૉ. અતા ઉર રહેમાન અને અન્ય અગ્રણીઓએ સખત શબ્દોમાં જણાવ્યું હતું કે લાપતા કરવામાં આવેલા લોકોના કેસમાં પારદર્શક તપાસ થવી અનિવાર્ય છે.

### ભારત બ્રાઝિલ ફાર્મા ભાગીદારી હવે દવા ક્ષેત્રે ક્રાંતિ લાવશે



સાઓ પાઉલો | દક્ષિણ ગોળાર્ધની બે મોટી અર્થવ્યવસ્થાઓ ભારત અને બ્રાઝિલ હવે સ્વાસ્થ્ય અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે એક નવી યુગલબંધી કરવા જઈ રહી છે. બ્રાઝિલના પ્રમુખ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વાની ભારતની સત્તાવાર મુલાકાત દરમિયાન, બંને દેશો વચ્ચે જેનરિક દવાઓના સ્થાનિક ઉત્પાદન અને ટેકનોલોજીના હસ્તાંતરણ માટે મહત્વપૂર્ણ સમજૂતીઓ થવાની તૈયારી છે. આ વ્યૂહાત્મક ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ્ય બ્રાઝિલમાં દવાઓની આયાત પરની નિર્ભરતા ઘટાડવાનો અને ભારતના ફાર્મા જ્ઞાનનો લાભ લઈને સ્થાનિક ઉદ્યોગોને મજબૂત કરવાનો છે.

### ઈરાન પરમાણુ મથકો પર હુમલો આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો

# રશિયાની અમેરિકાને ખુલ્લી ચેતવણી ઈરાન પર હુમલો એટલે વિનાશ

(એજન્સી) મોસ્કો । તા. 19

વિશ્વ અત્યારે ત્રીજા વિશ્વયુદ્ધના ઉંબરે આવીને ઊભું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. મધ્ય પૂર્વમાં સતત વધી રહેલા ભયાનક તણાવ વચ્ચે રશિયાએ અમેરિકા અને ઈઝરાયેલને અત્યંત ગંભીર પરિણામો ભોગવવાની સીધી અને ખુલ્લી ચેતવણી આપી દીધી છે. રશિયાના વિદેશ મંત્રી સેરગેઈ લાવરોવે અત્યંત કડક શબ્દોમાં સ્પષ્ટ કર્યું છે કે જો ઈરાન પર કોઈ પણ પ્રકારનો સૈન્ય હુમલો કરવામાં આવશે, તો તેની અસરો માત્ર પ્રાદેશિક સ્તરે સીમિત નહીં રહે, પરંતુ સમગ્ર વિશ્વમાં તેની વિનાશક અને ન ભરપાઈ થઈ શકે તેવી અસરો જોવા મળશે.



રશિયાના વિદેશ મંત્રી લાવરોવે તાજેતરમાં આપેલા એક મહત્વપૂર્ણ નિવેદનમાં જૂન ૨૦૨૫માં થયેલા હુમલાઓનો ઉલ્લેખ કરીને પશ્ચિમી દેશોને આડે હાથ લીધા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ઈરાનની પરમાણુ સુવિધાઓને નિશાન બનાવવી એ આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટે સૌથી મોટું જોખમ છે. આવા આક્રમક પગલાંઓ આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી અને પરમાણુ અપ્રસાર સંધિ (NPT) ના અસ્તિત્વને જ જોખમમાં મૂકી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ હુમલાઓને કારણે ઈરાન હવે તેની પરમાણુ સામગ્રીની ભૌતિક સુરક્ષા અંગે ગંભીરતાથી પુનર્વિચાર કરી રહ્યું છે, જો કે રશિયાએ ખાતરી આપી છે કે હાલમાં આ તમામ સામગ્રી આંતરરાષ્ટ્રીય એજન્સીઓના કડક નિયંત્રણ હેઠળ છે. આ ગંભીર તણાવ વચ્ચે રશિયા અને ઈરાન વચ્ચેની વ્યુહાત્મક ભાગીદારી અને મિત્રતા વધુ મજબૂત બની છે. બંને દેશોએ પશ્ચિમી તાકાતોને સીધો પડકાર આપતા ઓમાનના અખાત અને ઉત્તરી હિન્દ મહાસાગરના વિસ્તારમાં ભવ્ય સંયુક્ત નૌકાદળ કવાયતની જાહેરાત કરી છે. આ સૈન્ય કવાયત માત્ર શક્તિ પ્રદર્શન નથી, પરંતુ અમેરિકા અને તેના સાથી દેશો માટે સ્પષ્ટ સંકેત છે કે રશિયા ઈરાનની સાથે મજબૂતીથી ઉભું છે. સંરક્ષણ નિષ્ણાતો આ કવાયતને આવનારા ભયાનક સંઘર્ષની પૂર્વતૈયારી તરીકે જોઈ રહ્યા છે.

અમેરિકાએ આ વિસ્તારમાં અભૂતપૂર્વ લશ્કરી તૈયારીઓ તેજ કરી દીધી છે. અમેરિકાએ મધ્ય પૂર્વમાં ૨ વિશાળ વિમાનવાહક જહાજો અને એક ડઝનથી વધુ યુદ્ધ જહાજો તહેનાત કરી દીધા છે. આ ઉપરાંત, આકાશમાં પોતાની ધાક જમાવવા માટે F-35, F-22 અને F-16 જેવા ૫૦થી વધુ અત્યાધુનિક ફાઈટર જેટ્સ રવાના કરવામાં આવ્યા છે. ૧૫૦થી વધુ કાર્ગો ફ્લાઈટ્સ દ્વારા સતત દારૂગોળો અને શસ્ત્રોનો પુરવઠો પહોંચાડવામાં આવી રહ્યો છે, જે સૂચવે છે કે ગમે ત્યારે યુદ્ધનું કાઉન્ટડાઉન શરૂ થઈ શકે છે. હાલની પરિસ્થિતિ જોતા સમગ્ર વિશ્વની નજર હવે પરમાણુ મંત્રણા અને રશિયા-અમેરિકા વચ્ચેના સંવાદ પર ટકેલી છે. જો મુત્સદ્દીગીરી નિષ્ફળ જશે તો મધ્ય પૂર્વમાં ભભકેલી આ જ્વાળા સમગ્ર વિશ્વને પોતાની લપેટમાં લઈ શકે છે.



### અમેરિકા ઈરાન મહાયુદ્ધ કાઉન્ટડાઉન શરૂ ત્રણ દિવસમાં હુમલો?

જીનીવા | વિશ્વ અત્યારે બીજા એક ભયાનક યુદ્ધના ઉંબરે ઊભું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વર્ષોથી ચાલી રહેલી પરમાણુ કરારની ખેંચતાણ હવે તેના નિર્ણાયક અને સૌથી ખતરનાક તબક્કે પહોંચી ગઈ છે. જીનીવામાં ચાલી રહેલી રાજદ્વારી મંત્રણાઓ જો આગામી કલાકોમાં કોઈ સકારાત્મક પરિણામ નહીં લાવે, તો અમેરિકા આગામી 72 કલાકમાં ઈરાનના પરમાણુ મથકો પર પ્રચંડ સૈન્ય હુમલો કરી શકે છે. વોશિંગ્ટનથી મળતા સંકેતો મુજબ, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવાર સુધીનું અલ્ટીમેટમ આપીને સૈન્યને 'હાઈ એલર્ટ' પર રહેવા આદેશ આપ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અત્યારે મંત્રણાના અંતિમ રિપોર્ટની રાહ જોઈ રહ્યા છે. જોકે, પેન્ટાગોને પહેલેથી જ પોતાની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. ટોચના સુરક્ષા સલાહકારોએ વ્હાઈટ હાઉસને ખાતરી આપી છે કે યુએસ નેવી અને એરફોર્સ શનિવાર સુધીમાં કોઈપણ મોટા ઓપરેશન માટે સજ્જ છે. સાવચેતીના ભાગરૂપે, અમેરિકાએ મધ્ય પૂર્વના દેશોમાંથી પોતાના બિનજરૂરી રાજદ્વારી કર્મચારીઓને પરત બોલાવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે, જેથી ઈરાન તરફથી થનારા સંભવિત પલટવારમાં જાનહાનિ ટાળી શકાય.

### અમેરિકા ઈરાન યુદ્ધ સંકટ વચ્ચે રશિયાનો મોટો પડકાર

# ઈરાન રશિયા સંયુક્ત નૌકાદળ અભ્યાસથી અમેરિકામાં ફફડાટ



(એજન્સી) નવી દિલ્હી । તા. 19

મધ્ય પૂર્વના રણક્ષેત્રમાં હવે મહાસત્તાઓ આમને-સામને આવી ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા વર્ષો જૂના સંઘર્ષમાં હવે રશિયાએ સીધી એન્ટ્રી કરીને વોશિંગ્ટનની ચિંતામાં અનેકગણો વધારો કરી દીધો છે. પ્રાપ્ય વિગતો મુજબ, ઓમાન સાગર અને ઉત્તરી હિન્દ મહાસાગરના અત્યંત સંવેદનશીલ જળક્ષેત્રમાં ઈરાન અને રશિયા એકસાથે મળીને યુદ્ધાભ્યાસ શરૂ કરવા જઈ રહ્યા છે. આ પગલું અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક મોટો રાજદ્વારી અને સૈન્ય ફટકો માનવામાં આવી રહ્યો છે, જેનાથી સમગ્ર પ્રદેશમાં ભય અને અનિશ્ચિતતાનો માહોલ છે.

મધ્ય પૂર્વમાં પોતાની પકડ મજબૂત રાખવા માટે અમેરિકાએ પહેલેથી જ પોતાના સૌથી શક્તિશાળી વિમાન વાહક જહાજો અને વિનાશક યુદ્ધ જહાજોનો કાફલો તૈનાત કરી દીધો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, અમેરિકાએ ગત મંગળવારે માત્ર ૨૪ કલાકના ટૂંકા ગાળામાં ૫૦થી વધુ અત્યાધુનિક ફાઈટર જેટ્સ આ વિસ્તારમાં મોકલીને ઈરાન પર દબાણ વધારવાનો પ્રયાસ કર્યો છે. જોકે, અમેરિકાની આ આક્રમકતા સામે ઈરાન અને રશિયાની જુગલબંદીએ વોશિંગ્ટનની રણનીતિને વિચારવા મજબૂર કરી દીધી છે.ઈરાનની અર્ધસરકારી સમાચાર સંસ્થાના અહેવાલ મુજબ, ઈરાન અને રશિયા ગુરુવારથી ઓમાન સાગરમાં નેવી ડ્રીલ શરૂ કરશે. ઈરાનના નેવી કમાન્ડર હસન મધસુદલુએ આ અંગે નિવેદન આપતા જણાવ્યું છે કે, આ કવાયતનો મુખ્ય હેતુ બંને દેશો વચ્ચે સૈન્ય તાલમેલ વધારવાનો અને સમુદ્રી આતંકવાદ જેવી ગતિવિધિઓનો સામનો કરવાનો છે. જોકે, સંરક્ષણ નિષ્ણાતો આ ડ્રીલને અમેરિકાના યુદ્ધ જહાજો સામેના સીધા પડકાર તરીકે જોઈ રહ્યા છે.

# ધી લૂપ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટથી બદલાશે બ્રિટનનું નસીબ

(એજન્સી) લંડન । તા. 19

યુરોપના પરિવહન ઈતિહાસમાં એક નવો અધ્યાય લખાવા જઈ રહ્યો છે. બ્રિટન અને આયરલેન્ડને જોડતી અત્યંત મહત્વાકાંક્ષી હાઈ સ્પીડ રેલ પરિયોજના 'ધી લૂપ' ફરી એકવાર ચર્ચામાં આવી છે. આ પ્રોજેક્ટ માત્ર મુસાફરીના સમયમાં ઘટાડો નહીં કરે, પરંતુ બે દેશો વચ્ચેના આર્થિક અને સામાજિક સંબંધોને એક નવી ઊંચાઈ પર લઈ જશે. આશરે 1190 કિલોમીટર લાંબો આ રેલ માર્ગ આધુનિક એન્જિનિયરિંગનો અદભૂત નમૂનો સાબિત થવાની પૂરેપૂરી સંભાવના છે.



'ધી લૂપ'ની સૌથી વિશિષ્ટ બાબત તેની અકલ્પનીય ગતિ છે. આ ટ્રેન કલાકના 480 કિલોમીટરની ઝડપે દોડવા માટે સક્ષમ હશે, જે પરંપરાગત ટ્રેનો કરતા અનેકગણી વધારે છે. આ યોજના સાકાર થવાથી ડબલિન, બેલફાસ્ટ અને ગ્લાસગો જેવા મુખ્ય શહેરો વચ્ચેનું અંતર સમેટાઈ જશે. દર પાંચ મિનિટે ઉપલબ્ધ થનારી આ ટ્રેન સેવાની મદદથી મુસાફરો માત્ર 90 મિનિટમાં એક દેશથી બીજા દેશના મહત્વના શહેરોમાં પહોંચી શકશે. જો ભારતની દ્રષ્ટિએ આ ઝડપની તુલના કરીએ તો, દિલ્હીથી કાનપુરની મુસાફરી માત્ર એક કલાકમાં પૂર્ણ થઈ શકે છે. આ પ્રોજેક્ટનો પ્રસ્તાવ 21 વર્ષ પહેલા રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ તે સમયે રાજકીય ઈચ્છાશક્તિના અભાવે તેને પડતો મૂકવામાં આવ્યો હતો.

### કરાચી ગુલ પ્લાઝા અગ્નિકાંડ તપાસમાં તંત્રની પોલ ખુલી

કરાચી | પાકિસ્તાનના આર્થિક પાટનગર કરાચીમાં આવેલા ગુલ પ્લાઝામાં લાગેલી ભીષણ આગની ન્યાયિક તપાસમાં અત્યંત ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે. જસ્ટિસ આગા ફૈઝલના નેતૃત્વમાં ચાલી રહેલા તપાસ પંચ સમક્ષ જે તથ્યો રજૂ થયા છે, તે સાબિત કરે છે કે આ દુર્ઘટના માત્ર કુદરતી આફત નહોતી, પરંતુ સંસ્થાકીય નિષ્ફળતા અને માનવસર્જિત બેદરકારીનું વરવું પરિણામ હતી. બચાવ કામગીરીમાં રહેલી ગંભીર ખામીઓ અને ઈમારતના બાંધકામમાં સુરક્ષા નિયમોના ઉલાળિયાને કારણે નિર્દોષ લોકોએ જીવ ગુમાવવો પડ્યો છે. મુખ્ય અગ્નિશમન અધિકારી હુમાયુ ખાને પંચ સમક્ષ જુબાની આપતા સ્વીકાર્યું હતું કે ગુલ પ્લાઝા જેવી મોટી વ્યાપારિક ઈમારતમાં પાયાની સુરક્ષા સુવિધાઓનો સદંતર અભાવ હતો. ઈમારતમાં ન તો ઈમરજન્સી લાઈટની વ્યવસ્થા હતી.

# બાંગ્લાદેશ વડાપ્રધાન તારિક રહેમાન યોજનાથી દેશમાં પરિવર્તન

### 180 દિવસનો પ્રાથમિકતા કાર્યક્રમ જાહેર થયો

(એજન્સી) ઢાકા । તા. 19

બાંગ્લાદેશમાં લાંબા સમયના રાજકીય સંઘર્ષ અને સત્તાના પલટા બાદ હવે નવી સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે. વડાપ્રધાન તારિક રહેમાને દેશની કાયદો અને વ્યવસ્થા સુધારવા તેમજ અર્થતંત્રને પાટા પર લાવવા માટે એક અત્યંત મહત્વકાંક્ષી '૧૮૦ દિવસના પ્રાથમિકતા કાર્યક્રમ'ની રૂપરેખા જાહેર કરી છે. આ છ મહિનાના ટૂંકા ગાળામાં સરકાર ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન, મોંઘવારી પર નિયંત્રણ અને વહીવટી પારદર્શિતા જેવા મુખ્ય મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. જનતાના વિશ્વાસને ફરીથી જીતવા માટે આ યોજનાને સરકારની પ્રથમ મોટી કસોટી માનવામાં આવી રહી છે.

વડાપ્રધાન રહેમાને રાષ્ટ્રને સંબોધતા સ્પષ્ટ કર્યું છે કે તેમની સરકારની સૌથી પહેલી પ્રાથમિકતા લોકશાહી મૂલ્યોની પુનઃસ્થાપના કરવાની છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ યોજના હેઠળ ન્યાયતંત્ર અને ચૂંટણી પંચ જેવી સ્વાયત્ત સંસ્થાઓને રાજકીય પ્રભાવથી મુક્ત કરવા માટે કડક પગલાં લેવામાં આવશે. મીડિયા અહેવાલ મુજબ, વહીવટીતંત્રમાં રહેલા ભ્રષ્ટ તત્વોને દૂર કરવા અને સરકારી સેવાઓને સામાન્ય નાગરિકો માટે વધુ સુલભ બનાવવા માટે ડિજિટલ ગવર્નન્સનો વ્યાપ વધારવામાં આવશે.

બાંગ્લાદેશ અત્યારે આર્થિક પડકારોનો સામનો કરી રહ્યો છે, ત્યારે ૧૮૦ દિવસના આ પ્લાનમાં બેંકિંગ ક્ષેત્રના સુધારાને સર્વોચ્ચ અગ્રિમતા આપવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર વિદેશી રોકાણને આકર્ષવા માટે નવી નીતિઓ અમલમાં મૂકશે.

**હિમસ્ખલન** ભયાનક બરફીલા તોફાનની અસર, નવ સ્કીઅર્સ બરફમાં દટાયા

# કેલિફોર્નિયામાં હિમસ્ખલનથી મોટી જાનહાનિ થઈ

(એજન્સી) કેલિફોર્નિયા । તા. 19

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં કુદરતે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. અહીંના પહાડી વિસ્તારોમાં ત્રાટકેલા ભયાનક બરફીલા તોફાન અને ત્યાર બાદ થયેલા હિમપ્રપાતે (એવલાન્ચ) મોટી તબાહી મચાવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પ્રખ્યાત તાહો વિસ્તારમાં આવેલા કેસલ પીક પર સ્કીઈંગ કરવા ગયેલા નવ સ્કીઅર્સનો સમૂહ હિમપ્રપાતની લપેટમાં આવી ગયો હતો. આ કરુણ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં આઠ સ્કીઅર્સના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે એક વ્યક્તિ હજુ પણ ગુમ હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

### કેસલ પીક પર સર્જાયેલી મોતની ચીસો

સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ, આ અકસ્માત મંગળવારે વહેલી સવારે સર્જાયો હતો. સ્કીઅર્સનો એક સમૂહ જ્યારે કેસલ પીકની ઊંચાઈ પર સ્કીઈંગનો આનંદ માણી રહ્યો હતો, ત્યારે અચાનક પહાડ પરથી બરફની વિશાળ શિલાઓ ધસી આવી હતી. જોતજોતામાં આખો સમૂહ બરફના ગંજ નીચે દટાઈ ગયો હતો. શરૂઆતના તબક્કે છ સ્કીઅર્સને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી, જેમાંથી બેની હાલત ગંભીર જણાતા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, અન્ય નવ લાપતા સભ્યોમાંથી આઠના જીવ બચાવી શકાયા નથી.



નેવાડા કાઉન્ટીના શેરિફ શાનન મૂને આ હૃદયદ્રાવક દુર્ઘટનાની પુષ્ટિ કરતા મીડિયા અહેવાલ દ્વારા જણાવ્યું હતું કે, બચાવ ટુકડીઓ યુદ્ધના ધોરણે કામ કરી રહી છે. અત્યાર સુધી આઠ સભ્યોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે, જે એક મોટી કરુણાંતિકા છે. હજુ પણ એક વ્યક્તિ લાપતા છે, જેની શોધ માટે આધુનિક સાધનો અને હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી રહી છે. જોકે, વિસ્તારમાં સતત થઈ રહેલી હિમવર્ષા અને પ્રતિકૂળ હવામાનને કારણે બચાવ કામગીરીમાં ભારે અવરોધ પેદા થઈ રહ્યો છે. કેલિફોર્નિયાના પહાડી વિસ્તારોમાં અત્યારે હિમપ્રપાતનું જોખમ સૌથી વધુ છે. સ્થાનિક સત્તાવાળાઓએ પ્રવાસીઓ અને સ્થાનિક રહીશોને ઊંચા પહાડી વિસ્તારો તેમજ હિમસ્ખલનની શક્યતા ધરાવતા ઝોનથી દૂર રહેવા માટે કડક સૂચના આપી છે. વહીવટી તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી હવામાનમાં સુધારો ન થાય ત્યાં સુધી સ્કીઈંગ જેવી જોખમી પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. હાલમાં ગુમ થયેલ વ્યક્તિને શોધવા માટે સર્ચ ઓપરેશન ચાલુ રાખવામાં આવ્યું છે.

# ભારત ઈરાન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સમજૂતી નવી ઊંચાઈએ

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

આધુનિક ટેકનોલોજીના યુગમાં ભારત અને ઈરાન વચ્ચેના સંબંધોમાં એક નવો વળાંક આવ્યો છે. નવી દિલ્હીમાં આયોજિત 'ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬' દરમિયાન ઈરાનના નાયબ મંત્રી એહસાન ચિતસાઝે ભારત અને ઈરાન વચ્ચે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ડિજિટલ પરિવર્તનના ભવિષ્ય અંગે વધતી જતી વૈચારિક સમાનતા પર ભાર મૂક્યો છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિજિટલ વિઝન અને ઈરાનની નીતિઓ વચ્ચે આશ્ચર્યજનક તાલમેલ છે, જે આવનારા સમયમાં બંને દેશો માટે પ્રગતિના નવા દ્વાર ખોલશે. ઈરાની મંત્રીએ મીડિયા સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીના સિદ્ધાંતો ઈરાનની જરૂરિયાતો સાથે સુસંગત છે. ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું લોકશાહીકરણ કરવું અને વિશ્વના દરેક વ્યક્તિ સુધી આ ટેકનોલોજીના લાભ પહોંચાડવા એ બંને દેશોનું સમાન લક્ષ્ય છે. ભારતની રાષ્ટ્રીય દ્રષ્ટિ 'સર્વજન હિતાય, સર્વજન સુખાય' અને એઆઈ ફોર હ્યુમેનિટી (માનવતા માટે એઆઈ) ના વૈશ્વિક સિદ્ધાંતો આ સમિટમાં મુખ્ય ચર્ચાના વિષયો રહ્યા છે.

આ ઐતિહાસિક સમિટમાં ૧૧૦ થી વધુ દેશો અને ૩૦ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ભારતની યજમાની હેઠળ યોજાયેલી આ સમિટમાં ત્રણ મુખ્ય સૂત્રો - પીપલ (લોકો), પ્લેનેટ (પૃથ્વી), અને પ્રોગ્રેસ (પ્રગતિ) પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આ સમિટનો ઉદ્દેશ્ય એવી એઆઈ ટેકનોલોજી વિકસાવવાનો છે જે માનવ અધિકારોનું રક્ષણ કરે, પર્યાવરણને અનુકૂળ હોય અને આર્થિક રીતે સર્વસમાવેશક હોય.

## ઈમેન્યુઅલ મેક્રોનનો દિલ્હીથી દુનિયાને મોટો સંદેશ | ડિજિટલ વિઝન ભારત ફ્રાન્સ હવે વધુ મજબૂત

# વ્યૂહાત્મક સ્વાયત્તતા માટે ભારત ફ્રાન્સ હવે સાથે આવશે

(એજન્સી) નવી દિલ્હી | તા 19



આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વર્તમાન યુગમાં જ્યારે વિશ્વના શક્તિશાળી દેશો વચ્ચે સર્વોપરિતાની જંગ જામી છે, ત્યારે ભારત અને ફ્રાન્સે પોતાની આગવી ઓળખ ઉભી કરવા કમર કસી છે. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને નવી દિલ્હીની મુલાકાત દરમિયાન સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે લોકશાહી મૂલ્યો ધરાવતા દેશોએ હવે પોતાની વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવી રાખવા માટે કઠોર નિર્ણયો લેવા પડશે. અમેરિકા અને ચીન જેવી આર્થિક મહાસત્તાઓ પરની નિર્ભરતા ઘટાડીને ટેકનોલોજીના ક્ષેત્રમાં સ્વાવલંબી બનવું એ માત્ર પસંદગી નહીં, પરંતુ ભવિષ્યની સુરક્ષા માટેની અનિવાર્યતા છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રમુખ મેક્રોને ભારપૂર્વક રજૂઆત કરી છે કે કોઈ પણ એક રાષ્ટ્ર કે વિદેશી ખાનગી કંપની પર આંધળો વિશ્વાસ મૂકવો લાંબા ગાળે જોખમી સાબિત થઈ શકે છે. ટેકનોલોજીના આક્રમક વિસ્તરણ વચ્ચે ભારત પોતાના ડેટા સેન્ટર્સ અને ગણતરી કરવાની ક્ષમતા એટલે કે કમ્પ્યુટિંગ પાવરને રાષ્ટ્રીય સ્તરે વિકસાવવો પડશે. આ માટે જરૂરી કૌશલ્ય ધરાવતી સ્થાનિક પ્રતિભાઓને તૈયાર કરવી એ આજના સમયની સૌથી મોટી માંગ છે. જો આપણે અન્ય દેશોના મોડેલ્સ પર જ નિર્ભર રહીશું, તો આપણું સાર્વભૌમત્વ જોખમમાં મુકાઈ શકે છે.

મેક્રોને ખૂબ જ પારદર્શક રીતે સ્વીકાર્યું છે કે અત્યારે ભારત અને ફ્રાન્સ આધુનિક ટેકનોલોજીના નિર્માણમાં અમેરિકા અને ચીન કરતાં પાછળ છે. વિશ્વના મોટા ભાગના ડિજિટલ પ્લેટફોર્મ્સ અત્યારે ગૂગલ, માઈક્રોસોફ્ટ કે ચીની કંપનીઓ જેવી કે અલીબાબાના કબજામાં છે. આ અસમાનતાને દૂર કરવા માટે મોટા પાયે મૂડી રોકાણ અને સંશોધનની જરૂર છે. જોકે, તેમણે આશાવાદ વ્યક્ત કર્યો હતો કે ભારત પાસે રહેલી વિપુલ માનવ સંપત્તિ અને ફ્રાન્સની ટેકનિકલ કુશળતા સાથે મળીને એક મજબૂત પર્યાવરણ ઉભું કરી શકે છે, જે કોઈ પણ દબાણ સામે ઝૂકશે નહીં.ભારત અને ફ્રાન્સ વચ્ચેનો સંબંધ હવે માત્ર સંરક્ષણ પૂરતા મર્યાદિત રહ્યા નથી, પરંતુ તે ડિજિટલ વિઝન તરફ આગળ વધી રહ્યા છે. આ નિવેદન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય 'મેક ઈન ઈન્ડિયા' અને 'મેક ઈન ફ્રાન્સ' ના અભિયાનને વૈશ્વિક સ્તરે એક નવો આયામ આપવાનો છે. બંને દેશો સાથે મળીને એવા એઆઈ મોડેલ્સ વિકસાવવા માંગે છે જે પારદર્શક હોય અને જેનો અંકુશ કોઈ એક ભૌગોલિક મર્યાદામાં કેદ ન હોય. આ વ્યૂહાત્મક ભાગીદારીથી આગામી વર્ષોમાં દક્ષિણ એશિયા અને યુરોપ વચ્ચે એક નવો ટેકનોલોજીકલ સેતુ રચાશે તે નક્કી છે.સ્થાનિક સ્તરે ટેકનોલોજીના વિકાસ માટે ભારત અત્યારે સેમિકન્ડક્ટર અને ડેટા સાર્વભૌમત્વ પર ધ્યાન આપી રહ્યું છે. મેક્રોનનો આ સંદેશ એ દિશામાં મોટું પ્રોત્સાહન પૂરું પાડે છે. બંને દેશોએ હવે સંયુક્ત રીતે સંશોધન કેન્દ્રો સ્થાપવા અને જટિલ ડેટા સેટ્સના વિશ્લેષણ માટે સહકાર વધારવો પડશે. આ સફર લાંબી છે, પરંતુ સ્વાયત્તતા જાળવી રાખવા માટે આ દિશામાં ડગલાં માંડવા અત્યંત આવશ્યક છે. ભારત અને ફ્રાન્સનું આ ગઠબંધન ભવિષ્યમાં વિશ્વના ટેકનોલોજીકલ નકશા પર એક નવો સૂર્યોદય લાવશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

## News Brief

### પીએમ મોદીએ એઆઇ સમિટ ૨૦૨૬ ગજવી

નવી દિલ્હી: દેશની રાજધાની દિલ્હીના પ્રતિષ્ઠિત ભારત મંડપમ ખાતે ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ 'ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ ૨૦૨૬'નું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વને સંબોધતા સ્પષ્ટ કર્યું હતું કે ભારત આજે દુનિયાના સૌથી મોટા 'ટેક ટેલેન્ટ' અને યુવા શક્તિના કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. 'સર્વજન હિતાય, સર્વજન સુખાય'ના મંત્ર સાથે શરૂ થયેલી આ સમિટનો મુખ્ય હેતુ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના માધ્યમથી માત્ર ભારત જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ અને ખાસ કરીને 'ગ્લોબલ સાઉથ'ના દેશોનું કલ્યાણ કરવાનો છે.મીડિયા અહેવાલ મુજબ, આ ઐતિહાસિક ઉદ્ઘાટન સમારોહમાં પીએમ મોદીની સાથે ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન અને સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ જેવા દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમિટમાં વિશ્વભરના ૨૦થી વધુ રાષ્ટ્રાધ્યક્ષો, ૬૦ મંત્રીઓ અને ૫૦૦થી વધુ એઆઈ નિષ્ણાતોએ ભાગ લીધો છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે ભારતની ટેકનોલોજીકલ ક્ષમતા અને નવીનતાને અપનાવવાની ગતિ અભૂતપૂર્વ છે, જે તેને વૈશ્વિક મંચ પર એક અલગ ઓળખ અપાવે છે.સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, વડાપ્રધાને ટેકનોલોજીના ઝડપી બદલાવ પર ભાર મૂકતા કહ્યું કે, આજે આપણે મશીન લર્નિંગથી લર્નિંગ મશીન સુધીની સફર ખેડી રહ્યા છીએ. આ સફર જેટલી ઝડપી છે, એટલી જ તે જવાબદારીથી ભરેલી છે. પીએમ મોદીએ એઆઈની સરખામણી ન્યુક્લિયર પાવર સાથે કરતા ચેતવણી આપી હતી કે આપણે આ શક્તિના વિનાશક સ્વરૂપને બદલે તેના સકારાત્મક અને પરિવર્તનકારી પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

### મફતની રેવડીઓની જગ્યાએ રોજગાર પર ધ્યાન આપો, કરદાતાઓનું વિચારો : સુપ્રીમ

નવી દિલ્હી: ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતે ચૂંટણીલક્ષી મફત યોજનાઓ (Freebies) ચલાવતા રાજ્યોને સખત શબ્દોમાં ફટકાર લગાવી છે. ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે, "આખરે કરદાતા (Taxpayer) સિવાય આ યોજનાઓનો ખર્ચ બીજું કોણ ઉઠાવશે?" કોર્ટે નોંધ્યું કે ભોજન અને વીજળી જેવી પાયાની જરૂરિયાતો બાદ હવે રાજ્યો સીધા રોકડ ટ્રાન્સફર (Direct Cash Transfer) કરવા લાગ્યા છે, જે ચિંતાજનક છે.CJI એ ચિંતા વ્યક્ત કરી કે રાજ્યો દેવામાં હોવા છતાં મફતની યોજનાઓ પાછળ અઢળક નાણાં ખર્ચી રહ્યા છે, જેના કારણે વિકાસના કામો પર ઓછો ખર્ચ થઈ રહ્યો છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે રાજ્યોએ 'ડોલ્સ' (મફતની રેવડી) વહેંચવાને બદલે રોજગાર નિર્માણને પ્રાથમિકતા આપવી જોઈએ. નાણાકીય સમજદારી પર ભાર મૂકતા કોર્ટે કહ્યું કે આર્થિક સંતુલન જાળવવું દેશના ભવિષ્ય માટે અનિવાર્ય છે. સીજેઆઈએ આ મામલે કહ્યું કે હવે વિકાસ પાછળ ઓછો ખર્ચો થાય છે. હવે તો મફતમાં ભોજન, મફત સાઈકલ અને મફત વીજળીઓ આપવામાં આવી રહી છે. એવા દિવસો આવી ગયા છે કે હવે તો સીધી રોકડ ટ્રાન્સફર થાય છે. અનેક રાજ્યો છે જે ખોટમાં જઈ રહ્યા છે અને દેવામાં છે તેમ છતાં કલ્યાણકારી યોજનાઓનું વિસ્તરણ કરી રહ્યા છે. કોર્ટ માને છે કે કર્મચારીઓના પગાર અને મફતની સુવિધાઓનું ભારણ એટલું વધી ગયું છે કે જરૂરી વિકાસ માટેના ફંડ પણ ખતમ થઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો કે એક વર્ષમાં કમાયેલી સરકારી આવકનો 25 ટકા હિસ્સો વિકાસ પાછળ કેમ ન ખર્ચી શકાય? સુપ્રીમ કોર્ટ તમિલનાડુ વિદ્યુત વિતરણ નિગમ વિરુદ્ધ ભારત સરકારના કેસ પર સુનાવણી કરી રહી છે. કોર્ટે નિગમને ગ્રાહકની નાણાકીય સ્થિતિ પર ધ્યાન આપવા વિના દરેકને મફત વીજળી આપવાનો વાયદો કરવા બદલ ફિટકાર લગાવી હતી.

## 'લોકતંત્રમાં ભાઈ-ભત્રીજાવાદ ઘોર અપરાધ સમાન...', સુપ્રીમ કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

(એજન્સી) નવી દિલ્હી | તા 19

સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે લોકતાંત્રિક વ્યવસ્થામાં ભાઈ-ભત્રીજાવાદ અને સ્વાર્થવૃત્તિ એ ઘોર અપરાધ છે, ખાસ કરીને જ્યારે સરકારી સેવા સાથે જોડાયેલા લોકો આવું કૃત્ય કરે. જસ્ટિસ સંજય કુમાર અને કે. વિનોદ ચંદ્રનની બેન્ચે હરિયાણા સરકારની એક હાઉસિંગ સોસાયટીની ગવર્નિંગ બોડી દ્વારા પોતાના જ સભ્યો અને કર્મચારીઓને કરવામાં આવેલી ફ્લેટની ફાળવણી રદ કરતા આ આકરી ટિપ્પણી કરી હતી. કોર્ટે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના અગાઉના આદેશને ફગાવી દીધો છે, જેમાં હાઈકોર્ટે ફાળવણી પ્રક્રિયામાં દખલ કરવાનો ઈન્કાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે નોંધ્યું કે ગવર્નિંગ બોડીના અધિકારીઓએ પોતાના પદનો દુરુપયોગ કરીને અંગત ફાયદા માટે નિયમોનું ઉલ્લંઘન કર્યું છે, જે લોકશાહી માટે એક અભિશાપ સમાન છે.આ કેસની વિગત એવી છે કે, હરિયાણા શહેરી વિકાસ સત્તામંડળ(HUDA)અને સંબંધિત સંસ્થા અર્બન એસ્ટેટ અને ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ એમ્પ્લોઈઝ વેલફેર ઓર્ગેનાઈઝેશનના સભ્ય દિનેશ કુમારે બે હાઈ-એન્ડ સુપર ડીલક્સ ફ્લેટની ફાળવણીમાં થયેલા પક્ષપાત સામે અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટે તપાસમાં જાણ્યું કે અપીલકર્તા દિનેશ કુમાર જાહેરાત મુજબની તમામ શરતો, જેમ કે ડેપ્યુટેશન પિરિયડ અને મૂળ પગારના માપદંડો પૂર્ણ કરતા હોવા છતાં તેમને અન્યાય કરવામાં આવ્યો હતો. આ ગેરરીતિ બદલ કોર્ટે HUDA પર 1 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે, જ્યારે અન્ય પ્રતિવાદીઓ બી.બી. ગુપ્તા પર 50,000 રૂપિયા અને પુરન ચંદ પર 25,000 રૂપિયાનો દંડ લગાવ્યો છે.ચુકાદા મુજબ, HUDA એ અપીલકર્તા દિનેશ કુમારને કાનૂની લડાઈના ખર્ચ પેટે 50,000 રૂપિયા ચૂકવવા પડશે. દંડની બાકીની રકમ સુપ્રીમ કોર્ટના લીગલ સર્વિસીસ ઓથોરિટી પાસે જમા કરાવવાની રહેશે. કોર્ટે આદેશ આપ્યો છે કે ફ્લેટની ફાળવણી માટે જમા કરાયેલી રકમ બંને ફાળવણીદારોને એક મહિનામાં પરત કરી દેવી અને રકમ પરત મળ્યાના એક મહિનાની અંદર ફાળવણીદારોએ ફ્લેટ ખાલી કરવા પડશે.

## મહારાષ્ટ્રના ભિવંડી-નિઝામપુરમાં ભાજપને મોટો ઝટકો, 9 કાઉન્સિલરોએ કર્યો ખેલ, કોંગ્રેસના બનશે મેયર!



(એજન્સી) નવી દિલ્હી | તા 19

ભિવંડી-નિઝામપુર મહાનગરપાલિકામાં મેયરની ચૂંટણી પહેલા જ મોટું રાજકીય ઉલટફેર જોવા મળ્યું છે, જેમાં ભારતીય જનતા પાર્ટીને જોરદાર ફટકો પડ્યો છે. ભાજપના 22 પૈકી 9 કોર્પોરેટરોએ બળવો કરી 'ભિવંડી સેક્યુલર ફ્રન્ટ'(BSF) નામે નવો જૂથ બનાવીને કોંગ્રેસના ગઠબંધનને સમર્થન જાહેર કર્યું છે. આ નવા ગઠબંધન સાથે કોંગ્રેસ-NCP(શરદ પવાર જૂથ) પાસે હવે 46 કોર્પોરેટરોનું સંખ્યાબળ થઈ ગયું છે, જે 90 બેઠકો ધરાવતી આ મહાનગરપાલિકામાં બહુમતી માટે જરૂરી આંકડો પાર કરી લે છે. ચૂંટણી પરિણામો મુજબ, કોંગ્રેસ 30 બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી હતી, પરંતુ તેને સ્પષ્ટ બહુમતી મળી નહોતી. હવે ભાજપમાં પડેલા ભંગાણ અને શિંદે જૂથની શિવસેના તેમજ ભાજપ વચ્ચેના આંતરિક મતભેદોનો સીધો ફાયદો કોંગ્રેસને મળતો દેખાઈ રહ્યો છે. બીજી તરફ, સમાજવાદી પાર્ટીએ શિવસેનાને ટેકો આપ્યો હોવા છતાં, સમીકરણો હવે કોંગ્રેસની તરફેણમાં નમી ગયા છે. આ સ્થિતિમાં ભિવંડી-નિઝામપુરમાં કોંગ્રેસનો મેયર અને ડેપ્યુટી મેયર બનવાનો રસ્તો સાવ સાફ થઈ ગયો હોય તેમ જણાય છે.

## મથુરા માર્ગ અકસ્માત: નહેરમાં કાર ખાબકતાં ૪ મિત્રોના મોત

મથુરા:ઉત્તર પ્રદેશના મથુરામાં બુધવારે રાત્રે એક અત્યંત દુઃખદ અકસ્માત સર્જાયો હતો. લગ્ન પ્રસંગમાં હાજરી આપવા જઈ રહેલા ચાર મિત્રોની કાર બેકાબૂ થઈને ૬ મીટર ઉંડી નહેરમાં ખાબકી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં કારમાં સવાર ચારેય યુવકોના કરુણ મોત નિપજ્યા છે. આ ઘટનાને પગલે લગ્નવાળા પરિવારમાં ખુશીનો માહોલ માતમના સન્નાટામાં ફેરવાઈ ગયો છે. અંધારા અને ઉંડા પાણીના કારણે યુવકોને કારમાંથી બહાર નીકળવાની તક



સુધ્ધાં મળી ન હતી. આ દુર્ઘટના મથુરાના મગોરા પોલીસ સ્ટેશન વિસ્તારના નગલા દેવિયા વળાંક પાસે સર્જાઈ હતી. મહાવન વિસ્તારના ચાર મિત્રો રાજસ્થાનના ડીગમાં એક લગ્ન સમારોહમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. રસ્તામાં એક તીખા વળાંક પર કારની ઝડપ વધુ હોવાથી ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાર પૂરપાટ ઝડપે રોડ સાઈડની પાણીની ટાંકી સાથે અથડાઈને સીધી નહેરમાં ઉલટી પડી હતી.સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, કાર નહેરમાં ઉંધી પડી હોવાને કારણે ચારેય મિત્રો અંદર જ ફસાઈ ગયા હતા. રાત્રિનો સમય અને નહેરનું ઉંડું પાણી હોવાને કારણે બચાવ કામગીરીમાં ભારે અવરોધ સર્જાયો હતો. ગ્રામજનોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી અને પોતાના સ્તરે પણ યુવકોને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ક્રેનની મદદથી કારને બહાર કાઢી હતી, પરંતુ ત્યાં સુધીમાં ચારેય યુવકોના પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. એસપી દેહાત સુરેશ ચંદ્ર રાવતે જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં અકસ્માતનું મુખ્ય કારણ કારની અતિશય ઝડપ અને રસ્તાનો જોખમી વળાંક હોવાનું જણાય છે. ચારેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે અને પોલીસે આ મામલે કાયદેસરની તપાસ શરૂ કરી છે.

CAPITAL INDIA
Rediscover Business
CIN: L74899DL1994PLC128577
રજિસ્ટર્ડ ઓફિસ: 701, 7મો માળ, અગ્રવાલ કોર્પોરેટ ટાવર, પ્લોટ નં. 23, ડિસ્ટ્રિક્ટ સેન્ટર, રાજેન્દ્ર પ્લેસ, નવી દિલ્હી-110008, ટેલિફોન: +91 11 69146000
ઈમેઈલ: info@capitalindia.com
વેબસાઈટ: www.capitalindia.com

ગાંધીનગર, ગુજરાત ખાતે શાખા કાર્યાલય બંધ કરવા માટેની જાહેર સૂચના

ગ્રાહકો, સેવા પ્રદાતાઓ અને તમામ સંબંધિત વ્યક્તિઓ/પક્ષોને આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીની શાખા કાર્યાલય ગાંધીનગર, ગુજરાત ખાતે કેપિટલ ઈન્ડિયા ફાઈનાન્સ લિમિટેડ, ઓફિસ નં. - 208, પુષ્પરાજ આર્કેડ, બીજો માળ, બેંક ઓફ બરોડાની બાજુમાં, દહેગામ, ગાંધીનગર, ગુજરાત-382305 પર સરનામું ધરાવે છે. આ સૂચનાના ત્રણ મહિના પછી બંધ કરવામાં આવશે.
ઉપરોક્ત શાખા બંધ થવાની નોંધ લેવા માટે તમામ સંબંધિત વ્યક્તિઓ/પક્ષોને સલાહ આપવામાં આવે છે. કોઈપણ સહાય માટે, કૃપા કરીને +91 11 69146000 પર કંપનીનો સંપર્ક કરો અથવા કંપનીની વેબસાઈટ www.capitalindia.com જુઓ.

તારીખ: 20.02.2026
સ્થળ: ગાંધીનગર, ગુજરાત

SD/-, અધિકૃત અધિકારી,
કેપિટલ ઈન્ડિયા ફાઈનાન્સ લિમિટેડ

## એઆઈના વર્તમાન મોડેલોમાં સાતત્યતાનો અભાવ | રોબોટિક્સમાં એઆઈ વૃદ્ધિની નવી તકો સર્જશે

# AI ટેક્નોલોજી બેધારી તલવાર સમાન છે, તેનો દુરુપયોગ માનવતા માટે ખતરો બનશે : ડેમિસ

(એજન્સી) નવી દિલ્હી | તા 19

દેશની રાજધાનીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(એઆઈઈમ્પેક્ટ સમિટ ચાલી રહી છે તેમા ગૂગલના ડીપમાઈન્ડના સીઈઓ ડેમિસ હસાબિસે એઆઈ ટેક્નોલોજીને બેધારી તલવાર ગણાવી હતી. તેનો સૂદુપયોગ માનવજાત માટે જ્ઞાનની ક્રાંતિ લાવશે અને દૂરુપયોગ માનવજાતને મોટી હાનિ પહોંચાડશે. વર્તમાન દાયકાના અંત સુધીમાં આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ (એજીઆઈ) હકીકત બનશે તેમ કહ્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે માનવ જગત આજે નવી જ ટેક્નોલોજીકલ ક્રાંતિના આરે આવીને ઊભું છે. આજે માનવીઓ પાસે એકદમ સ્વતંત્ર, રચનાત્મક જનરલ ઈન્ટેલિજન્સ ધરાવતા ટૂલ્સ ઉપલબ્ધ થવા લાગ્યા છે. આ ટેક્નોલોજીકલ પ્રગતિ એટલી ઝડપથી થઈ રહી છે કે દાયકાના અંત સુધીમાં આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ(એજીઆઈ)નું પ્રભાત



ઉગતુ દેખાશે. તેઓ એઆઈ સમિટ્સમાં પ્રવર્તતી જબરદસ્ત ઉર્જાથી પ્રભાવિત થયા હતા. તેમણે યુવાનોને એઆઈ ટૂલ્સના ઉપયોગ કરીને તેની ધાર વધુ કસવા આહવાન કર્યુ હતું. વિશ્વના સૌથી વધુ વસ્તીવાળા અને યુવાન દેશ એવા ભારતના યુવાનો માટે એઆઈ મોટી તક બની આવ્યું છે એમ તેમણે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યુ હતું કે આજે એઆઈ ફાઉન્ડેશન મોડેલથી આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ (એજીઆઈ) તરફ આગળ વધી રહ્યું છે. એજીઆઈમાં તર્કબદ્ધતા, આયોજનશક્તિ, શીખવાની ક્ષમતા, લવચીકતા અને માનવ જેવી સાતત્યતા હશે. તાજેતરની ટેક્નોલોજીકલ પ્રગતિના કારણે એઆઈ વધુ એડવાન્સ બન્યું છે. તેમણે સ્વીકાર્યુ હતું કે એજીઆઈનું પ્રભાત હજી ઉગવાને આઠેક વર્ષની વાર છે, હજી કમસેકમ દાયકાનો અંત આવશે ત્યારે એજીઆઈ ક્ષિતિજ પર દેખાશે.

તેમનું માનવું છે કે એજીઆઈના વિકાસ માટે હાઈબ્રિડ અભિગમ અપનાવવો પડશે. તેમા જબરદસ્ત જાણકારી ધરાવતા ફાઉન્ડેશન મોડેલની સાથે શીખવાની ક્ષમતા ધરાવતા પ્લાનિંગ અને રીઝનિંગ ક્ષમતાવાળા મોડેલ્સ પણ જરુરી હશે. મારા માનવા મુજબ જેમિની જેવા ફાઉન્ડેશન મોડેલ્સ અલ્ટીમેટ એજીઆઈ સોલ્યુશનનો મહત્ત્વનો હિસ્સો બની શકે છે.તેની સાથે તેમણે એઆઈને લઈને આંતરરાષ્ટ્રીય સહયોગ મજબૂત કરવા પર અને સાઈબર એટેકરો કરતાં ડિફેન્ડરો વધારે મજબૂત હોવા પર ભાર મૂક્યો હતો. એઆઈના વર્તમાન ફાઉન્ડેશન મોડેલોમાં વિવિધ કાર્યોને લઈને સાતત્યતાનો અભાવ છે. ઉદાહરણ તરીકે જોઈએ તો કેટલીક સિસ્ટમ્સ અત્યંત જટિલ મુશ્કેલીઓ ઉકેલી કાઢે છે. જ્યારે બીજી કેટલીક સિસ્ટમ્સ પ્રાથમિક કક્ષાના ગણિતના સવાલોનો જવાબ આપવામાં પણ નિષ્ફળ જાય છે. આ બતાવે છે કે હજી કેટલીક વૃદ્ધિ જરુરી છે.

આગામી વર્ષોમાં રોબોટિક્સ ક્ષેત્રમાં એઆઈનો વધુને વધુ ઉપયોગ જોવા મળી શકે છે. તેના કારણે આગામી ત્રણેક વર્ષમાં તો જેમિની જેવા એઆઈ મોડેલ્સ રોબોટ બોડીમાં ફિટ કરીને તેને વધારે કાર્યક્ષમ બનાવી શકાશે. તેની સાથે રોબોટિક્સનો ઉપયોગ વધુને વધુ જટિલ કામોમાં કરવાના દરવાજા પણ ખૂલશે, એમ તેમણે જણાવ્યું હતું.

AUTHUM
ઓથમ ઈન્વેસ્ટમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ
કોર્પોરેટ ઓફિસ:- ધ રૂબી ૧૧મો માળ, નોર્થ-વેસ્ટ વિંગ, પ્લોટ નં. ૨૯, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ), મુંબઈ- ૪૦૦૦૨૮
શાખા ઓફિસ: ૭૦૩ અને ૭૦૪, સાકાર-૨, એલિસ બ્રિજ પોલીસ સ્ટેશન પાસે, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૬

ખાનગી સંધિ દ્વારા વેચાણની સૂચના

આ રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ (RHFL) ના મંજૂર રિઝોલ્યુશન પ્લાન અનુસાર છે. તેના ધિરાણકર્તાઓ દ્વારા 7 જૂન, 2019 ના રોજ RBI ના પરિપત્ર, 3 માર્ચ, 2023 ના રોજ ભારતના માનનીય સુપ્રીમ કોર્ટના આદેશ અને 25 માર્ચ, 2023 ના રોજ શેરધારકો દ્વારા પસાર કરાયેલા ખાસ ઠરાવ અનુસાર, RHFL એ તેના વ્યવસાયને ચાલુ ચિંતાના આધારે સ્લમ્પ સેલ દ્વારા રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ લિમિટેડ ('RCFL') ને ટ્રાન્સફર કરવા માટે કરાર કર્યો છે અને જ્યારે દેવાદારના લોન ખાતા(ઓ) ને લગતા તમામ અધિકારો અને જવાબદારીઓ પણ RCFL ને ટ્રાન્સફર કરવામાં આવી છે.
ઓથમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ ("AIIL") ને ગીરવે મૂકેલી સ્થાવર મિલકતનું વેચાણ રિલાયન્સ કોમર્શિયલ ફાઇનાન્સ લિમિટેડ ("RCFL") થી AIIL ને 10.05.2024 ના NCLT આદેશ દ્વારા ડિમર્જર કરીને પરિણામી કંપની), જેની કોર્પોરેટ ઓફિસ રૂબી 11મો માળ, નોર્થ-વેસ્ટ વિંગ, પ્લોટ નં. 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ), મુંબઈ-400028 (મહારાષ્ટ્ર) અને શાખા ઓફિસ: 703 અને 704, સકર-2, એલિસ બ્રિજ પોલીસ સ્ટેશન પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-380006 પર છે. સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (ત્યારબાદ "અધિનિયમ") હેઠળ.
ઓથમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ ('AIIL') ના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરનાર આથી જણાવે છે કે ઉધાર લેનારના આલોક ગિરધારીલાલ માવંડિયા, પેટ્રન કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પાયલ આલોક માવંડિયાએ લોન એકાઉન્ટ નંબર RLLPAHM000113957 ની શરતો અને નિયમો હેઠળ નાણાકીય સુવિધા/ઓ મેળવી છે અને સંમત થયા છે. ઉધાર લેનારાઓ દ્વારા કરવામાં આવેલી ડિફોલ્ટને કારણે, નીચે સહી કરનારે SARFAESI એક્ટ, 2002 ની જોગવાઈઓનો ઉપયોગ કરીને 21 ઓગસ્ટ 24 ના રોજ બંને લોન એકાઉન્ટ્સ માટે માંગ નોટિસ જારી કરવાની ફરજ પડી છે. ૫૯,૬૫,૬૦૬/- (રૂપિયા ઓગણપચાસ લાખ પાસઠ હજાર અને છસ્સો છો રૂપિયા માત્ર) અને તેથી, તારીખ ૧૩મી જૂન ૨૫ ના રોજ કાયદા મુજબ મિલકતનો કબજો મેળવ્યો છે. નિર્ધારિત મિલકત સરફેસી કાયદા હેઠળ ઘણી વખત જાહેર હરાજી માટે મૂકવામાં આવી હતી, જોકે, તે સફળ થઈ શકી ન હતી, તેથી, નાણાકીય સંપત્તિઓના સિક્યોરિટાઈઝેશન અને પુનર્નિર્માણ અને સિક્યોરિટી હિત અધિનિયમ, ૨૦૦૨ ના અમલીકરણમાં ઉલ્લેખિત જોગવાઈઓ હેઠળ ખાનગી સંધિ દ્વારા, સ્થાવર સુરક્ષિત સંપત્તિ ખરીદવાની ઓફર પ્રાપ્ત થઈ છે, જે સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો, ૨૦૦૨ ની કલમ ૧૩(૮) સાથે વાંચવામાં આવે છે. પ્રાપ્ત થઈ છે અને નીચે સહી કરનારે સંમત શરતો અનુસાર તે સ્વીકાર્યું છે. જાહેર જનતાને જણાવવામાં આવે છે કે અધિકૃત અધિકારીએ 11 માર્ચ 26 ના રોજ નીચે દર્શાવેલ મિલકતને ખાનગી સંધિ દ્વારા સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ની જોગવાઈઓ હેઠળ, જે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 સાથે વાંચવામાં આવે છે, નીચે દર્શાવેલ વિગતો મુજબ સુરક્ષિત દેવાની વસૂલાત માટે વેચવાનો નિર્ણય લીધો છે. મિલકત 'જેમ છે જ્યાં છે' અને 'જેમ છે જે છે ત્યાં છે' ના આધારે અને આશ્રય વિનાના ધોરણે વેચવામાં આવશે. જો કોઈને કોઈ વાંધો હોય અથવા ઓફર કરેલી રકમ કરતાં વધુ સારી ઓફર હોય તો તે 09 માર્ચ 26 ના રોજ સાંજે 05.30 વાગ્યા સુધી નીચે સહી કરનારનો સંપર્ક કરી શકે છે.ત્યારબાદ કોઈ વાંધો કે ઓફર સ્વીકારવામાં આવશે નહીં.

| ઉધાર લેનાર/ જામીનદારનું નામ | મિલકત / સુરક્ષા વ્યાજની વિગતો | આજની તારીખે કુલ બાકી નીકળતી રકમ |
|---|---|---|
| 1. આલોક ગિરધારીલાલ માવંડિયા<br>2. પેટ્રોન કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ<br>3. પાયલ આલોક માવંડિયા | 'દેવપ્રિયા-IV' નામની યોજનામાં, N.A. જમીન ધરાવતા F.P.No.320 (સર્વે નં. 294/2 ના બદલે 2630 ચોરસ મીટર) પર, T.P. ના 'દેવપ્રિયા-IV' નામની યોજનામાં, પહેલા માળે (ગ્રાઉન્ડ ફ્લોર, AUDA દ્વારા મંજૂર કરાયેલ યોજના મુજબ) 138.48 ચોરસ મીટર (1490 ચોરસ ફૂટ) સુપર બિલ્ટ અપ એરિયા ધરાવતા ફ્લેટ નં. B-104 ધરાવતી બાંધવામાં આવેલી મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ, (સર્વે નં. 294/2 ના બદલે ફાળવવામાં આવેલ) 1846 ચોરસ મીટર (2630 ચોરસ મીટર) પર. સ્કીમ નં. ૨૧, ગાંધીનગરના નોંધણી જિલ્લા અને ઉપજિલ્લામાં, મહેસૂલ જિલ્લા અમદાવાદના મોજે-મોટેરા તાલુકા-દસક્રોઈ ખાતે આવેલી અને આવેલી છે, અને તેની સાથે જોડાયેલા તમામ હકો નીચે મુજબ છે: ઉત્તર તરફ અથવા તરફ: દેવપ્રિયા-૪ ના બ્લોક નં. એ, દક્ષિણ તરફ અથવા તરફ: ફ્લેટ નં. બી-૧૦૧, પૂર્વ તરફ અથવા તરફ: ૯ મીટર ટી.પી. રોડ, પશ્ચિમ તરફ અથવા તરફ: ફ્લેટ નં. બી-૧૦૩ ( મોર્ગેજ ડીડ ઉપલબ્ધનથી) | ૧૩ જૂન, ૨૫ ના રોજ કુલ બાકી રકમ રૂ. ૬,૧૪૧,૦૦૬/- (એકસઠ લાખ એકતાલીસ હજાર છ રૂપિયા માત્ર) |
| સંમત કિંમત (રૂ.):- રૂ. ૪૪,૦૦,૦૦૦/- ( ચુંમાળીસ લાખ રૂપિયા માત્ર) | | વેચાણ તારીખ:- ૧૧ માર્ચ ૨૦૨૬ |

ઓનલાઈન ઈ-હરાજી વેચાણની શરતો અને નિયમો:-
૧) ખાનગી સંધિ દ્વારા વેચાણ 'જેમ છે જ્યાં છે તેના આધારે' અને 'જેમ છે જે છે તેના આધારે' થશે.
૨) ખરીદનારને મિલકતની ખરીદી માટે બેંક દ્વારા ઓફર સ્વીકાર્યાના દિવસે જ કુલ વેચાણ કિંમત જમા કરાવવાની રહેશે.
૩) મિલકત બેંકને જાણીતા કે અજાણ્યા તમામ હાલના અને ભવિષ્યના બોજો સાથે વેચાઈ રહી છે. અધિકૃત અધિકારી / સુરક્ષિત લેણદાર કોઈપણ તૃતીય-પક્ષ દાવા / અધિકારો / બાકી રકમ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
૪) ખરીદનારએ મિલકત સંબંધિત તમામ પાસાઓ પર તેના સંતોષ મુજબ યોગ્ય તપાસ કરવી જોઈએ. ખરીદનાર પછીની તારીખે આ સંદર્ભમાં અધિકૃત અધિકારી / સુરક્ષિત લેણદાર સામે કોઈ દાવો કરવા માટે હકદાર રહેશે નહીં.
૫) ખરીદનારને મિલકતની ખરીદીના સંદર્ભમાં તમામ સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી અને અન્ય ખર્ચ, કર, ફરજો ભોગવવી પડશે.
૬) વેચાણ SARFAESI કાયદા / નિયમોની જોગવાઈઓ અનુસાર થશે.
૭) ઓફરની માન્યતા ૧૫ દિવસની છે અને તે પછી ઓથમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડને કોઈપણ પૂર્વ સૂચના વિના ડિપોઝિટ જપ્ત કરવાનો અધિકાર રહેશે.

સ્થળ: અમદાવાદ
તારીખ: ૨૦.૦૨.૨૦૨૬

[અધિકૃત અધિકારી]
ઓથમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ માટે.

## નશીલી ચા પીવડાવી હોટલમાં આચર્યું દુષ્કર્મ

# સામૂહિક દુષ્કર્મ ગુરુગ્રામમાં પોલીસ હવાલદારે આચર્યું નરાધમ કૃત્ય

ગુરુગ્રામ: હરિયાણાના સાયબર સિટી ગુરુગ્રામમાં કાયદો અને વ્યવસ્થાના રક્ષક ગણાતા પોલીસ જવાન દ્વારા જ માનવતાને લાંછન લગાડતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક ૨૫ વર્ષીય મહિલાને સરકારી નોકરી અપાવવાની જાળમાં ફસાવી તેની સાથે સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ચોંકાવનારી ઘટના બની છે. આ કેસમાં સૌથી વધુ આશ્ચર્યજનક બાબત એ છે કે મુખ્ય આરોપી પોતે પોલીસ વિભાગમાં હવાલદાર તરીકે ફરજ બજાવે છે, જેણે પોતાની ઓળખ ખોટી રીતે રજૂ કરીને પીડિતાને શિકાર બનાવી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, દિલ્હીના કેન્ટ વિસ્તારમાં રહેતી પીડિતાની મુલાકાત અંદાજે છ મહિના પહેલા બસ મુસાફરી દરમિયાન સતીશ કુમાર નામના શખ્સ સાથે થઈ હતી. સતીશે પોતાની અસલી ઓળખ છુપાવી પોતે હરિયાણા પોલીસમાં ઈન્સ્પેક્ટર હોવાનું જણાવ્યું હતું. એટલું જ નહીં, તેણે એવો પણ દાવો કર્યો હતો કે તેની પત્ની પલવલ કોર્ટમાં જજ તરીકે કાર્યરત છે. મહિલાને વિશ્વાસમાં લેવા માટે તેણે મુખ્યમંત્રી કોટા હેઠળ હરિયાણા પોલીસમાં સરકારી કુક તરીકેની નોકરી અપાવવાનું વચન આપ્યું હતું અને તેના બદલામાં ૩ લાખ રૂપિયાની માંગણી કરી હતી. મીડિયા અહેવાલ મુજબ, ૨૯ જુલાઈ ૨૦૨૫ના રોજ સતીશે મહિલાને તેના અસલી દસ્તાવેજો સાથે ગુરુગ્રામ બોલાવી હતી. ત્યારબાદ ઓગસ્ટ મહિનામાં તેને એમજી રોડ પર આવેલી એક હોટલમાં લઈ જવામાં આવી હતી. હોટલના રૂમમાં સતીશનો એક અન્ય સાથી જે 'લંબુ' તરીકે ઓળખાય છે, તે અગાઉથી હાજર હતો. પીડિતાએ આક્ષેપ કર્યો છે કે આ બંને નરાધમોએ તેને ચામાં કોઈ નશીલી દવા ભેળવીને પીવડાવી દીધી હતી. મહિલા બેભાન જેવી અવસ્થામાં આવતા જ બંનેએ વારાફરતી તેની સાથે નરાધમ કૃત્ય આચર્યું હતું. દુષ્કર્મ આચર્યા બાદ આટલેથી જ ન અટકતા, આરોપીઓએ મહિલાના અશ્લીલ ફોટા અને વીડિયો ઉતારી લીધા હતા.

## બોમ્બે હાઈકોર્ટમાં વિજય માલ્યાએ રજૂ કર્યું સોગંદનામું

# ભાગેડુ આર્થિક ગુનેગાર વિજય માલ્યાએ ભારત આવવાની ના પાડી

મુંબઈ: ભારતની વિવિધ બેંકો સાથે હજારો કરોડ રૂપિયાની છેતરપિંડી અને મની લોન્ડરિંગના ગંભીર કેસોમાં ફસાયેલા ઉદ્યોગપતિ વિજય માલ્યાએ ફરી એકવાર ભારતીય ન્યાયતંત્ર સામે હાથ ઊંચા કરી દીધા છે. બુધવારે બોમ્બે હાઈકોર્ટમાં પોતાના વકીલ મારફતે રજૂ કરેલા નિવેદનમાં માલ્યાએ જણાવ્યું હતું કે તે ક્યારે ભારત પરત ફરી શકશે તેની કોઈ ચોક્કસ તારીખ આપી શકે તેમ નથી. પોતે 'ભાગેડુ આર્થિક ગુનેગાર' નથી તેવું સાબિત કરવા મથતા માલ્યાએ હવે બ્રિટિશ કાયદા અને રદ થયેલા પાસપોર્ટને ભારત ન આવવા માટેનું મુખ્ય હથિયાર બનાવ્યું છે.સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ૭૦ વર્ષીય વિજય માલ્યાએ હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે ભારત સરકારે વર્ષ ૨૦૧૬ માં જ તેનો પાસપોર્ટ રદ કરી દીધો હતો. પાસપોર્ટ વિના આંતરરાષ્ટ્રીય મુસાફરી શક્ય નથી. વધુમાં, માલ્યાએ જણાવ્યું હતું કે ઈંગ્લેન્ડ અને વેલ્સની અદાલતોએ તેને દેશ છોડવા પર કાયદેસર રીતે પ્રતિબંધ ફરમાવ્યો છે. તે કોઈપણ નવા મુસાફરી દસ્તાવેજ માટે અરજી કરી શકે તેમ નથી, જેના કારણે ભારત પરત ફરવું તેના માટે અત્યારે અશક્ય છે. હાઈકોર્ટની ખંડપીઠે જ્યારે તેના ભારત પરત ફરવાના ઈરાદા વિશે પૂછ્યું ત્યારે આ આશ્ચર્યજનક બચાવ રજૂ કરવામાં આવ્યો હતો. ચીફ જસ્ટિસ શ્રી ચંદ્રશેખર અને જસ્ટિસ ગૌતમ અંકડની બેન્ચે અગાઉ સ્પષ્ટ કરી દીધું હતું કે જો વિજય માલ્યા ભારતની અદાલતમાં રૂબરૂ હાજર નહીં થાય, તો તેની કોઈ પણ અરજી પર સુનાવણી કરવામાં આવશે નહીં. માલ્યાએ તેને 'ભાગેડુ આર્થિક ગુનેગાર' જાહેર કરવાના આદેશને પડકારતી અને આ કાયદાની બંધારણીય કાયદેસરતા સામે સવાલ ઉઠાવતી બે અરજીઓ દાખલ કરી છે. જોકે, અદાલતે તેને સ્પષ્ટ સંકેત આપ્યા છે કે કાયદાકીય રાહત મેળવવા માટે તેનું વ્યક્તિગત રીતે હાજર રહેવું અનિવાર્ય છે. માલ્યાના વરિષ્ઠ વકીલે કોર્ટમાં એવી દલીલ કરી હતી કે કેસ સાંભળવા માટે માલ્યાની રૂબરૂ હાજરી જરૂરી નથી.

સિટી
# એક્સપ્રેસ
FRIDAY 20 FEBRUARY-2026
AHMEDABAD




## 3 વર્ષની માસૂમ પર દુષ્કર્મનો પ્રયાસ; આરોપીની ધરપકડ

ગાંધીનગર | ગાંધીનગરના સેક્ટર-24માં આવેલા ઈન્દિરા નગર છાપરા વિસ્તારમાં થોડા મહિના પહેલા 5 વર્ષીય બાળકી સાથે દુષ્કર્મની ઘટનાએ સમગ્ર રાજયને હચમચાવી દીધું હતું ત્યારે આવી જ એક ઘટનાનું પુનરાવર્તન ખોરજના અદાણી શાંતિગ્રામ ખાતેંની લેબર કોલોનીમાં ઘટી છે. અત્રેની સ્પાર્ટન બિલ્ડર કંપનીની લેબર કોલોનીમાંથી આશરે 22 વર્ષીય યુવકે ત્રણ વર્ષની બાળકીનું અપહરણ કરી નજીકની ઝાડીમાં દુષ્કર્મનો પ્રયાસ કરાયો હોવાની શર્મસાર કરતી એક ઘટના અડાલજ પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાઈ છે.

## મોડાસામાં 8 બુલેટ ચાલક સામે પોલીસની કાર્યવાહી

મોડાસા | મોડાસા શહેરમાં મોડીફાઈડ સાઈલેન્સરવાળા બુલેટ મોટરસાયકલ દ્વારા થતા અતિશય અવાજ અને ધ્વનિ પ્રદૂષણથી નાગરિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. શાળાઓ, કોલેજો, રહેણાંક વિસ્તારો અને મુખ્ય માર્ગો પર આ પ્રદૂષણથી વિદ્યાર્થીઓ, વૃદ્ધો અને દર્દીઓને મુશ્કેલી પડતી હોવાની મૌખિક રજૂઆતો પોલીસને મળી હતી. આ રજૂઆતોને ગંભીરતાથી લઈને મોડાસા ટાઉન પોલીસે શહેરના વિવિધ વિસ્તારોમાં વિશેષ ડ્રાઈવ શરૂ કરી. અલગ-અલગ ટીમો બનાવીને અચાનક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું, જેમાં ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા બુલેટ ચાલકોને વિવિધ સ્થળોએથી ઝડપી પાડવામાં આવ્યા.

ગાંધીનગર | રાજ્યભરમાં કાર્યરત તાલુકા વિકાસ અધિકારીઓ (TDO) સહિતના અધિકારીઓની વ્યાપક બદલીના આદેશ બહાર પાડવામાં આવ્યા છે. તાજેતરમાં જાહેર કરાયેલા આ હુકમ મુજબ 59 TDOને એક તાલુકા અથવા જિલ્લાથી બીજા તાલુકા-જિલ્લામાં બદલી કરવામાં આવી છે. કેટલાક અધિકારીઓને સ્વવિનંતી આધારે, જ્યારે કેટલાકને જાહેર હિત અને વહીવટી સુચારુતા માટે નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા 59 TDOની સામુહિક બદલી: કોને ક્યાં મૂક્યા, જુઓ સંપૂર્ણ લિસ્ટ

| અધિકારીનું નામ | હાલની નિમણૂંકનું સ્થળ | બદલીથી નિમણૂંકનું સ્થળ | રિમાર્ક્સ |
|---|---|---|---|
| • ધવલકુમાર ગોવિંદભાઈ લીંબાસીયા | જાંબુઘોડા, જિ.પંચમહાલ | સમી, જિ.પાટણ | સ્વ વિનંતી |
| • નિતીનકુમાર રતુભાઈ ચૌધરી | શંખેશ્વર, જિ.પાટણ | ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા | સ્વ વિનંતી |
| • દેવપ્રિયાબા મહોબતસિંહ ઝાલા | હારીજ, જિ.પાટણ | વિજાપુર, જિ.મહેસાણા | સ્વ વિનંતી |
| • નિમેશકુમાર અરવિંદભાઈ પટેલ | નડીયાદ, જિ.ખેડા | વાલોડ, જિ.તાપી | જાહેર હિત |
| • કલ્પનાબેન શામળદાસ ભૂરીયા | મદદનીશ પ્રાયોજના અધિકારી, બ.કાંઠા | હડાદ, જિ.બનાસકાંઠા | સ્વ વિનંતી |
| • રાહુલ દિલીપભાઈ પટેલ | નિઝર, જિ.તાપી | મદદનીશ ચૂંટણી કમિશનર, ગાંધીનગર | જાહેર હિત |
| • કમલેશ કાન્તિભાઈ પટેલ | મદદનીશ ચૂંટણી કમિશનર, ગાંધીનગર | સાઠંબા, જિ.અરવલ્લી | સ્વ વિનંતી |
| • ધવલકુમાર રણછોડભાઈ પટેલ | જલાલપોર, જિ.નવસારી | આણંદ, જિ.આણંદ | સ્વ વિનંતી |
| • રોનકકુમાર એમ. પટેલ | આણંદ, જિ.આણંદ | સોજીત્રા, જિ.આણંદ | જાહેર હિત |
| • રવિન્દ્રસિંહ લાલજીભાઈ સોલંકી | માંડવી, જિ.સુરત | અરેઠ, જિ.સુરત | સ્વ વિનંતી |
| • કંદર્પ ચંદ્રવદન પંડ્યા | ધાનપુર, જિ.દાહોદ | ગોધર, જિ.મહીસાગર | જાહેર હિત |
| • મુકેશકુમાર ઈશ્વરભાઈ પટેલ | ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા | શામાળજી, જિ.અરવલ્લી | સ્વ વિનંતી |
| • નરેશ એમ. લાડુમોર | બોરસદ, જિ.આણંદ | આમોદ, જિ.ભરૂચ | સ્વ વિનંતી |
| • કવિતાબેન એસ. મહેશ્વરી | પોશીના, જિ.સાબરકાંઠા | મદદનીશ પ્રાયોજના અધિકારી, જિ.ડાંગ | જાહેર હિત |
| • ગોવિંદભાઈ બળદેવભાઈ ચૌધરી | વિજાપુર, જિ.મહેસાણા | ચાણસ્મા, જિ.પાટણ | જાહેર હિત |
| • તેજલ જગતસિંહ વાઘેલા | રાધનપુર, જિ.પાટણ | શંખેશ્વર, જિ.પાટણ | જાહેર હિત |
| • સતિષભાઈ મુકેશલાલ પટેલ | પેટલાદ, જિ.આણંદ | બોરસદ, જિ.આણંદ | જાહેર હિત |
| • અંકિતકુમાર કે. ઝાલા | વડાલી, જિ.સાબરકાંઠા | પોશીના, જિ.સાબરકાંઠા | સ્વ વિનંતી |
| • વિનોદભાઈ જગશીભાઈ પરમાર | માળીયા હાટીના, જિ.જુનાગઢ | વાવ, જિ.વાવ-થરાદ | જાહેર હિત |
| • સંજયકુમાર ગલબાભાઈ ઉપલાણા | દસાડા-પાટડી, જિ.સુરેન્દ્રનગર | વડાલી, જિ.સાબરકાંઠા | જાહેર હિત |
| • હાર્દિક મહેશભાઈ રાઠોડ | જંબુસર, જિ.ભરૂચ | હિંમતનગર, જિ.સાબરકાંઠા | સ્વ વિનંતી |
| • ભાવસિંહ બી. પરમાર | બારડોલી, જિ.સુરત | પલસાણા, જિ.સુરત | સ્વ વિનંતી |
| • પ્રકાશભાઈ આર. પટેલ | પલસાણા, જિ.સુરત | કામરેજ, જિ.સુરત | જાહેર હિત |
| • મિલનકુમાર મુળચંદભાઈ ઉકાવાળા | ગોંડલ, જિ.રાજકોટ | હારીજ, જિ.પાટણ | જાહેર હિત |
| • કલ્પેશકુમાર હરિસિંહ ગઢવી | ઝાલોદ, જિ.દાહોદ | ભાવનગર, જિ.ભાવનગર | જાહેર હિત |
| • તેજસકુમાર એ. પટેલ | જેતપુરપાવી, જિ.છોટાઉદેપુર | મોરવા હડફ, જિ.પંચમહાલ | સ્વ વિનંતી |
| • રિધ્ધી જયંતિભાઈ પટેલ | કોટડા સાંગાણી, જિ.રાજકોટ | સુઈગામ, જિ.વાવ-થરાદ | સ્વ વિનંતી |
| • વ્રજ સંજયકુમાર પટેલ | માતર, જિ.ખેડા | ઠાસરા, જિ.ખેડા | સ્વ વિનંતી |
| • પ્રકાશ સોમાભાઈ પરમાર | મહેમદાબાદ, જિ.ખેડા | ચીટનીશ, વિકાસ કમિશનર કચેરી | સ્વ વિનંતી |
| • પારસ હસમુખભાઈ પટેલ | તારાપુર, જિ.આણંદ | નવસારી, જિ.નવસારી | સ્વ વિનંતી |
| • પાયલબેન ભરતભાઈ ચૌધરી | વાંકાનેર, જિ.મોરબી | ચીટનીશ, ગ્રામ વિકાસ કમિશનર કચેરી | સ્વ વિનંતી |
| • પંકજકુમાર જોરાવરસિંહ મહિડા | દહેગામ, જિ.ગાંધીનગર | મહેમદાબાદ, જિ.ખેડા | જાહેર હિત |
| • તિરેનકુમાર પ્રવિણભાઈ લાડોલા | વાવ, જિ.વાવ-થરાદ | ધરણીધર, જિ.વાવ-થરાદ | સ્વ વિનંતી |
| • ગૌતમકુમાર પ્રભુલાલ ભીમાણી | પડધરી, જિ.રાજકોટ | ટંકારા, જિ.મોરબી | સ્વ વિનંતી |
| • ગીતાબેન ધીરૂભાઈ શીરોયા | વઢવાણ, જિ.સુરેન્દ્રનગર | પડધરી, જિ.રાજકોટ | સ્વ વિનંતી |
| • આરીસ ઈબ્રાહિમ શેખ | ભેંસાણ, જિ.જુનાગઢ | સાવલી, જિ.વડોદરા | સ્વ વિનંતી |
| • વૈશાલી કૃષ્ણકાન્ત રાવ | વાલીયા, જિ.ભરૂચ | વાગરા, જિ.ભરૂચ | સ્વ વિનંતી |
| • દિક્ષીતકુમાર વી. ઠક્કર | નખત્રાણા, જિ.કચ્છ | ભુજ, જિ.કચ્છ | સ્વ વિનંતી |
| • વંદનાબેન એમ. દેસાઈ | સુઈગામ, જિ.વાવ-થરાદ | વિકાસ ચીટનીશ, જિ.નર્મદા | સ્વ વિનંતી |
| • મહેશકુમાર સવજીભાઈ શિરોયા | બાબરા, જિ.અમરેલી | બારડોલી, જિ.સુરત | સ્વ વિનંતી |
| • ઉમેદકુમાર ચતુરભાઈ સોલંકી | મોરવા-હડફ, જિ.પંચમહાલ | માતર, જિ.ખેડા | સ્વ વિનંતી |
| • સચિનકુમાર જી. પટેલ | કામરેજ, જિ.સુરત | દહેગામ, જિ.ગાંધીનગર | સ્વ વિનંતી |
| • પાર્થકુમાર કિરીટભાઈ પટેલ | શહેરા, જિ.પંચમહાલ | જાંબુઘોડા, જિ.પંચમહાલ | જાહેર હિત |
| • પીયુષકુમાર કાનજીભાઈ રાવત | ભાવનગર, જિ.ભાવનગર | લખતર, જિ.સુરેન્દ્રનગર | જાહેર હિત |
| • શ્વેતાબેન રાજેન્દ્રકુમાર ત્રિવેદી | લખતર, જિ.સુરેન્દ્રનગર | વઢવાણ, જિ.સુરેન્દ્રનગર | જાહેર હિત |
| • અનિલભાઈ આર. ત્રિવેદી | મુન્દ્રા, જિ.કચ્છ | સાંતલપુર, જિ.પાટણ | સ્વ વિનંતી |
| • સોનુ વિષ્ણુભાઈ શર્મા | સાંતલપુર, જિ.પાટણ | સોનગઢ, જિ.તાપી | જાહેર હિત |
| • વિભૂતિબહેન ધીરજકુમાર સેવક | મદદનીશ પ્રાયોજના અધિકારી, જિ.કચ્છ | અધિકારી, જિ.પંચમહાલ | સ્વ વિનંતી |
| • નવિનચંદ્ર લાખાભાઈ બેડીયાવદરા | ભાણવડ, જિ.દેવભૂમિ દ્વારકા | ખંભાળીયા, જિ.દેવભૂમિ દ્વારકા | સ્વ વિનંતી |
| • રાજેન્દ્રકુમાર જે. પરમાર | વાંસદા, જિ.નવસારી | ધરમપુર, જિ.વલસાડ | સ્વ વિનંતી |
| • કૃષ્ણપાલ ભૂપતભાઈ મકવાણા | ધરમપુર, જિ.વલસાડ | માંડવી, જિ.સુરત | જાહેર હિત |
| • ભાવનાબેન બી. રાણા | વિકાસ ચીટનીશ, જિ.પાટણ | અધિકારી, જિ.બનાસકાંઠા | સ્વ વિનંતી |
| • હિતેષ આર. વાઘેલા | વિકાસ ચીટનીશ, જિ.જુનાગઢ | જસદણ, જિ.રાજકોટ | સ્વ વિનંતી |
| • બેલાબેન વિક્રમભાઈ પટેલ | ચાણસ્મા, જિ.પાટણ | ખેરાલુ, જિ.મહેસાણા | સ્વ વિનંતી |
| • ભૌમિક ગિરિશકુમાર પટેલ | તિલકવાડા, જિ.નર્મદા | ઘોઘંબા, જિ.પંચમહાલ | સ્વ વિનંતી |
| • કલ્પેશકુમાર અમૃતલાલ ભાટીયા | ખેરાલુ, જિ.મહેસાણા | રાધનપુર, જિ.પાટણ | જાહેર હિત |
| • મનહરસિંહ વી. સોલંકી | સાયલા, જિ.સુરેન્દ્રનગર | પેટલાદ, જિ.આણંદ | જાહેર હિત |
| • જગદીશકુમાર અજયકુમાર સોની | ડેડીયાપાડા, જિ.નર્મદા | સાયલા, જિ.સુરેન્દ્રનગર | જાહેર હિત |
| • પટેલ નિધી રાજ | વિકાસ ચીટનીશ, જિ.સુરેન્દ્રનગર | જોટાણા, જિ.મહેસાણા | સ્વ વિનંતી |

# ફેબ્રુઆરીમાં જ ગરમીનો અહેસાસ...!

## 3 સિસ્ટમ સક્રિય હોવાથી વાદળછાયું વાતાવરણ રહેશે, 30થી 40 કિમીની ઝડપે પવન ફૂંકાશે

(એજન્સી) અમદાવાદ | તા.19

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગઈકાલે ઉત્તર ગુજરાતમાં માવઠાની આગાહી કરવામાં આવી હતી. ત્યારે શહેરના અનેક વિસ્તારોમાં મોડીરાત્રે વરસાદી ઝાપટા પડ્યા હતા અને ત્યારબાદ પવન ફૂંકવાનું શરૂ થયું હતું. જોકે આજે હવામાન વિભાગ દ્વારા માવઠાને લઈને કોઈ આગાહી કરવામાં આવી નથી. આગામી કેટલાક દિવસોમાં પવનની ગતિ આશરે 30થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. ત્યારબાદ આજથી 24 ફેબ્રુઆરી દરમિયાન રાજ્યમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેવાની સંભાવના છે.

અમદાવાદ સહિત રાજ્યભરમાં ફેબ્રુઆરી મહિનામાં જ ગરમીનો અહેસાસ શરૂ થઈ ગયો છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, આગામી 24 કલાક બાદ મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે.

અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન 34.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જ્યારે રાજ્યમાં સૌથી ઊંચું તાપમાન ડીસામાં 34.3 ડિગ્રી નોંધાયુ છે. રાજ્યમાં સૌથી ઓછું તાપમાન કેશોદમાં 13.5 ડિગ્રી નોંધાયું છે. ફેબ્રુઆરી મહિનામાં સામાન્ય કરતાં ઊંચુ તાપમાન નોંધાતા લોકોને વહેલી ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ઉત્તર ગુજરાત વિસ્તારમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ટ્રફ સક્રિય બન્યા છે. આ સિસ્ટમ સક્રિય થવાના કારણે તાપમાનમાં વધારો થઈ રહ્યો છે.



### કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેશે

રાજ્યમાં ફરી એકવાર કમોસમી માવઠાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓ માટે સામાન્યથી મધ્યમ માવઠાની આગાહી કરી છે. સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લામાં માવઠાની શક્યતા દર્શાવવામાં આવી હતી.

જેને પગલે અમદાવાદમાં પણ મોડી રાત્રે વરસાદી ઝાપટા પડ્યા હતા અને પવન ફૂંકાયા હતા. હવામાન વિભાગ મુજબ હાલમાં ત્રણ સિસ્ટમ સક્રિય બનતા વાતાવરણમાં ફેરફાર નોંધાઈ રહ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટરબન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ સક્રિય હોવાથી રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેશે. ઉત્તર પશ્ચિમના પવનોની ગતિ પણ સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. છેલ્લા 24 કલાકના તાપમાનની વાત કરીએ તો, અમદાવાદમાં 18.5, અમરેલીમાં 16.4, વડોદરામાં 19.4, ભાવનગરમાં 19.2, ભુજમાં 17.8 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

## ક્રિપ્ટો કરન્સીમાં રોકાણના નામે ઠગાઈ કરવામાં આવી




અમદાવાદ । બોપલમાં મોબાઈલ રિપેરિંગનું કામ કરતા યુવકને અજાણ્યા નંબર પરથી મેસેજ કરીને મહિલા ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાનું કહી વધુ નફો આપવાની લાલચ આપી હતી. યુવકે યુવતીના કહેવાથી ટુકડે-ટુકડે 5.56 લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. યુવકને નફા સાથેની વધુ રકમ બતાવી ઉપાડવી હોય તો ટેક્ષ ભરવાનું કહ્યું હતું. યુવકે તપાસ કરતા ફ્રોડ થયાની જાણ થતા બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ઘાટલોડીયામાં રહેતો શક્તિસિંહ ઠાકોર નામનો 34 વર્ષથી યુવક બોપલમાં મોબાઈલ રિપેરિંગનું કામ કરે છે. શક્તિસિંહને અજાણ્યા નંબરથી વ્હોટ્સએપ પર મેસેજ આવ્યો હતો, જેમાં ક્રિપ્ટો કરન્સીમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાનું જણાવ્યું હતું. જે બાદ આપેલી લિંક ઓપન કરીને શક્તિસિંહે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને રજીસ્ટ્રેશનની 9500 ફી ભરી હતી. અજાણ્યા નંબર પરથી માયા શર્મા નામની યુવતી શક્તિસિંહને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાનું કહેતા શક્તિસિંહે અલગ અલગ ટ્રાન્જેક્શન કરીને કુલ 5.56 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

આ રોકાણ કર્યા બાદ શક્તિસિંહને 12 લાખ રૂપિયા જમા થયેલા બતાવતા હતા. જે ઉપાડવા માટે 5.29 લાખ રૂપિયા ટેક્સ ભરવાનું કહ્યું. જેથી શક્તિસિંહે તપાસ કરી ત્યારે ફ્રોડ થયાની જાણ થઈ હતી. આ અંગે શકિતસિંહે બોપલ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

## ગાંધીનગરમાં ખાખીની ઈજ્જત દાવ પર...

### અમદાવાદના નિવૃત્ત DySPની ઘર-આંગણે પાર્ક કારના નવા ટાયરો કાઢી જુના ફીટ કરી તસ્કરો ફરાર, હવે પોલીસ પણ દોડતી થઈ



(એજન્સી) ગાંધીનગર | તા.19

પાટનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરતી આશ્ચર્યજનક ઘટના સામે આવી છે. હવે સામાન્ય જનતા તો ઠીક પણ ઉચ્ચ પોલીસ અધિકારીઓના વાહનો પણ સુરક્ષિત રહ્યા નથી. શહેરના સેક્ટર-2બી જેવા વીઆઈપી વિસ્તારમાં તસ્કરોએ એક નિવૃત્ત ડીવાયએસપીની કારને નિશાન બનાવી ટાયરોની ચોરી કરી જુના ફીટ કરી સેકટર 7 પોલીસને ખુલ્લો પડકાર ફેંક્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

ગાંધીનગરમાં તસ્કરો હવે પોલીસ અધિકારીઓના વાહનોને પણ નિશાન બનાવતા અચકાતા નથી. ગાંધીનગરના સેક્ટર 2બી વિસ્તારમાં રહેતા અને અમદાવાદ સીટી પોલીસમાંથી ડીવાયએસપી તરીકે નિવૃત્ત થયેલા એક ઉચ્ચ અધિકારીની કારમાંથી ત્રણ ટાયરોની ચોરી થયાની ઘટના સામે આવી છે. અજાણ્યા ચોર ઈસમોએ રાત્રિના અંધકારનો લાભ લઈ કારના અસલી ટાયરો કાઢી તેની જગ્યાએ જૂના ટાયરો લગાવી ચોરીને અંજામ આપતા પોલીસ પણ દોડતી થઈ ગઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ,સેક્ટર 2બી, પ્લોટ નંબર 285/2 માં રહેતા 58 વર્ષીય નિવૃત્ત ડીવાયએસપી અમૃતભાઈ મોહનભાઈ દેસાઈ 2025માં પોલીસ સેવામાંથી નિવૃત્ત થયા હતા.તેમની પાસે તેમના મિત્ર સુરેશભાઈ રબારીની માલિકીની સફેદ કલરની વેગનઆર કાર છે.

જેનો ઉપયોગ તેઓ પરિવાર સાથે અવરજવર માટે કરે છે. ગઈકાલે સાંજે 7 વાગ્યાના અરસામાં તેમણે કાર પોતાના ઘરની સામે આવેલા કોમન પ્લોટની ખુલ્લી જગ્યામાં પાર્ક કરી હતી. બાદમાં રાત્રે પરિવાર સહિતના સભ્યો જમી પરવારીને સૂઈ ગયા હતા. આજરોજ સવારે અમૃતભાઈ ઘરની બહાર નીકળ્યા ત્યારે તેમણે જોયું કે, કારનું પાછળની ડાબી બાજુનું ટાયર ગાયબ હતું. આથી તેમણે વધુ તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે તસ્કરોએ કારના આગળના બંને ઓરીજનલ ટાયરો કાઢી લઈ તેની જગ્યાએ જૂના ટાયરો સ્ટેફની સાથે લગાવી દીધા હતા. આ અંગે તેમણે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરાવતા પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદ-માળિયા હાઈવે પર કોબીજની આડમાં લઈ જવાતો દારૂનો મોટો જથ્થો ઝડપાયો

(એજન્સી) અમદાવાદ | તા.19

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે બુટલેગરો દ્વારા દારૂની હેરાફેરી માટે અવનવા કીમિયા અજમાવવામાં આવી રહ્યા છે. અમદાવાદ-માળિયા હાઈવે પરથી પોલીસે એક શંકાસ્પદ ટ્રકને અટકાવી તપાસ કરતા તેમાંથી લાખોની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો છે.

પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે અમદાવાદ-માળિયા હાઈવે પર વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન એક ટ્રકને અટકાવી તેની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. બુટલેગરોએ પોલીસની નજરમાંથી બચવા માટે ટ્રકની ઉપરના ભાગે કોબીજના કોથળા ભરી દીધા હતા. અંદરના ભાગે ભૂસા નાખીને દારૂની પેટીઓ છુપાવી હતી.

પોલીસે ટ્રકમાંથી શાકભાજી અને ભૂસું હટાવીને તપાસ કરતા વિદેશી દારૂની પેટીઓનો ખડકલો જોવા મળ્યો હતો. ગણતરીના અંતે કુલ 23,664 નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. કુલ મળીને 62 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પોલીસે આ મામલે ટ્રકચાલકની ઘટનાસ્થળેથી જ ધરપકડ કરી લીધી છે.

આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ રેકેટમાં અન્ય કેટલા મોટા માથાઓ સામેલ છે તેની પૂછપરછ પણ હાથ ધરવામાં આવી છે.

## આવકના પ્રમાણપત્રની પ્રક્રિયામાં મોટો ફેરફાર

### જિલ્લા કલેક્ટર કચેરીમાં જ અરજી, સ્વ-ઘોષણાપત્ર ફરજિયાત, હવેથી ઓનલાઇન મળશે

અમદાવાદ | રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આવકના પ્રમાણપત્ર (Income Certificate) મેળવવાની પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે. 18 ફેબ્રુઆરી 2026ના રોજ બહાર પાડવામાં આવેલા હુકમ અનુસાર હવે આવકનું પ્રમાણપત્ર મેળવવા માટે નવી સરળ અને પારદર્શક પદ્ધતિ અમલમાં મૂકવામાં આવશે. હાલ સુધી વિવિધ સત્તાધિકારીઓ મારફતે આપવામાં આવતા આવકના દાખલાની પ્રક્રિયામાં એકરૂપતા લાવવા અને અરજદારોને અનાવશ્યક દોડધામથી મુક્ત કરવા માટે આ સુધારા કરવામાં આવ્યા હોવાનું વિભાગે સ્પષ્ટ કર્યું છે.

નવા નિયમ મુજબ શહેર વિસ્તાર માટે મામલતદાર અને ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારીને સત્તા આપવામાં આવી છે, પરંતુ સમગ્ર પ્રક્રિયા જિલ્લા કલેક્ટર કચેરીના માર્ગદર્શન હેઠળ રહેશે. અરજદારે નિયત ફોર્મમાં અરજી સાથે જરૂરી દસ્તાવેજો જોડવાના રહેશે.

આવકનું પ્રમાણપત્ર મેળવવા માટે અરજદારે હવે સ્વ-ઘોષણાપત્ર આપવાનું રહેશે. ખોટી માહિતી આપવાના કિસ્સામાં કાયદેસરની કાર્યવાહી કરવાની જોગવાઈ પણ સ્પષ્ટ કરવામાં આવી છે.

નવા પરિપત્ર અનુસાર આવકના પ્રમાણપત્રની માન્યતા સમયગાળા અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. અગાઉની ગૂંચવણ દૂર કરીને હવે પ્રમાણપત્ર કેટલા સમય સુધી માન્ય રહેશે તેની નોંધ સ્પષ્ટ શબ્દોમાં કરવામાં આવશે.

ડિજિટલ ગુજરાત પોર્ટલ તથા સિંગલ સાઈન-ઓન (SSO) સિસ્ટમ સાથે આવકના પ્રમાણપત્રની સેવા જોડવાની દિશામાં પણ સરકાર આગળ વધી રહી છે. ઓનલાઈન વ્યવસ્થા સંપૂર્ણ અમલમાં આવે ત્યાં સુધી હાલની પ્રક્રિયા ચાલુ રહેશે. વિભાગના અધિકારીઓ મુજબ આ સુધારાથી ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગને સરકારી યોજનાઓનો લાભ લેવા માટે આવકનું પ્રમાણપત્ર સરળતાથી પ્રાપ્ત થશે અને પ્રક્રિયામાં પારદર્શિતા વધશે.

## અમદાવાદના દસક્રોઈના ટીંબામાં પ્લાસ્ટિક ફેક્ટરીમાં ભીષણ આગ



અમદાવાદના દસક્રોઈ જિલ્લાના ટીંબા ગામેથી એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. અહીં એક પ્લાસ્ટિક ફેક્ટરીમાં ભીષણ આગ લાગી ગઈ હતી. જેને ઓલવવા માટે ફાયરબ્રિગેડના 15 વાહનો ઘટનાસ્થળે ધસી આવ્યા હતા અને ભારે જહેમત બાદ આગ કાબૂમાં લીધી હતી. સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નહોતી.

માહિતી અનુસાર યુનાઈટેડ પોલીફેબ ગુજરાત લિમિટેડ નામની કંપનીના સ્પિનિંગ ખાતામાં આ આગ લાગી હતી. આગની ઘટના મોડી રાતે લગભગ બે વાગ્યાની આસપાસ બની હતી જેના પગલે અફરાતફરી મચી ગઈ હતી.

# જાહેરમાં કન્સ્ટ્રક્શન વેસ્ટ નાખતા વાહનો જપ્ત કરવામાં આવ્યાં

## રાહદારીઓના અકસ્માતના સ્થળોનો સર્વે કરવા સૂચના, હવાનું પ્રદૂષણ રોકવા ડિમોલેશનની જગ્યાએ પણ ગ્રીન નેટ લગાવો




અમદાવાદ | શહેરમાં હવા પ્રદુષણ વધી રહ્યું છે અને જાહેર રોડ ઉપર તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્લોટમાં કન્સ્ટ્રક્શન વેસ્ટ નાખતા હોય છે. જેના કારણે ગંદકી ફેલાય છે. પશ્ચિમ ઝોનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરના નારણપુરા, ચાંદખેડા, રાણીપ સહિતના વિસ્તારોમાંથી જાહેર રોડ પર કન્સ્ટ્રક્શન વેસ્ટ નાખનાર ચાર જેટલા વાહનોને જપ્ત કરવામાં આવ્યા છે.

શહેરમાં વધતાં અકસ્માતોને ધ્યાનમાં રાખી રાહદારીઓના અકસ્માતમાં મૃત્યુ વધારે થાય છે એવા સ્થળોનો સર્વે કરવા માટેની સૂચના મ્યુનિસિપલ કમિશનર દ્વારા રીવ્યુ બેઠકમાં અધિકારીઓને આપવામાં આવી હતી. વધતા જતા હવા પ્રદુષણને રોકવા માટે ગુડ કન્સ્ટ્રક્શન પોલિસીનો અમલ કરાવવા માટે કહ્યું હતું. જેની સાથે ડિમોલિશન માટેની ચોક્કસ પોલિસીનો અભાવ છે. જ્યાં બાંધકામ તોડવામાં આવતું હોય ત્યાં પણ ગ્રીન નેટ તેમજ સેન્સર લગાવવા સહિતની બાબતોમાં પણ ચોક્કસ નીતિ તૈયાર કરવા સુચના આપવામાં આવી છે.

શહેરમાં મીશન મીલીયન ટ્રી હેઠળ લાખો વૃક્ષો વાવવામાં આવે છે પરંતુ, તે માત્ર ચોક્કસ જગ્યામાં કે શહેરના છેવાડાના વિસ્તારોમાં ખાલી જગ્યાઓમાં લાગી રહ્યા છે પરંતુ, તેનો લાભ કોટ વિસ્તારમાં મળતો નથી. શહેરના અંદરના વિસ્તારોમાં ફુટપાથ પર પેવર બ્લોક ઓછા લગાવીને તેને સ્થાને વૃક્ષો લગાવો. જેનાથી હરિયાળી રહેશે અને શહેરના નાગરિકોને પણ રાહત મળશે.

સીએનડી પ્લોટ પર સીસીટીવી કેમ માત્ર 4 જ કેમેરા લાગ્યા છે તે બાબતે પણ અધિકારીઓને પૂછવામાં આવ્યું હતું. હેરિટેજ અને ટુરીઝમને લઈને પણ ચર્ચા કરવામાં આવી હતી જેમાં ભદ્ર વિસ્તારના લાઈટ સાઉન્ડ બાબતે ચર્ચા થઈ હતી તેમજ 12 દરવાજાને હેરીટેજ ગેટઅપ આપવામાં આવશે. સ્માર્ટ ટોઈલેટના નડતરરૂપ પ્રશ્નો દૂર કરો, સી ટોઈલેટ (મહિલાઓ માટે) ટોઈલેટ બનાવવા પણ સુચના આપી હતી.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...